Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં ૯, દફ્ટોમાળ, સરદાર પટેલ ભવન, ગાંધીનગર, ૩જી જાન્યુઆરી, ૧૯૯૬

વંચાણમાં લીધું : (૧) રાજ્ય ચૂંટણીપંચના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સંચલ-મતપેટી-૯૪ તા ૨૦-૧૦-૯૪

(૨) રાજ્ય ચૂંટણીપંચના આદેશ ક્રમાંક રાચપ-ચટણ-સચલ-મતપેટી-૯૪ તા. ૧૫-૧૨-૯૪

વિષય: નગરપાલિકા/નગરપંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી મતદાન માટે મતપેટી નક્કી કરવા બાબત

આદેશ

ક્રમાંક : રાચપ-ચટણ-સચલ-ન.પા.-મતપેટી-૯૬ — ગુજરાત નગરપાલિકા(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ ૨૬ અન્વયે રાજ્ય ચૂંટણી પંચ તરફથી રાજ્યની નગરપાલિકા/નગરપંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી માટે ગુજરાત રાજ્યની લોકસભા/વિધાનસભાની ચૂંટણીમાં મતદાન માટે ઉપયોગમાં લેવા માટે જુદી જુદી સાઈઝની મતપેટીઓ ભારતના ચૂંટણી પંચ તરફથી નક્કી કરેલ તેનો ઉપયોગ કરવા આમુખ ૧માં જણાવેલ તા ૨૦-૧૦-૯૪નો આદેશ કરવામાં આવેલ છે.

(૨) સને ૧૯૯૪ના ડીસેમ્બર માસમાં રાજ્યની ૫૪ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ ત્યારે મતદાન માટે વિધાનસભાની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાતી જુદી જુદી સાઈઝની મતપેટીઓ ભારતના ચૂંટણી પંચ તરફથી લોન ઉપર આપવામાં આવેલ નહી જેથી આમુખ ૨ માં જણાવેલ તા ૧૫-૧૨-૯૪ના આદેશથી નગરપાલિકાની ચૂંટણી માટે ભૂતકાળમાં ઉપયોગમાં લેવાયેલ મતપેટીઓ ઉપયોગમાં લેવા અને ખુટતી મતપેટીઓ સ્થાનિક રીતે તૈયાર કરાવવા અને સ્થાનિક રીતે તૈયાર થઇ રહે તેમ ન હોય તેવા સંજોગોમાં રાજ્યની મહાનગરપાલિકાઓની મતપેટીઓ ઉપયોગમાં લેવા રાજ્ય ચૂંટણી પંચ તરફથી નક્કી કરેલ અને તે અનુસાર રાજ્યની નગરપાલિકાઓની તથા મહાનગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓમાં મહાનગરપાલિકાઓની તેમજ નગરપાલિકાઓની પોતાની મતપેટીઓ ઉપયોગમાં લેવાયેલ હતી.

(૩) ભારતના ચૂંટણી પંચ તરફથી લોકસભા/વિધાનસભાની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાતી જુદી જુદી સાઈઝની મતપેટીઓની ડીઝાઈન નક્કી કરેલ છે તે મતપેટીઓ નગરપાલિકા/નગરપંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવા માટે ભારતના ચૂંટણી પંચની પૂર્વ-મંજુરી મેળવવાની રહે છે. આ મંજૂરી મેળવવામાં કેટલોક સમય વ્યતિત થતો હોય છે અને ચૂંટણીની તારીખ સુધીમાં મંજૂરી ન મળે ત્યારે

વિધાનસભાની મતપેટીઓનો ઉપયોગ કરી શકાય નહી તેથી ભારતના ચૂંટણીપંચની મંજૂરી મળ્યાબાદ વિધાનસભાની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાતી જુદી જુદી સાઈઝની મતપેટીઓ નગરપાલિકા/નગરપંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવાનું. રાજ્ય ચૂંટણી પંચ તરફથી નક્કી કરવામાં ન આવે ત્યારે નીચે જણાવ્યા મુજબની મતપેટીઓ નગરપાલિકા/નગર પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવાની રહેશે.

(૪) ગુજરાત નગરપાલિકા(ની ચૂંટણી કરવા) બાબતના નિયમ ૧૯૯૪ના નિયમ ૨૬થી પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણીપંચ રાજ્યની નગરપાલિકા/નગરપંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવાનો તબક્કાવાર કાર્યક્રમ જાહેર કરતી નોટીસ બહાર પાડે ત્યારે નગર-પાલિકા/, નગરપંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીના મતદાન માટે નરપાલિકા/નગરપંચાયતો તરફથી અગાઉની ચૂંટણી માટે તૈયાર કરાવવામાં આવેલ અને ઉપયોગમાં લીધેલ પોતાની મતપેટીઓનો ઉપયોગ કરવાનો રાજ્ય ચૂંટણી પંચ આદેશ કરે છે.

(૧) જિલ્લાની જે નગરપાલિકા/નગરપંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજવામાં આવતી ન હોય ત્યારે નગરપાલિકા/નગરપંચાયતની પોતાની મતપેટીઓ ઉપયોગમાં લઈ શકાય તેમ હોય ત્યારે તે નગરપાલિકા/નગરપંચાયતની મતપેટીઓ ઉપયોગમાં લેવાની રહેશે.

(૨) જિલ્લાની જે નગરપાલિકા/નગરપંચાયતની સામાન્ય/પેટા ચૂંટણી યોજવામાં આવતી હોય તે નગરપાલિકા/નગરપંચાયત પાસે પોતાની મતપેટીઓ ઉપલબ્ધ ન હોય ત્યારે નગરપાલિકા/નગરપંચાયત પાસે મતપેટીઓ સ્થાનિક રીતે તૈયાર કરાવવાની અગર ખરીદ કરાવવાની કાર્યવાહી જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીઓએ કરાવવાની રહેશે.

(૩) નગરપાલિકા/નગરપંચાયતોની મતપેટીઓને તાળાં લગાવવાનાં રહેશે જેથી મતપેટીને જ્યાં જ્યાં તાળાં મારવાનાં હોય તેની ખાત્રી કરી મતપેટીઓની સંખ્યાના પ્રમાણમાં તાળાં ખરીદ કરવાની તથા મતદાન માટે આપવાની સામગ્રી સમયે મતપેટીઓ જેટલાં તાળાં મારવાનાં હોય તેટલાં તાળાં મતદાન મથકના પ્રમુખ અધિકારીને આપવાની વ્યવસ્થા ગોઠવવાની કાર્યવાહી જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીને કલેક્ટરશ્રીઓએ કરવાની રહેશે.

(૪) નગરપાલિકા/નગરપંચાયતો તરફથી તૈયાર કરેલી મતપેટીઓનો ઉપયોગ કરવાનો હોય ત્યારે રાજ્ય ચૂંટણી પંચ તરફથી ફાળવવામાં આવેલ પેપરસીલોનો ઉપયોગ કરવાનો નથી અને તેથી મતદાન મથકના પ્રમુખ અધિકારીઓને પેપરસીલ આપવાનાં નથી તેની ખાસ નોંધ રાખવા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીઓ અને કલેક્ટરશ્રીઓએ સબંધકર્તા ચૂંટણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ સુચના આપવાની રહેશે.

(૫) નગરપાલિકા/નગરપંચાયતોની મતપેટીઓનો ઉપયોગ કરવાનો હોય ત્યારે મતદાન મથકોએ મતદાન શરૂ થતાં પહેલાં મતપેટીઓ તૈયાર કરી તાળુ મારવામાં આવે ત્યારે તાળાની ચાવી સુરક્ષિત રહે તે માટે તાળુ તથા ચાવી સાથે રાખી તે તાળાને કપડાથી બાંધી/સીવી તેના ઉપર મતદાન મથકના પ્રમુખ અધિકારીએ રાજ્ય ચૂંટણી પંચનું પિતળનું સીલ લગાડવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે. તેવી રીતે મતદાન પુરુ થયાબાદ મતપત્ર નાંખવા માટેની જગ્યા/તિરાડને બંધ કરવા અને તે જગાએ રાજ્ય ચૂંટણી પંચનું સીલ કરવા રાજ્ય ચૂંટણીપંચ નક્કી કરે છે કોઈક વખત પેટી ઉપર લોખંડની પટ્ટી લગાવી તાળુ મારવાની વ્યવસ્થા હોય છે. આવી પેટીઓને તાળુ મારવું. આ તાળાની ચાવી સુરક્ષિત રહે તે માટે તાળું તથા તેની ચાવી સાથે રાખી કપડાથી બાંધી/સીવી તેના ઉપર મતદાન મથકના પ્રમુખ અધિકારીએ રાજ્ય ચૂંટણી પંચનું પીત્તળનું સીલ લગાડવાનુ રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

(૫) આ આદેશ અમલમાં આવતાં રાજ્ય ચૂંટણી પંચનો આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સચલ-મત પટી-૯૪ તા. ૨૦-૧૦-૯૪નો અમલમાં રહેશે નહીં તેની ખાસ નોંધ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીઓ રાખવાની છે.

આદેશથી.........

યો. જે. દીક્ષિત,

સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ-ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 10

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] TUESDAY, JANUARY 9, 1996/PAUSA 19, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

GUJARAT STATE FINANCIAL CORPORATION

Notice

Reference is invited to the notice published in the daily news paper "The Times of India" dtd. 6th December, 1995 about election of one Director by the shareholders concerned, to represent Scheduled Banks referred to in Clause (c) of Sub-section (3), of section-4 of the SFCs Act 1951, for the unexpired portion of the term upto July, 1997. The election was to be held on 29th December, 1995 at 12-00 noon at the Head Office of the Corporation.

Since no nomination has been received upto last date of filling nomination *i.e.* 14th December, 1995, 6-10 P.M. it has been decided to cancel the said Special General Meeting on 29th December, 1995 at 12-00 noon.

All shareholders are kindly requested to take note of the same.

P. N. ROY CHOWDHURY,
MANAGING DIRECTOR.

GUJARAT STATE FINANCIAL CORPORATION
Jaldarshan Building, Ashram Road,
Ahmedabad-380 009.

Dated 15th December, 1995.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 11

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JANUARY 11, 1996/PAUSA 21 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૬.

જેતપુર--નવાગઢ નગરપાલિકાની ચુંટણી માટે જેતપુર--નવાગઢ શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના આખરી આદેશ

ક્રમાંક : સમક/૧૮૩૪/૯૫.--રાજ્ય ચુંટણી પંચના તા. ૧૧--૧૦--૯૫ના જાહેરનામા ક્રમાંક : સમક/૯૪ અન્વયે જેતપુર--નવાગઢ નગરપાલિકાની ચુંટણી માટે શહેરનાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના આદેશ જારી કરવામાં આવે છે. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેની સામે કોઈપણ વ્યકિતને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોયે તો સદરહુ આદેશ પ્રસિધ્ધ થયેથી દિવસ--૧૫માં રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા.

૨. જેતપુર--નવાગઢ નગરપાલિકાની ચુંટણી માટેના જેતપુર--નવાગઢ શહેરનાં વોર્ડોનાં સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનાં આદેશ અન્વયે જુદી જુદી વ્યકિતઓ તથા રાજકીય પક્ષો તરફથી સુચનો કરવામાં આવ્યા છે.

૩. આ ઉપરાંત, ૧૯૫૧ના લોકપ્રતિનિધિ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજ્ય ચુંટણી પંચે કરેલો છે.

૪. રાજ્ય ચુંટણી પંચને મળેલ સુચનાનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શને અંતે તે પરામર્શમાં થયેલ સૂચનોનો પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી અત્રેના તા. ૧૧--૧૦--૯૫નો મુસદ્દારૂપ આદેશમાં નીચે મુજબનો ફેરફાર કરી આખરી કરવા પંચે ઠરાવ્યું છે.--

INDEX

૫. મુસદ્દારૂપ આદેશમાં વોર્ડ નં. ૪માં પછાતવર્ગની જે બેઠક ફાળવી છે તે તેને બદલે વોર્ડ નં. ૮માં ફાળવવામાં આવે છે. તથા મુસદ્દારૂપ આદેશમાં નીચે પ્રમાણે ટાઈપભૂલ હતી તે નીચે પ્રમાણે સુધારો કરવામાં આવે છે:—

વોર્ડ નંબર	ટાઈપ ભૂલથી છપાયેલ વસ્તી	ખરેખર વોર્ડમાં આવતી વસ્તી (સુધારવા પાત્ર).
૧૦	૮૦૮૯	૭૭૯૯
૬૧	૮૭૯૭	૮૩૯૭

૬. આથી રાજ્ય ચુંટણી પંચ ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ઙ, ૨૪૩-૧.ક., તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં રાજ્ય સરકારે ગુજરાત નગરપાલિકા (સુધારા) અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૭ પેટા-કલમ ૨, ખંડ-૩, પેટા ખંડ-ઘ તથા ગુજરાત નગરપાલિકા (શહેરના વોર્ડોના સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) નિયમો, ૧૯૯૪ હેઠળની રૂએ જેતપુર-નવાગઢ શહેરનાં વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે. અને આ સાથે જોડેલ અનુસૂચિ નં. ૨માં દર્શાવ્યા પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચુંટણી પંચના આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગર.

જેતપુર-નવાગઢ નગરપાલિકા જિલ્લો : રાજકોટ.

ઈલેકશન વોર્ડનો લતાવાર વિસ્તાર તથા ઘર નંબર તથા હદનું વર્ણન.

નવીન વોર્ડ નંબર	લતાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબર થી ઘર નંબર.
૧	૨	૩	૪
૧	નવાગઢ ધાર તથા ધારશાળાથી કેનાલ સુધીનો વિસ્તાર.	૧૬૦	૧૧/૧૬૦/૩૦૪૭ થી ૧૧/૧૬૦/૩૧૬૮
	નવાગઢ ધારશાળાથી ઉત્તરે જેતપુરના સીમાડા સુધીનો વિસ્તાર	૧૬૧-	૧૧/૧૬૧/૩૧૬૯ થી ૧૧/૧૬/૧/૩૩૦૫
	નવાગઢ ધાર પ્રાથમિક શાળાથી કેનાલ સુધીના વચ્ચે આવતો વિસ્તાર.	૧૬૨	૧૧/૧૬૨/૩૩૦૬ થી ૧૧/૧૬૨/૩૩૮૭
	જગુતિપરા વિસ્તાર તથા સરધારપુર દરવાજાની ઉત્તર બાજુ ગઢની રાંગ અંદરનો વિસ્તાર	૧૪૭	૬/૧૪૭/૧૧૮૬ થી ૬/૧૪૭/૧૩૪૫
	સરધારપુર રોડ અને નેશનલ હાઈવે વચ્ચેનો ગઢની રાંગ સુધીનો ઉત્તર તરફનો વિસ્તાર.	૧૪૫	૬-૩/૧૪૫/૯૮૪ થી ૬-૩/૧૪૫/૧૦૯૧
	જગુતિપરા વિસ્તાર પવ્વાર પ્લોટ વિસ્તાર	૧૪૬	૬/૧૪૬/૧૦૯૨ થી ૬/૧૪૬/૧૧૮૫
	નેશનલ હાઈવે હનુમાન મંદિર કબીર વાસ પવ્વાર પ્લોટ, નાગરકુઈ, વિસ્તાર, રામજી મંદિર પાછળનો વિસ્તાર.	૧૪૩	૪-૬/૧૪૩/૮૬૨ થી ૪-૬/૧૪૩/૯૨૦.
	શ્રી રામ ફ્લેટથી ગઢની રાંગ સુધી તથા ૫૦ વાર પ્લોટ નાગર કુઈ, કણબી લાલજી મોહનવાળી શેરીવાળો વિસ્તાર	૧૪૪	૩-૬/૧૪૪/૪૯૧ થી ૩-૬/૧૪૪/૯૮૩.
	નેશનલ હાઈવેથી ઉત્તરે દિનેશ રુગનાથના મકાનથી ગઢની રાંગ સુધી પવ્વાર	૧૪૨	૬-૪/૧૪૨/૭૨૩ થી ૬-૪/૧૪૨/૮૧૧

INDEX

નવીન વોર્ડ નંબર	લતાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘરનંબર થી ઘર નંબર.
૧	૨	૩	૪
	નેશનલ હાઈવે દ્વારકેશ ડાઈંગથી ઉત્તરે સ્વામી નારાયણ ગુરૂકુળ સુધી તથા રામજી મંદિર વાળી શેરીનો દક્ષિણ વિસ્તાર	૧૪૧	૬--૪/૧૪૧/૬૩૭ થી ૬--૪/૧૪૧/૭૨૬
	નેશનલ હાઈવે ચોકથી ઉત્તરે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રબારીકા દરવાજા સુધી ગઢની રાંગ સુધીનો વિસ્તાર ૫૦ વાર પ્લોટ વિસ્તાર ત્યાંથી દક્ષિણે સ્વામી નારાયણ શેરીમાં નેશનલ હાઈવે રાજુભાઈ નાગજીભાઈના ઘર સુધીનો વિસ્તાર.	૧૪૦	૫--૪/૧૪૦/૪૫૧ થી ૫--૪/૧૪૦/૬૩૬
	ગઢની રાંગ બહાર ખોડીયાર ધારથી ઉત્તર તરફ ગઢની રાંગથી સરધારપુર રોડ વચ્ચેનો વિસ્તાર.	૧૫૬	૧૨/૧૫૬/૨૩૮૩ થી ૧૨/૧૫૬/૨૪૯૭.
	મસ્જીદધાર તથા કેનાલની પશ્ચિમે ધારની પેશ કદની વાળો પ્રેમગઢ હરિજનવાસ.	૧૫૭	૧૨/૧૫૭/૨૪૯૮ થી ૧૨/૧૫૭/૨૭૩૧.

હદનું વર્ણન:

નેશનલ હાઈવે ૮ (બ) ની ઉત્તરે નવાગઢના સર્વે નં. ૮૦ના પશ્ચિમ શેઢે થઈ સર્વે નં. ૮૧, ૮૨, ૫૩ ના પશ્ચિમ શેઢે થઈ સર્વે નં. ૧૫૭/૧ના પશ્ચિમ શેઢે થઈ સર્વે નં. ૧૫૭ના ઉત્તર પશ્ચિમ ખુણેથી ઉત્તર શેઢા ઉપર પુર્વ તરફ ચાલતાં સર્વે નં. ૧૫૩, ૫૨, ૫૧ના ઉત્તર શેઢાથી પશ્ચિમે સર્વે ૫૦ના પશ્ચિમ શેઢા ઉપર ઉત્તર તરફ ચાલી સર્વે ૫૦ ના ઉત્તર પુર્વ ખુણાથી સર્વે નં. ૪૭ના ઉત્તર શેઢે થી પુર્વ તરફ ચાલી સર્વે નં. ૪૬ના ઉત્તર શેઢે આવી, સર્વે નં. ૪૪ કે જે, નવાગઢની ધાર તરીકે ઓળખાય છે. તે લઈ પશ્ચિમ શેઢેથી ઉત્તર તરફ ચાલી સર્વે નં. ૪૨ તથા ૩૭ના પશ્ચિમ શેઢાથી સર્વે નં. ૩૬ના પશ્ચિમ શેઢા ઉપર ઉત્તર તરફ આવી સર્વે નં. ૩૬ના ઉત્તર પશ્ચિમ ખુણેથી ઉત્તરપુર્વ તરફ ચાલી, સરધારપુરની સડક ઓળંગી, સર્વે નં. ૧૬૮ના ઉત્તર શેઢાથી પુર્વ તરફ આવી. સર્વે નં. ૩૫ના શેઢા થી સર્વે નં. ૩૧ના પશ્ચિમ શેઢે આવી ઉત્તર તરફ સર્વે નં. ૩૦ના ખુણાથી સર્વે નં. ૩૦ના ઉત્તર તરફના શેઢે આવી આજુબાજુ ચાલતાં સર્વે નં. ૨૯, ૧૫૬ ૧૫૫, ૧૫૪, ૨૬ ૨૫, ૨૩ના ઉત્તર તરફના શેઢે આવી સર્વે નં. ૬, ૧૦ના ઉત્તર શેઢે થઈ સર્વે નં. ૫ના પશ્ચિમ ઉત્તર શેઢે થઈ ઉત્તર તરફ ચાલતાં પૂર્વે નં. ૬ના પૂર્વ શેઢેથી પુર્વ તરફ ચાલતાં ભાદર નદીનાં કાંઠા સુધી સર્વે નં. ૬ના પુર્વ ખુણેથી પુર્વ તરફના શેઢે ભાદર કાંઠે સર્વે નં. ૫--૨ની પૂર્વ શેઢા દક્ષિણ તરફ ચાલી ભાદર કાંઠાથી ગઢની રાંગના ઉત્તર તરફના ખુણાએ આવી, ગઢની રાંગે પશ્ચિમે ચાલતાં રબારીકા દરવાજા એ આવી ત્યાંથી દક્ષિણ તરફ દરવાજામાં આવી રોડે રોડે નેશનલ હાઈવે આવી ત્યાંથી પશ્ચિમ તરફ સરધારપુર દરવાજા તરફ નેશનલ હાઈવે સર્વે નં. ૪૧, ૪૫,૪૮,૮૫,૮૦,૮૮,૮૧/૧૮૬/૧,૮૫/૧, ૮૦/૧ના ખુણા સુધી ઉત્તરે ચાલતાં ૮--બ સુધીમાં આવતો જમણા હાથ તરફનો. વિસ્તાર......

૨	ચાંદની ચોક, રાધાકૃષ્ણ ડાઈંગ, જ્યુબીલી ડાઈંગ, જ્યુપીટર ડાઈંગ, હરીભાઈ જોગીની આસપાસનો વિસ્તાર સંડાસના બ્લોકવાળો વિસ્તાર શંકરની ડેરી, રામજી મંદિર રોડ, ફુલવાડી શેરી, નં. ૧,૨,૩ વાળો વિસ્તાર	૯૭	૧૦/૯૭/૧ થી ૧૦/૯૭/૯૫.
	ફુલવાડી રામજી મંદિર ઢેઢીના ડેલાની સામે શેરી નં. ૪, ૫, ૬, ૭, ૮, વાળો વિસ્તાર.	૯૮	૧૦/૯૮/૯૬ થી ૧૦/૯૮/૧૬૭.
	રામજી મંદિર રોડનો પશ્ચિમ ભાગ વોંકળી કાંઠો, ઘેટાવાળા પ્લોટ રોડ સુધી, રામજી મંદિર રોડ પુર્વ તરફ આરતી ડાઈંગ, ગુંદાવાળા પ્લોટ ફુલવાડી વિસ્તાર કૌશર પીરની દરગાહનો વિસ્તાર.	૯૯	૧૦/૯૯/૧૬૮ થી ૧૦/૯૯/૨૮૯
	ફુલવાડી શેરી ઈ-૧ થી ઈ-૭ તથા એફ ૫, ૬, ૭ વાળો વિસ્તાર	૧૦૦	૧૦/૧૦૦/૨૯૦ થી ૧૦/૧૦૦/૩૫૧
	બ્રહમ ક્ષત્રિય જ્ઞાતિની વાડી સામે ફુલવાડી શેરી એફ ૧ થી ૬ તથા જી શેરી ૧ થી ૬ એચ. શેરી ૧ થી ૮નો વિસ્તાર.	૧૦૧	૧૦/૧૦૧/૩૫૨ થી ૧૦/૧૦૧/૪૧૩.

INDEX

નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબર થી ઘર નંબર
૧	૨	૩	૪
	ભાદર રોડ, કુંભારવાડા એસ. એન. પટેલ કોમ્પ્લેક્ષ, હનુમાન મંદિર, ફૂલવાડી શેરી આઈ-૧ થી ૪ તથા જે-શેરી ૧ થી ૪ તથા કે શેરી ૧ થી ૪.	૧૦૨	૧૦/૧૦૨/૪૧૪ થી ૧૦/૧૦૨/૪૯૧.
	સ્મશાન કબ્રસ્તાન રોડની પુર્વ શ્રી કૃષ્ણ દિગ્વીજય ડાઈંગ કોઝવે સુધી તથા કૌશર અલી પીરની દરગાહ પાસે બાળ સ્મશાન વોંકળી સુધી તથા ભાદરના સામા કાંઠે કોઝવે ઉપર કોઝવેની પશ્ચિમનો ભાગ	૧૦૩	૧૦/૧૦૩/૪૯૨ થી ૧૦/૧૦૩/૫૯૩.
	કોઝવે રોડની પશ્ચિમ તરફનો ભાદરના સામા કાંઠા ગંદાપાણીના પંપ હાઉસ સુધીનો વિસ્તાર.	૧૦૪	૧૦/૧૦૪/૫૯૪ થી ૧૦/૧૦૪/૬૯૧
	ભાદરના સામાકાંઠે મનુભાઈ નગરવાળો પંપ હાઉસની ઉત્તર તરફનો ભાદર પુલ પાસેનો વિસ્તાર.	૧૦૫	૧૦/૧૦૫/૬૯૨ થી ૧૦/૧૦૫/૭૭૩
	ભાદર કોઝવે રોડની ઉત્તર તરફ હનુમાન મંદિરનો ભાદરના પુલ સુધીનો વિસ્તાર.	૧૦૬	૧૦/૧૦૬/૭૭૪ થી ૧૦/૧૦૬/૮૪૦
	ભાદર કોઝવે રોડની ઉત્તર તરફ ખોડીયાર મંદિર વાળો રેલ્વે લાઈન સુધીનો મનુભાઈ નગરનો વિસ્તાર.	૧૦૭	૧૦/૧૦૭/૮૪૧ થી ૧૦/૧૦૭/૯૨૯
	ભાદર કોઝવે રોડની ઉત્તર તરફનો નિશાળવાળો મેદાનની આજુ-બાજુ નો વિસ્તાર.	૧૦૮	૧૦/૧૦૮/૯૩૦ થી ૧૦/૧૦૮/૧૦૨૦.
	મનુભાઈ નગર રામાપીરની આસપાસનો રેલ્વે ફાટક સુધી હંસરાજ-નગર દિલીપડાઈંગ વાળા રોડની સાઈડનો સામા કાંઠાનો વિસ્તાર	૧૦૯	૧૦/૧૦૯/૧૦૨૧ થી ૧૦/૧૦૯/૧૧૩૧.
	ભાદરનો સામા કાંઠે તથા પુલની વચ્ચે તથા કેરાળેશ્વર રોડવાળો વિસ્તાર.	૧૩૫	૦/૧૩૫/૧ થી ૦/૧૩૫/૨૧૪

હદનું વર્ણન.

ફૂલવાડી ચાંદની ચોક રાધાકૃષ્ણ ડાંઈગના મકાનેથી ઉત્તર તરફ નવાગઢ રેલ્વે સ્ટેશન રોડ. ઉપર ચાલતાં, સીધા ચુનાની ભઠ્ઠીએ આવી એસ.એન. પટેલનો કારખાનાના ખુણે આવી, વોંકળીનાં પુર્વ તરફ ચાલતાં હિન્દુ સ્મશાનના ખુણે આવી ત્યાંથી ભાદર નદીના પુર્વ તરફ ચાલતાં નદી ઓળંગી સામા કાંઠે જઈ ભાદરના સામા કાંઠે ઉત્તર તરફ રેલ્વે પુલે આવી રેલ્વે લાઈન ક્રોસ કરી ભાદર નદીનાં પુર્વ કાંઠે ચાલતાં સર્વે નં. ૮૫૩,૮૫૪,૮૫૫,૮૫૬,૮૫૭ના ભાદર કાંઠે પશ્ચિમ શેઢે આવી ત્યાંથી પુર્વ તરફ સર્વે નં. ૮૬૨ ના ઉત્તર શેઢે આવી સર્વે નં. ૮૬૧, ૮૨૫, ૮૨૬ના ઉત્તર શેઢે આવી દક્ષિણ તરફ ચાલતાં સર્વે નં. ૮૨૭ના ઉત્તર શેઢે આવી સર્વે નં. ૮૨૭ના પુર્વ શેઢે દક્ષિણ તરફ ચાલતાં સર્વે નં. ૮૨૮, ૮૨૯, ૮૩૦, ૮૩૧ ના પુર્વ શેઢે દક્ષિણ ખુણે આવી નેશનલ હાઈવે આવી હાઈવે ક્રોસ કરી સર્વે નં. ૮૦૫ના ઉત્તર શેઢે આવી સર્વે નં. ૮૦૬ના ઉત્તર શેઢે થઈ રેલ્વે લાઈને આવી રેલ્વે લાઈન ક્રોસ કરી રે. સ. નં. ૭૯૩ના ઉત્તર શેઢે આવી દક્ષિણ તરફ શેઢે શેઢે ચાલી સર્વે નં. ૭૯૨ના ઉત્તર શેઢે આવી સર્વે નં. ૭૯૧, ૭૯૦, ૭૮૯, ૭૮૮, ૭૮૭ના ઉત્તર શેઢે આવી ત્યાંથી ગાડા માર્ગે આવી પશ્ચિમ તરફ ગાડા માર્ગે ચાલી સર્વે નં. ૭૮૮ને દક્ષિણ શેઢે થઈ સર્વે નં. ૭૮૯, ૭૯૫, ૭૯૬ ના દક્ષિણ શેઢે આવી ગાડામાર્ગે ક્રોસ કરી સર્વે નં. ૮૦૧/૧ ના પુર્વ તરફ ખુણે આવી પુર્વ શેઢે ગાડા માર્ગે ચાલી સર્વે નં. ૮૦૨ના દક્ષિણ શેઢે આવી સર્વે નં. ૮૦૩ના પુર્વ શેઢે થઈ કોઝવે તરફ પશ્ચિમે હંસરાજ નગર લઈ કોઝવે ઉપર ચાલી દિગ્વિજય ડાઈંગ થઈ ભાદર રોડ ઉપર ચાલી ચાંદની ચોકમાં રાધાકૃષ્ણ ડાઈંગ પરત આવતાં જમણા હાથ તરફનો વિસ્તાર......

નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર.	બ્લોક નંબર	ઘર નંબરથી ઘર નંબર.
૧	૨	૩	૪
૩.	પંચાયત ઓફીસના દક્ષિણ ખુણાથી ઉતર તરફ નેશનલ હાઈવે ચોક સુધી વાણીયાવાડ ૩ માળ પ્રકાશ ડાઈંગ સૌરાષ્ટ્ર મીલ વિસ્તાર.	૧૩૭	૧/૧૩૭/૧ થી ૧/૧૩૭/૨૦૦
	સૌરાષ્ટ્ર મીલ નેશનલ હાઈવે સુધી તથા એટલાસ ડાઈંગ વિસ્તાર તથા વિવેકાનંદ સોસાયટી વિસ્તાર.	૧૩૮	૨/૧૩૮/૨૦ થી ૨/૧૩૮/૩૨૮
	વિવેકાનંદ સોસાયટી પ્રભુદાસ નેનુજીના મકાનથી પશ્ચિમ બાજુ ગઢની રાંગ અંદરનો વિસ્તાર તથા પશ્ચિમે મફતીયા પ્લોટ, સૌરાષ્ટ્ર મીલ સુધીનો વિસ્તાર.	૧૩૯	૨/૧૩૯/૩૨૯ થી ૨/૧૩૯/૪૫૦
	નેશનલ હાઈવેની દક્ષિણ બાજુ લક્ષ્મી નારાયણ સો મીલ તથા પૂર્વ બાજુ ગઢની રાંગ સુધી મસ્જીદ રોડ સરકારી ગોડાઉન ખાટકી વાસ વિસ્તાર.....	૧૫૧	૮/૧૫૧/૧૭૦૧ થી ૮/૧૫૧/૧૮૨૧
	નેશનલ હાઈવે ૪ રસ્તાથી દક્ષિણે લક્ષ્મી નારાયણ સો મીલ તરફ મસ્જીદ રોડ સ્ટેટ બેન્કના ખુણા સુધીનો જમણા હાથનો વિસ્તાર.	૧૫૨	૮/૧૫૨/૧૮૨૨ થી ૮/૧૫૨/૧૯૫૫
	ખાટકીવાડ ગેસ ગોડાઉન ગઢની રાંગ સામીયાના ડાઈંગ આજુબાજુનો વિસ્તાર.	૧૫૩	૮/૧૫૩/૧૯૫૬ થી ૮/૧૫૩/૨૧૦૧
	મસ્જીદ રોડ, ઓસમાણ આહનદના ઘર સુધી મસ્જીદ રોડ ઉપર મેઈન રોડ ઉપર પાયોનીયર ડાઈંગ સુધી તથા કાદરીભાઈના મકાનની આજુબાજુના વિસ્તાર.	૧૫૪	૯/૧૫૪/૨૧૦૨ થી ૯/૧૫૪/૨૨૫૩
	જેતપુર જવાના રસ્તે પૂર્વ બાજુ ભાદર નદીના કાંઠા દક્ષિણે રેલ્વેપાટા સુધી તથા જયશ્રી સોસાયટી વિસ્તાર તથા રામૈયા હનુમાન વિસ્તાર.	૧૫૫	૧૩-૯/૧૫૫/૨૨૫૪ થી ૧૩-૯/૧૫૪/૨૩૮૨
	દાસી જીવણપરા રેલ્વે ફાટક પટેલ બોર્ડિંગ ધરમવાડી, જી. ઈ. બી. સબ સ્ટેશન, પાંચ પીપળા રોડ જનતા નગર વિસ્તાર.	૧૫૯	૧૦-૧૨-૧૩/૧૫૯/૨૮૮૬ થી ૧૦-૧૨-૧૩/૧૫૯/૩૦૪૬
	સેન્ટ ફ્રાન્સીસ સ્કુલ, તેની પાછળ દરજી સોસાયટી, ગુજરાત હાઉસીંગ બોર્ડ વિસ્તાર તથા નવાગઢ સ્ટેશન વિસ્તાર	૧૫૮	૧૦-૨/૧૫૮/૨૭૩૨ થી ૧૦-૨/૧૫૮/૨૮૮૫
	નેશનલ હાઈવે ચોકથી પ્રાથમીક શાળા અને રબારીકા દરવાજા સુધી તથા પૂર્વ હરિજનવાસ વિસ્તાર...	૧૪૮	૭/૧૪૮/૧૩૪૬ થી ૭/૧૪૮/૧૪૬૯
	જુનો હરિજનવાસ વિસ્તાર......	૧૪૯	૭/૧૪૯/૧૪૭૦ થી ૭/૧૪૯/૧૫૭૨
	જુનો હરિજનવાસ કડીયા પ્લોટ ભાદર દરવાજા તરફ સુધી તથા ભાદર દરવાજાથી નીલેશ ડાઈંગ પાસેનો વિસ્તાર	૧૫૦	૭-૮/૧૫૦/૧૫૭૩ થી ૭-૮-૧૫૦/૧૭૦૦

હદનું વર્ણન.

નવાગઢના સર્વે નં. ૧૦૯ના પશ્ચિમ દક્ષિણ ખુણેથી નેશનલ હાઈવેથી ઉત્તર બાજુના ભાગે ઉત્તર તરફ ચાલતાં સર્વે નં. ૧૦૭ના ખુણે તથા સર્વે નં. ૧૦૪ થી ઉત્તરબાજુના ભાગે ઉત્તર તરફ ચાલતાં સર્વે નં. ૧૦૩, ૧૦૨, ૮૯, ૯૦, ૯૫, ૯૯, ૯૨, ૧૦ થી ઉત્તર તરફ ગઢની રાંગ અંદર થઈ નેશનલ હાઈવે પૂર્વ તરફ ચાલતાં ગઢની રાંગે તવક્કલ મકાનના ખુણે આવી ત્યાંથી ઉતર તરફ રોડની પૂર્વે ચાલતાં ઉતર તરફ ગઢની રાંગે આવી ગઢની રાંગ પૂર્વે ચાલતાં ભાદર કાંઠે આવી દક્ષિણ તરફ ભાદરના કાંઠે રામૈયા હનુમાન આવી ત્યાંથી

INDEX

નવીન વૉર્ડ નંબર.	લતાવાર વિસ્તાર.	બ્લોક નંબર.	ઘર નંબરથી ઘર નંબર.
૧	૨	૩	૪

રેલ્વે લાઈન ઓળંગી દક્ષિણ બાજુ ચાલતાં સર્વે નંબર ૧૫૦ના પૂર્વ દક્ષિણ ખુણેથી પશ્ચિમ દક્ષિણ બાજુ ચાલતાં જયશ્રી કૃષ્ણ સોસાયટી સર્વે નંબર ૧૪૫ પાટીદાર ડાઈંગ, સર્વે નં. ૧૪૪, ૧૪૩, ૧૪૨, ૧૪૧ ના દક્ષિણ પુર્વ ખુણેથી પશ્ચિમ બાજુ ચાલતાં જેતપુર ધોરાજી રોડની ઉત્તર બાજુ સર્વે નં. ૧૪૨, ૧૩૮, ૧૩૭, ૧૩૬, ૧૩૫ના દક્ષિણ છેડે થઈ રેલ્વે ફાટક ઓળંગી સર્વે નં. ૧૦૬ના દક્ષિણ શેઢે આવી ત્યાંથી દક્ષિણ તરફ ચાલી રે. સર્વે નં. ૧૭૫ના પૂર્વ શેઢે આવી સર્વે નં. ૧૧૩, ૧૧૪ના પૂર્વ શેઢે ચાલતાં સર્વે નં. ૧૪૦, ૧૧૫, ૧૨૭ના પૂર્વ શેઢે રેલ્વે લાઈને ચાલતાં ચાલતાં સર્વે નં. ૧૨૨ના દક્ષિણ શેઢે આવી રે. સર્વે નં. ૧૨૨ના પશ્ચિમ શેઢે આવી નવાગઢની હદે હદે ચાલી ઉત્તર તરફ સર્વે નંબર ૧૨૨ના ઉત્તર શેઢે આવી ત્યાંથી પૂર્વ તરફ હદે હદે ચાલતાં રે. સર્વે નં. ૧૧૯ના પશ્ચિમ શેઢે હદે હદે ચાલતાં ઉત્તર તરફ રે. સ. નં. ૧૧૮ના ઉત્તર શેઢે આવી ઉતર શેઢે પૂર્વ તરફ ચાલતાં જેતપુર જતાં સ્ટેટ હાઈવે ક્રોસ કરી નવાગઢના સીમાડે આવી ત્યાંથી ઉતર તરફ ચાલતાં સર્વે નં. ૧૧૦ના ઉત્તર શેઢે આવી નવાગઢની હદે નેશનલ હાઈવે આવી રે. સર્વે નં. ૧૦૯ના પશ્ચિમ દક્ષિણ ખુણા સુધીના તમામ જમણા હાથનો તરફનો વિસ્તાર.

૪.	ધોરાજી રોડ જાગુતિનગર અમરથી વિનોદના ઘર થી લખુભાઈ ડાયાભાઈના ઘર સુધી	૧૬૩	૧૪/૧૬૩/૩૩૮૮ થી ૧૪/૧૬૩/૩૫૮૦
	જાગૃતિનગર હુસેનદાન મામદના ઘરથી અરજણ શામજીના ઘર સુધી.	૧૬૪	૧૪/૧૬૪/૩૫૮૧ થી ૧૪/૧૬૪/૩૬૯૭
	જાગૃતિનગર સાર્વજનિક ટાંકીની ઉત્તર બાજુ હિમતભાઈ જલુના ઘરની ઉત્તરે પંચવટીથી બાલાજી તિરુપતી શિવનગર ગુજરાત ટાઈલ્સ અને ત્યાંથી બાબુ ઠાકરશીના ઘર સુધી નો વિસ્તાર......	૧૬૫	૧૪/૧૬૫/૩૬૯૮ થી ૧૪/૧૬૪/૩૮૬૦
	ધોરાજી રોડ પંચશીલ સોસાયટી જુનાગઢ રોડ પોલીસલાઈન	૧	૧/૧/૧ થી ૧/૧/૮૫
	મહાત્મા ગાંધી રોડ બગીચા સામે રામ ચેમ્બર્સથી બરફના કારખાના સુધી જુની પોલીસ લાઈન વિસ્તાર.	૨	૧/૨/ ૮૬ થી ૧/૨/૧૪૩
	સ્ટેન્ડ ચોક કમરીબાઈ હાઈસ્કુલ પાછળનો વિસ્તાર, ખોડપરા સુભાષ શેરી જેલ પાછળનો વિસ્તાર.	૩	૧/૩/૧૪૪ થી ૧/૩/૨૦૧
	ખોડપરા મેઈનરોડ ઉત્તર તરફનો વિસ્તાર ખોડપરા શંકરની ડેરી સામેનો વિસ્તાર પ્રકાશ નિવાસ તથા જુના પાવર હાઉસની શેરીનો વિસ્તાર.	૪ ૫	૧/૪/૨૩૨ થી ૧/૪/૩૦૦ ૧/૫/૩૦૧ થી ૧/૫/૩૫૯
	ખોડપરા ભાદર ઈરીગેશન કચેરીથી પાછળનો રમાવાડી-સામેનો વિસ્તાર.	૬	૧/૬/૩૬૦ થી ૧/૬/૪૪૫
	સુદામા નગર	૭	૧/૭/૪૪૬ થી ૧/૭/૫૫૭
	કોલેજ સામેનો પશ્ચિમ તરફનો શાંતિનગર વિસ્તાર કેનાલ સુધીનો	૨૮	૩/૨૧/૧૨૭૮ થી ૩/૨૮/૧૩૪૮
	જુનાગઢ હાઈવે કેનાલ પછી રોડની બંને બાજુ	૧૩૬	૦/૧૩૬/૧ થી ૦/૧૩૬/૧૮૫

હદનું વર્ણન

ધોરાજી રોડ રેલ્વે, ફાટક સ્ટેટ હાઈવે સર્વે નં. ૧૩ના ખૂણેથી પૂર્વ તરફ ચાલતાં રોડની દક્ષિણ સાઈડે ચાલી ધરમ વાડીની સામે તીરૂપતી બાલાજી લઈ, પંચશીલ સોસાયટી લઈ પેટ્રોલ પંપના ખુણે આવી જુનાગઢ રોડ ઓળંગી રામ ચેમ્બરના ખુણે આવી સ્ટેન્ડ ચોક તરફ ચાલતાં સ્ટેન્ડ ચોકે આવી. ત્યાંથી દક્ષિણ તરફ ચાલતાં ઉમરીબાઈ હાઈસ્કુલ પાછળના ખુણે આવી ત્યાંથી પશ્ચિમે તરફ ઈચ્છાગર ભાઈ ગોસાઈની શેરીએ આવી શેરીની અંદર દક્ષિણ તરફ ચાલતાં ખોડપરા મેઈન રોડના ખુણે આવી ત્યાંથી ખોડપરા મેઈન રોડ ઉપર પશ્ચિમ તરફ ચાલતાં પ્રકાશ નિવાસ આવી ત્યાંથી શેરીમાં ચાલી પ્રકાશ નિવાસ થઈ દેવયાની એપાર્ટમેન્ટ તરફ પશ્ચિમે ચાલતાં હસનબાઈ

INDEX

નવીન વોર્ડ નંબર	લતાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબર થી ઘર નંબર
૧	૨	૩	૪
	ચૌહાણના મકાન લઈ ત્યાંથી ડો. ભુવાનું દવાખાનું લઈ જુનાગઢ રોડ ઓળંગી કોલેજની દિવાલે જુનાગઢ રોડ તરફ દક્ષિણ તરફ ચાલી શાંતિનગર વિસ્તારમાં કેશુભાઈ કરશનભાઈ રૈયાણીના ખુલ્લા પ્લોટે આવી ડો. પી. સી. જોશીના બંગલા સામેના ભાગે ત્યાંથી પશ્ચિમે ચાલતાં જગતરાય જેઠાલાલનો બંગલો લઈ બી. યુ. વેકરીયાના બંગલા લઈ કેનાલે આવી રે. સ. નં. ૧૩ના પશ્ચિમે શેઢે થઈ સર્વે નં. ૧૬ના પૂર્વ શેઢે આવી ત્યાંથી દક્ષિણ તરફ ચાવતાં સર્વે નં. ૧૭ના પૂર્વ શેઢે આવી સર્વે નં. ૩૩ના પૂર્વ શેઢે થઈ જુનાગઢ રોડ ક્રોસ કરી રે. સર્વે નં. ૩૫ના પશ્ચિમે શેઢે આવી જૂનાગઢ રોડે રોડ ચાલી રેલ્વે ફાટકે આવી રોડ તથા રેલ્વે લાઈન ક્રોસ કરી રે. સ. નં. ૮૨ના ઉત્તર પૂર્વ શેઢે આવી દક્ષિણ તરફ રોડના પશ્ચિમ તરફની સાઈડે ચાલતાં રે. સ. નં. ૮૫, ૮૯, ૮૮ના પુર્વ શેઢે આવી ત્યાંથી સર્વે નં. ૮૮ ના પશ્ચિમ શેઢે ઉતર તરફ ચાલી સર્વે નં. ૮૭, ૮૩ના પશ્ચિમ શેઢે રેલ્વે લાઈને આવી રેલ્વે લાઈન ક્રોસ કરી રે. સ. નં. ૨૫ના પશ્ચિમે શેઢે આવી સર્વે નં. ૨૪,૧૨૬, ૧૨૪/૧ના પશ્ચિમે શેઢે આવી સર્વે નં. ૧૨૩ના દક્ષિણ શેઢે થઈ રેલ્વે લાઈને આવી સર્વે નં. ૧૨૩ના ઉત્તર શેઢે પૂર્વ તરફ રેલ્વે લાઈને ચાલતાં સર્વે નંબર ૧૨૪,૧૨૫, ૧૨૭, ૧૨૮, ૧૩૪ના ઉત્તર શેઢા સુધીને અંદર આવતો તમામ વિસ્તાર......		
૫.	તાલુકાશાળા, સુમરાનો ડેલો, ગુરુકૃપા, સ્વામી ભગવતતીર્થ માર્ગ, કણકીયા પ્લોટ.	૧૧૯	૧૨/૧૧૯/૧ થી ૧૨/૧૧૯/૬૭
	કણકીયા પ્લોટ, ડૉ. વાઘવાણી, ડૉ. પડાયા હોસ્પિટલ, પશ્ચિમ બંગલો, જમના એપાર્ટમેન્ટ, સીંધી સોસાયટી વિસ્તાર.	૧૨૧	૧૨/૧૨૧/૧૬૫ થી ૧૨/૧૨૧/૨૭૨
	વોરાવોંકળી, ભાડીયા કુવા પાસેનો વિસ્તાર, અજીતા ડાઈંગ, રાજકોટ હાઈવે સુધી નાજાવાળાપરા, લખમણભાઈ ભડલીયાના ઘર પાસેનો વિસ્તાર.	૧૨૨	૧૨/૧૨૨/૨૭૩ થી ૧૨/૧૨૨/૩૪૫
	નાજાવાળાપરા ખોડીયાર ગોડાઉન પાછળ નાથાભાઈ મોરીના ઘર સુધીનો વિસ્તાર.	૧૨૩	૧૨/૧૨૩/૩૪૬ થી ૧૨/૧૨૩/૪૦૬
	ભદ્રાવતી સોસાયટી, ગોવર્ધનનગર સોસાયટી, પાંચ પીપળારોડ જગદીશ બંગલાનો વિસ્તાર.	૧૨૪	૧૨/૧૨૪/૪૦૭ થી ૧૨/૧૨૪/૪૯૭
	ત્રીજી એસ્ટેટ, શકિત કોલોની, હરિ ઓમ નગર, પાંચ પીપળા રોડની દક્ષિણ વોંકળી વિસ્તાર, તાલુકા પંચાયત કચેરીની પાછળ પાછળ સુધીનો વિસ્તાર.	૧૨૫	૧૨/૧૨૫/૪૯૮ થી ૧૨/૧૨૫/૬૨૦
	તાલુકા પંચાયત પાછળનો વોંકળી વિસ્તાર, જીમખાના વિસ્તાર ભાદર ઈરીગેશન કવાર્ટર કોર્ટ કચેરી, મામલતદાર કચેરી, નગર-પાલિકા કચેરી, ગાંધી બિલ્ડીંગ, અરવિંદનો ડેલો.	૧૨૬	૧૨/૧૨૬/૬૨૧ થી ૧૨/૧૨૬/૬૮૫
	જીમખાના મેદાન, હાજી દાઉદ હોસ્પિટલ, વોરાવોંકળી, ગુજરાતી વાડી, હરિઓમનગર ૧--૨વાળો વિસ્તાર.	૧૨૭	૧૨/૧૨૭/૬૮૬ થી ૧૨/૧૨૭/૭૯૨
	ગુજરાતી વાડી ભાવિક નગર, જયસુખભાઈ, ગુજરાતીના મકાનવાળો વિસ્તાર.	૧૨૮	૧૨/૧૨૮/૭૯૩ થી ૧૨/૧૨૮/૮૫૬
	ગુજરાતીવાડીથી કેનાલ સુધી ધરમ વાડી, નુતનનગર, જાયન્ટસ સ્પોર્ટ કલબ, ડાક બંગલા જકાતનાકા બસ સ્ટેન્ડ, ટેશી વોલીબોલ ગ્રાઉન્ડ વિસ્તાર.	૧૨૯	૧૨/૧૨૯/૮૫૭ થી ૧૨/૧૨૯/૯૯૯
	નાજાવાળાપરા વડલીચોક, ઈબ્રાહીમભાઈ જલવાણીના મકાનની આજુબાજુનો વિસ્તાર તથા નાજાવાળાપરા જગદીશ ભોજનાલય ભાડીયા કુવા સામે, ચુનાની ભઠ્ઠી વાળો વિસ્તાર.	૧૧૬	૧૧/૧૧૬/૫૧૭ થી ૧૧/૧૧૬/૫૬૭

વોર્ડ નંબર	લતાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબર થી ઘર નંબર
૧	૨	૨	૪
	ઘેટાવાળા પ્લોટ, જયોતિ ડાઈંગ, સાલજીભાઈ ચાવડાના મકાનવાળો, રોડની પશ્ચિમે બચુભાઈના મકાનની આજુબાજુનો વિસ્તાર.	૧૧૭	૧૧/૧૧૭/૫૬૮ થી ૧૧/૧૧૭/૬૪૭
	વોરાવોંકળીની ઉત્તરે બકુલ ડાઈંગસામેનો તથા મેમણવોરા કબ્રસ્તાન, ઘેટાવાળો પ્લોટ બકુલ ડાઈંગ, પાટીદાર ડાઈંગ, જયરામ ડાઈંગ, રેલ્વે ફાટક સુધીનો વિસ્તાર.	૧૧૮	૧૧/૧૧૮/૬૪૭ થી ૧૧/૧૧૮/૮૦૩

હદનું વર્ણન

ધોરાજી રોડ ઉપર ધરમવાડીના ખુણાથી સીટી લીમીટે ઉત્તર તરફ સર્વે નં. ૯૬૧ના ખુણે ચાલતાં સર્વે નં. ૯૬૨, ૯૬૩, ૯૬૪ના ઉત્તર શેઢે ચાલી પાંચ પીપળા રોડ ઓળંગી જગદીશના બંગલે આવી. ત્યાંથી સીટી લીમીટે ચાલતાં ભાદરના ખુણે આવી. દક્ષિણ તફર ભાદરના કાંઠે કાંઠે ચાલતાં વોરા કબ્રસ્તાનના પૂર્વ બાજુના ખુણે આવી. વોરા વોંકળીના કાંઠે આવી, ત્યાંથી પશ્ચિમ તરફ ચાલી રોડ ઓળંગી ઘેટાવાળા પ્લોટ તરફ ચાલતા રસ્તા ઉપર આવી, ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતાં વોરા વોંકળીના ઉત્તર કાંઠે કાંઠે ચાલતાં રસ્તા ઉપર આવી, ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતાં વોરા વોંકળીના ઉત્તર કાંઠે કાંઠે ચાલતાં નાજાવાળા પરાના સંડાશના બ્લોકે આવી રોડ ઓળંગી હનુમાન મંદિરથી ઉત્તર તરફની શેરીમાં ચાલી જગદીશ ડાઈંગના મકાને આવી મેપાભાઈ બીજલના ઘર પાસે આવી ત્યાંથી વડલી ચોકનાં લક્ષ્મણબાઈની દુકાને આવી દક્ષિણ તરફ જગદીશના પ્રાણીના અવેડે આવી. રોડ ક્રોસ કરી સામેના નાકામાં ભોજનાલયે આવી. ત્યાંથી ચુનાની ભ્ણી વાળો વિસ્તાર લઈ ભાડીયા કુવાવાળો રોડે આવી દક્ષિણ તરફ ચાલી ભાડીયા કુવાના પુલ ઉપર થઈ કણકીયા તરફના રસ્તે આવી વોંકળી ઓળંગી રીધી સોસાયટી નામના એપાર્ટમેન્ટ, લઈ દક્ષિણ તરફ ચાલતાં સુમરાના મકાને આવી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલી ઈસ્ટ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટની મકાને, આવી, ત્યાંથી દક્ષિણ તરફ ચાલતાં ડૉ. રૈયાણીના દવાખાના પાસેથી અજીત મકવાણાનું મકાન લઈ ખુણેથી પશ્ચિમ તરફ પરિશ્રમ બંગલાના ખુણે આવી ત્યાંથી દક્ષિણ તરફ વાયર ફેન્સીંગ વાળા પ્લોટના પુર્વ ભાગે ચાલતાં ઘચાલતાં દક્ષિણ તરફ સીધા એસ. ટી. રોડ ઓળંગી વિનુભાઈ મહેતાના મકાનના ખુણે આવી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતાં ટી. ડી. વૈદ્યના મકાનના ખુણે આવી ત્યાંથી રોડ ઓળંગી દક્ષિણ તરફ ચાલતાં હસન ઈબ્રાહીમના મકાને આવી. રોડના દક્ષિણ તરફનો ભાગે પુર્વ તરફ ચાલતા પટેલ ટ્રાન્સપોર્ટ તથા દર્શન સ્ટુડીયો લઈ તાલુકા શાળાની પાછળ સ્વામી ભગવત તીર્થ શોપીંગ સેન્ટરના પુર્વ ઉત્તર ખુણે આવી. ઉર્વશી હોટલ લઈ નવજીવન હોટલના ખુણે આવી ત્યાંથી બગીચા તરફ પશ્ચિમે ચાલી તાલુકા શાળા, કેપીટલ, સુમરાનો ડેલો વિગેરે લઈ બગીચાના ખુણે આવી ત્યાંથી રોડની ઉત્તરબાજુ બગીચાની દિવાલે પશ્ચિમ તરફ ચાલી જકાત નાકાએ આવી જુનાગઢ રોડ ઓળંગી મામલતદાર કચેરીના ખુણે આવી ધોરાજી રોડ ઉપર ઉત્તર તરફનો ભાગ લેતાં નગરપાલિકા કચેરી, હાજી દાઉદ હોસ્પિટલ, જાયન્ટસ સ્પોટસ કલબ, ધરમવાડીના દક્ષિણ તરફના ખુણે આવતા જમણા હાથ તરફનો અંદર આવતો તમામ વિસ્તાર.

૬.	કણકીયા પ્લોટ, સત્સંગ હોલ, આદર્શ એજન્સી, વાયર ફેન્સીંગ વાળા પ્લોટનો પુર્વ તરફનો ભાગ.	૧૨૦	૧૨/૧૨૦/૬૮ થી ૧૨/૧૨૦/૧૬૪
	ડૉ. દિપકભાઈના દવાખાનાથી કણકીયામાં જસ્મીન ટોકીઝ તથા ભંગી હરિજનવાસવાળો વિસ્તાર.	૧૧૦	૧૧/૧૧૦/૧ થી ૧૧/૧૧૦/૧૬૫
	ફુલવાડી સ્ટેશન રોડ, મનજીમુળજી શેરી, હરિજનવાસ કોટના ઝાડ વિગેરે ચાંદની ચોક સુધાનો વિસ્તાર.	૧૧૧	૧૧/૧૧૧/૧૧૬ થી ૧૧/૧૧૧/૧૬૮
	ફુલવાડી સ્ટેશન રોડ, હરેહામહરેકૃષ્ણ ડાઈંગવાળો વિસ્તાર તથા ભંગી હરિજનવાસ વાળો વિસ્તાર, રવિ કોમ્પલેક્ષ, જસ્મીન ટોકીઝ સામેનો હનુમાન મંદિરનો વિસ્તાર, રઘુબાવા આંબલીયા કોમ્પલેક્ષ, ડૉ. ચેતનભાઈ પટેલના દવાખાનાવાળો વિસ્તાર, ખાચરીયા મેન્શન, બારોટભાઈના ઘરની આજુબાજુનો, ભંગી હરિજનવાસ વિસ્તાર.	૧૧૨	૧૧/૧૧૨/૧૬૯ થી ૧૧/૧૧૨/૨૭૧

INDEX

વોર્ડ નંબર ૧	લતાવાર વિસ્તાર ૨	બ્લોક નંબર ૩	ઘરનંબરથી ઘરનંબર ૪
	ફુલવાડી ઢોરા દિનેશ ડાઈંગ, અવિનાશ ડાઈંગ, ત્રીજી ડાઈંગ ફુલવાડી ઢોરાનો વિસ્તાર, ભંગી હરિજનવાસવાળો વિસ્તાર.	૧૧૩	૧૧,૧૧૩,૨૭૨ થી ૧૧,૧૧૩,૩૭૧
	ફુલવાડી ઢોરા પાદરીયા માર્કેટ, મગનભાઈ ખાચરીયાના બ્લોકની આજુબાજુનો વિસ્તાર.	૧૧૪	૧૧/૧૧૪/૩૭૨ થી ૧૧/૧૧૪/૪૩૬
	ફુલવાડી ઢોરા પોસ્ટ ઓફિસ તથા ભાડીયાકુવા રોડ ઉપર, હનુમાન મંદિરવાળો વિસ્તાર તથા જગદીશ ડાઈંગની પાછળનો નાજાવાળાપરા વિસ્તાર.	૧૧૫	૧૧/૧૧૫/૪૩૭ થી ૧૧/૧૧૫/૫૧૬
	લાદી રોડ પશ્ચિમ તરફનો જમાલદાઉદ શેરીનો શાક માર્કેટ-વાળો વિસ્તાર, તારવલીશેરીનો ઉત્તર તરફનો ભાગ.	૯૩	૯/૯૩/૪૯૩ થી ૯/૯૩/૬૦૯
	વાદી રોડથી ફુલવાડી સ્ટેશન રોડ સુધી ઉધી શેરી ખુંબીયા શેરી વચ્ચેનો વિસ્તાર.	૯૪	૯/૯૪/૬૧૦ થી ૯/૯૪/૬૬૫
	ખુંબીયા શેરીનો ઉત્તર તથા દક્ષિણ તરફનો આલીપરાના મકાન સુધી તથા દક્ષિણેશ્વર ડાઈંગ સુધીનો વાદીરોડ, ચક્કીવાળો વિસ્તાર	૯૫	૯/૯૫/૬૬૬ થી ૯/૯૫/૭૧૯
	ચક્કીવાળી શેરી, રોજા શેરી, રધાસીયા સ્વીટ માર્ટ, ચાંદની ચોકનો દક્ષિણ તરફનો રૈયાણીના મકાનની અરવિંદ ડાઈંગ કરશન મુળજી શેરીનો વિસ્તાર.	૯૬	૯/૯૬/૭૨૦ થી ૯/૯૬/૮૧૨
	ગુલઝાર બાગ, વોરા મસ્જીદ હુડક ગલી, બોખલા દરવાજા વિસ્તાર. સૌરાષ્ટ્ર કોલ્ડ્રીંકસથી મતવા શેરીનો ઉત્તર તરફનો તથા ભુટા હીરજી શોપીંગ સેન્ટર સુધીનો વિસ્તાર.	૯૧	૯/૯૧/૨૫૩ થી ૯/૯૧/૩૧૦
	મતવા શેરી કિસાન સોપ ફેક્ટરી, તાઈ શેરી મહારાજીની મેડી અંજુમન મેમણ જમાત ખાના જ્યોતિ ડાઈંગવાળો ભાગ, દયાનંદ એન્જી. સ્ટોરથી ગર્લ્સ હાઈસ્કુલ, જનતા બજાર, સરદાર માર્કેટ, તારવલી શેરી, એસ. ડી. નો ફ્રેન્સવાળો વિસ્તાર.	૯૨	૯/૯૨/૯૨/૩૧૧ થી ૯/૯૨/૪૯૨
	મતવા શેરી તરફનો ગહફારભાઈ મખરાણીના ઘરવાળો વિસ્તાર જગાવાળા ચોરા, ભુટા હીરજી તકાકુવાળાના ડેલાથી ચુનીભાઈ ચતુરભાઈના ઘરની આજુબાજુનો વિસ્તાર.	૯૦	૯/૯૦/૧૩૭ થી ૯/૯૦/૨૫૨

હદનું વર્ણન

સ્ટેન્ડ ચોકથી ડૉ. દીપક દોશીના દવાખાનાના ખુણાથી પશ્ચિમ ચાલતા અપ્સરા ડાઈંગ, કણકીયા પ્લોટના દક્ષિણે ખુણે, આવી ત્યાંથી પશ્ચિમ તરફ લક્ષ્મી ઝેરોક્ષા, વણીક જ્ઞાતિની વાડી, મણીભાઈ ચા વાળાનો ડેલો, વિગેરે લઈ હેમતસિંહ ગોહેલના મકાનના ખુણે આવી ત્યાંથી ઉત્તર તરફ આદર્શ એજન્સી તરફ ચાલતાં આદર્શ એજન્સી લઈ, બાવાભાઈ જીવરાજભાઈ રાસાણીના મકાનના ખુણે આવી, ત્યાંથી પુર્વ તરફ ચાલતાં પાટીદાર વાળા મગનભાઈના બંગલે આવી ઉત્તરે ચાલી ડૉ. રૈયાણીના દવાખાનાના પશ્ચિમ ભાગેથી થઈ ડૉ. વાઘવાણીની હોસ્પિટલવાળા રોડ તરફ આવી ત્યાંથી પુર્વ તરફ ચાલી ડૉ. ચેતન પટેલ વાળા રોડે આવી, ત્યાંથી ઉત્તર તરફ દિલીપ ગન વાળા મકાન લઈ પોપટ ભુવાનું મકાન લઈ ઉત્તર તરફ ભાડીયા કુવા તરફ જતાં રોડે ચાલી ભાડીયા કુવાના ખુણે આવી રામજી ભાણાના મકાનના દક્ષિણ ખુણે આવી વોંકળીમાં ચાલતાં જગદીશ ડાઈંગ વાળા રોડે આવી ત્યાંથી ઉત્તર તરફ લક્ષ્મણભાઈ, ભડલીયાની દુકાન તરફ જતાં રસ્તે આવી ઉત્તર તરફ ચાલી ગરબી ચોકમાં આવી ત્યાંથી સીધા પુર્વ તરફ નેપાભાઈ બીજલભાઈના ઘરની સામે આવી પુર્વ તરફ ચાલતાં ઘેવટાવાળા પ્લોટ તરફ ચાલી હનુમાનનું મંદિર લઈ ચુના ભઠ્ઠી તરફ દક્ષિણ તરફ ચાલી આવી; ફુલવાડી પોસ્ટ ઓફિસ આવી ચાંદની ચોક તરફ દક્ષિણે ચાલતાં ચાંદની ચોકના ચક્કાના ખુણે આવી ત્યાંથી ચક્કીવાળું મકાન લઈ રોડ ક્રોસ કરી ભાદર રોડ તરફ અરવિંદ ડાઈંગ વાળા મકાન લઈ ભાદર રોડ પૂર્વે ચાલતાં, વઘાસીયા સ્વીટ માર્ટના ખુણે આવી ત્યાંથી દક્ષિણે લાદી રોડે ચાલતાં બુબીયા શેરી ઉધી શેરી, વિગેરે લઈ કાંતી કેપ કોર્ટવાળી દુકાનના ખુણા ઉપર આવી ત્યાંથી મહાત્મા ગાંધી રોડ ઉપર એસ. પી. કામદારની દુકાન સામે રોડ ઓળંગી નીરાજીની મેડીવાળા ખુણે આવી જંગાવાળા રોડ ઉપર દક્ષિણ તરફ

INDEX

વોર્ડ નંબર	લતાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘરનંબરથી ઘરનંબર
૧	૨	૩	૪

ચાલતાં જમાદારના મકાન લઈ જગાવાળા ચોરા લઈ હુસેની ચોકના ખૂણે આવી હુસેનભાઈ પાનવાળાની દુકાનના ખુણેથી પશ્ચિમ તરફ ચાલી વાસણવાળાની દુકાન લઈ દુકાનના ખૂણે આવી ઉત્તર તરફ શેરીમાં ગુલઝારે બાગ તરફ ચાલતાં શેરીમાં ગુલઝારી બાગે આવી, ત્યાંથી પશ્ચિમ તરફ ગફારભાઈ ખરાણીવાળી શેરીમાં થઈ એચ. એલ. જોશીના મકાને આવી, ત્યાંથી ઉત્તર તરફ સુખરાણીવાળું મકાન લઈ વતવા શેરીના ખુણે આવી, પશ્ચિમ તરફ ચાલતાં ગાભાનું મકાન લઈ ડૉ. સુમનભાઈના દવાખાને આવી, સ્ટેન્ડે ચોક તરફ ઉત્તરે ચાલતાં, જયહિંદ સાયકલ સ્ટોર, સૌરાષ્ટ્ર કોલ્ડીંક આવી, એમ. જી. રોડ ઓળંગી દયાનંદ એન્જીનીયરીંગની દુકાન મ્યુનિ. ગર્લ્સ હાઈસ્કૂલ તારવલી શેરીના ખૂણે આવી, ડૉ. દીપકભાઈ દોશીના દવાખાના સુધી જમણા હાથ તરફનો અંદર આવતો તમામ વિસ્તાર.

૭.	લાદી રોડ શાકમાર્કેટવાળી શેરી, રામચંદાણી શેરી, ટબાશેરી કેવલરામ મંદિરવાળા હરિજનવાસ રોડની પૂર્વ તરફનો નગીના મસ્જીદની સામેનો વિસ્તાર.	૭૯	૮/૭૯/૧૦૩ થી ૮/૭૯/૧૪૪
	ગોંડલ દરવાજા હરિજનવાસ, ભાદર રોડની દક્ષિણ તરફનો લોહાણા મહાજનવાડીનો વિસ્તાર.	૮૦	૮/૮૦/૧૪૫ થી ૮/૮૦/૨૩૫
	ગોંડલ દરવાજા હવેલીવાળો વિસ્તાર તથા દિલીપ ડાઈંગની શેરીવાળો વિસ્તાર	૮૧	૮/૮૧/૨૩૬ થી ૮/૮૧/૩૦૧
	ગોંડલ દરવાજા સાંઈબાબા મંદિર સ્વામીનારાયણ મંદિરવાળી શેરીનો પૂર્વ તરફનો તથા આંબલી શેરી સ્વામીનારાયણ મંદિર શેરીનો પશ્ચિમ તરફનો તથા ધોરાજી દરવાજાનો ઉત્તર તરફનો મહાત્મા ગાંધી રોડ ભુટા હીરજી તમાકુવાળાની દુકાનવાળો વિસ્તાર.	૮૨	૮/૮૨/૩૦૨ થી ૮/૮૨/૪૩૦
	નગીના મસ્જીદ મોતીવાલા બિલ્ડિંગ ભાદર રોડની દક્ષિણ તરફનો હરિજન વાસની પશ્ચિમ તરફનો નગીના મસ્જીદ વાળો વિસ્તાર.	૮૩	૮/૮૩/૪૩૧ થી ૮/૮૩/૫૦૩
	વેરાવાડ ગોંડલ દરવાજાથી હવેલીવાળો વિસ્તાર ખાટકી શેરીની ઉત્તર તરફનો ભદ્રેશ્વર મંદિર સુધીનો સાંકડી શેરીનો વિસ્તાર.	૮૪	૮/૮૪/૫૦૪ થી ૮/૮૪/૫૬૩
	લાખાવાળા દરબાર ગઢ બ્રાહ્મણજ્ઞાતિની વાડી બાલમંદિર, પાણીયારી શેરીવાળો વિસ્તાર.	૮૫	૮/૮૫/૫૬૪ થી ૮/૮૫/૬૨૬
	પાવૈયા શેરી, ભદ્રેશ્વર મંદિર સરસ્વતી વિનય મંદિર હાઈસ્કુલ અને કોઝવેવાળો વિસ્તાર.	૮૬	૮/૮૬/૬૨૭ થી ૮/૮૬/૬૯૪
	ભાદરના સામા કાંઠાનો સીંધી સોસાયટી નરસંગ ટેકરીવાળો વિસ્તાર	૮૭	૮/૮૭/૬૯૫ થી ૮/૮૭/૮૦૦
	સ્વામી નારાયણ મંદિર શેરી ઓધાભાઈ કંસારાની દુકાનથી સાંકડી શેરી, નાથાભાઈ મમરાવાળાની દુકાન સામેનો જયસુખલાલ પુંજાણીના ઘરની આજુબાજુનો હવેલી સામેનો વિસ્તાર.	૬૯	૭/૬૯/૧ થી ૭/૬૯/૭૭
	પીપળા શેરી, રાજમહેલ સ્કુલ તથા મોટા ચોકનો પશ્ચિમે તરફનો ઓધા ભાઈ કંસારાની દુકાન સુધીનો વિસ્તાર.	૭૦	૭/૭૦/૭૮ થી ૭/૭૦/૨૧૭
	મોટા ચોક, બ્યાજખોરાશેરી, રાજગર શેરી, દલુબાપાવાળી શેરીનો વિસ્તાર.	૭૧	૭/૭૧/૨૧૮ થી ૭/૭૧/૨૯૧

INDEX

વોર્ડ નંબર	લંતાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરથી ઘર નંબર
૧	૨	૩	૪
	મોટાચોકની પૂર્વ તરફનો દલુબાપાવાળી શેરીનો દક્ષિણ તરફનો ભાગ ઉજડપા કામદાર શેરી પશ્ચિમ તરફનો સાત ગલીવાળો વિસ્તાર.	૭૨	૭/૭૨/૨૯૬ થી ૭/૭૨/૩૮૬
	સાત ગલીનો પૂર્વ તરફનો રાજગર શેરીની સામેનો ભાગ, મોઢ જ્ઞાતિની વાડી વાળો વિસ્તાર, ખાટકી શેરી, ડૉ. બળવંતભાઈ ગેરીયાનામકાન-વાળો તથા કામદાર શેરીની દક્ષિણ તરફનો ખોજાખાના શેરીનો પશ્ચિમ તરફનો ઉજડપા તરફ આવતો વિસ્તાર.	૭૩	૭/૭૩/૩૮૭ થી ૭/૭૩/૪૬૬
	ચાંપરાજવાળા દરબારગઢ તથા મંગલ મહાલ તરફ જતી શેરીવાળો વિસ્તાર, ભટ્ટેશ્વર પાણીયારી શેરી કામદાર, શેરીની પૂર્વ તરફનો મંગલ મહાલ સુધીનો વિસ્તાર.	૭૪	૭/૭૪/૪૬૭ થી ૭/૭૪/૫૬૧

હદનું વર્ણન

લાદી રોડ ઉપર ભુટાભાઈ હીરજીભાઈની દુકાનેથી ઉત્તર તરફ લાદી રોડ સીધા ચાલી મોતીવાલા આવી ત્યાંથી પૂર્વ તરફ ભાદર રોડ રેવન્યુ સર્વે નં. ૯૭૨/૧ સ. નં. ૭૫૧, ૭૫૨, ૭૯૬, ૭૯૫, ૭૮૭, ૭૮૬, ૭૮૪ના ઉત્તર શેઢેથી નગરપાલિકાની હદે આવી ત્યાંથી હદે હદે સર્વે નં. ૭૮૩ ના ઉત્તર શેઢે આવી પૂર્વ શેઢે હદે હદે થઈ સર્વે નં. ૭૮૧ ના પૂર્વ શેઢે થઈ દક્ષિણ, શેઢે થઈ સર્વે નં., ૭૭૨, ૭૭૩ ના દક્ષિણ શેઢે થઈ હદે હદે સર્વે નં. ૭૭૧, ૭૬૮, ૭૬૯, ૭૭૦ ના પશ્ચિમ શેઢે થઈ દક્ષિણ શેઢે થઈ સર્વે નં. ૭૭૧ ૭૭૨, ૭૭૪ ના દક્ષિણ શેઢે થઈ દક્ષિણ તરફ ચાલતા ખરાબો ઓળંગી સર્વે નં. ૭૨૭ ના ઉત્તર પૂર્વે ખૂણે આવી પૂર્વ શેઢે થઈ ખરાબો તથા દેરડીનો માર્ગ ઓળંગી સર્વે નં. ૫૮૭ ના ઉત્તર પશ્ચિમ ખૂણે આવી પશ્ચિમ શેઢે સર્વે નં. ૫૯૩ ના પૂર્વ શેઢે થઈ દક્ષિણ શેઢે થઈ સર્વે નં. ૫૯૨ ના પૂર્વ શેઢે આવી દક્ષિણે શેઢે થઈ સર્વે નં. ૫૯૦ ના પૂર્વ શેઢે થઈ સર્વે નં. ૫૮૯ ના ઉત્તર શેઢે આવી પૂર્વ તરફ ચાલી પૂર્વ શેઢે થઈ ભાદર નદીના કાંઠે આવી કાંઠે કાંઠે પશ્ચિમ તરફ ચાલી સર્વે નં. ૬૦૨ ના ખૂણે આવી ભાદર નદી ઓળંગી પશ્ચિમ કાંઠે આવી ભાદર નદીના પશ્ચિમ કાંઠે ઉત્તર તરફ ચાલતાં રે. સર્વે. નં. ૭૨૧, ૭૨૦, ૭૧૧ ના પૂર્વ શેઢે થઈ પાણીના ટાંકાના જવાના પગથીયે આવીપશ્ચિમ તરફ ચાલતા પગથીયા ચડી પાણીના ટાંકે આવી ખોજાખાના તરફ જતી શેરીમાં આવી અરવિંદભાઈ વસાનું મકાન લઈ ઉત્તર તરફ ચાલી લાઠીયાનું મકાન લઈ દરજી ચકુ જીવરાજભાઈનું મકાન લઇ સીંધી ગોવિંદજીવરાજ માધુના મકાને આવી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલી શોભાભાઈ બંગડીવાળાના મકાને આવી રોડ ઓળંગી મનસુખભાઈ કંસારાના મકાને આવી પશ્ચિમ તરફ નીચે ઉતરી કિશોરભાઈ મહેતાનું મકાન લઇ જીતુભાઈ સોનીના મકાનના ખૂણે આવી ઉત્તર તરફ ચાંપરાજવાળા દરબારગઢ તરફ ચાલી ચક્કી વિગેરેવાળો વિસ્તાર લઈ મોટા ચોક તરફ જતાં રસ્તે ચાલી જસન ડીસ લઈ મોટાચોક પોલીસ ચોકીએ આવી મોટા ચોક ઓળંગી મામદભાઈ સોડાવાળાની દુકાને આવી ધોરાજી દરવાજા તરફ ચાલતા વાડીલાલ સોનીના દુકાન થઈ રાજમહેલ લઈ ધોરાજી દરવાજા આવી ત્યાંથી ઉત્તર તરફ ચાલી દામજી ખીમજી સોનીની દુકાને આવી ત્યાંથી પશ્ચિમ તરફ બાવાજી હીરાલાલ ગોવિંદરામની દુકાન લઈ ભુટાભાઇ હીરજીભાઈની દુકાન સુધીનો તમામ વિસ્તાર.

૮.	ઉજજડપા મંગલ મહાલની પૂર્વ તરફ હાવેઘાટની બાજુ ખોજાખાના શેરી વાળો વિસ્તાર તથા મંગલ મહાલની દક્ષિણ તરફનો વિસ્તાર.	૭૫	૭/૭૫/૫૬૨ થી ૭/૭૫/૬૬૦
	ઉજડપા પાણીના ટાંકાવાળો ચાંપરાજબારી ગોંદરાની ઉત્તર તરફનો વિસ્તાર	૭૬	૭/૭૬/૬૬૧ થી ૭/૭૬/૭૫૧
	ગોંદરાનો ઉત્તર તરફનો ભરવાડપા તથા રબારી પા વિસ્તાર.	૭૭	૭/૭૭/૭૫૨ થી ૭/૭૭/૮૦૫
	ગોંદરાનો પાણીના અવેડાવાળો તથા હાવે ઘાટ તરફનો ભાદરના સામાકાંઠાનો પૂર્વ તરફનો વિસ્તાર.	૭૮	૭/૭૮/૮૦૬ થી ૭/૭૮/૮૭૭
	ગોંદરામાં હનુમાન મંદિરવાળો પાણીના અવેડા દારુવાડીથી ચંદ્રમોલેશ્વર ખાખામઢીની સામેના અમરનગર રોડની બંને બાજુનો વિસ્તાર.	૬૮	૬/૬૮/૭૬૧ થી ૬/૬૮/૧૦૦૬

INDEX

નવીન વોર્ડ નંબર	લતાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબર થી ઘર નંબર
૧	૨	૩	૪
	ખોખલા દરવાજા લીવાળી શેરી અઠ્ઠા શેરી, જગાવાળા ચોરા, જમાદાર શેરી નો વિસ્તાર.	૬૦	૬/૬૦/૧ થી ૬/૬૦/૭૫
	નુકાતી શેરીની ઉત્તર તરફનો સ્વામી શેરીની દક્ષિણ તરફનો વિસ્તાર.	૬૧	૬/૬૧/૭૬ થી ૬/૬૧/૧૯૨
	સ્વામીવાળી શેરીથી ઉત્તર તરફ મહાજન માર્કેટ ધોરાજી દરવાજાથી નાનાચોક મંગળીશાપીરની દરગાહ તકીયાવાળો વિસ્તાર.	૬૨	૬/૬૨/૧૩૩ થી ૬/૬૨/૨૯૯
	નવા દરવાજા તકીયાશેરી પશ્ચિમ તરફ વડલી ચોક જેતપુર સ્ટેશન રોડની ઉત્તર તરફ ડંગાઈ પરા ખોખલા દરવાજા કોળી લાઈન નાનાચોક કાપડ બજારનો વિસ્તાર.	૬૩	૬/૬૩/૩૦૦ થી ૬/૬૩/૪૪૧
	મહાદેવ શેરી મ્યાનુરનો ડેલો, પ્રભાત કલર લેબોરેટરી નાનાચોક તરફનો વિસ્તાર.	૬૪	૬/૬૪/૪૪૨ થી ૬/૬૪/૫૭૦
	મહાદેવ શેરીની પૂર્વ તરફનો લક્ષ્મી નારાયણ મંદિર કૌશિકભાઈ ભટ્ટના મકાન જયરાય ડાઈંગની સામેનો નાગર શેરીનો વિસ્તાર.	૬૫	૬/૬૫/૫૭૧ થી ૬/૬૫/૬૫૨
	નવા દરવાજા ખાટકીવાસ તથા ગોદરાનો ભરવાડ પા, જયરાજ ડાઈંગ લીયા ડાઈંગ ગઢની રાંગનો વિસ્તાર.	૬૬	૬/૬૬/૬૫૩ થી ૬/૬૬/૭૭૦
	ગોદરાની અવેડા સામેનો નવાદરવાજા હરિજનવાસ વિસ્તાર.	૬૭	૬/૬૭/૭૭૧ થી ૬/૬૭/૮૬૦
	ભોજાધાર હનુમાન મંદિર ચક્કી સુધીનો વિસ્તાર જુના સબસ્ટેશન સુધી.	૧૩૧	૦/૧૩૧/૧ થી ૦/૧૩૧/૧૦૯
	ભોજાધાર અમરનગર રોડ વિસ્તાર.	૧૩૪	૦/૧૩૪/૧૫૬ થી ૦/૧૩૪/૪૨૬

હદનું વર્ણન

ખોખલા દરવાજા પટેલ ચેમ્બરથી શરુ કરી ઉત્તર તરફ ચાલતાં જગાવાળા રોડ ઉપર આવી નાનુંભાઈ રુવાળા તથા રાજેન્દ્ર રેવાલાલના મકાનના દુકાનવાળાના ખૂણે આવી મહાત્મા ગાંધી રોડ ઉપર પૂર્વ તરફ ચાલતાં ધોરાજી દરવાજા પસાર કરી ફૂલચંદ અમરશીની દુકાન લઈ સીધા ચાંપરાજવાળા દરબારગઢ પાસે લખુભાઈ વાણંદની દુકાને આવી ત્યાંથી દક્ષિણ તરફ લક્ષ્મીનારાયણના મંદિરે થઈ ચિતાં લીયાના મકાને આવી રોડ ઓળંગી પૂર્વ તરફ ચાલતાં બ્રાન્ચ કન્યાશાળા તરફ ચાલતાં રસ્તે ચાલતાં ગેરીયા પ્રભુદાસ મોહનલાલનું મકાન લઈ પૂર્વ તરફ ચાલતા બ્રાન્ચ કન્યાશાળા લઈ મનસુખભાઈ સોનીના મકાને આવી ત્યાંથી ધારશી ભુવન તરફ જતી શેરીમાં ચાલતા ધારશી ભુવન લઈ ત્યાંથી પાણીના ટાંકા તરફ ચાલતાં રતીલાલ બાબુલાલ ગોહેલના મકાન લઈ ત્યાં થી ભાદર નદી તરફ પગથીયા ઉતરી દક્ષિણ તરફ ગોદરા તરફ ચાલી ભાદર નદીના કાંઠે કાંઠે જેકવેલ લઈ ફિલ્ટર પ્લાન લઈ ભાદર નદીના કાંઠે કાંઠે રે. સ. નં. ૬૦૩ ની ઉત્તરે ભાદર કાંઠે આવી ખરાબો ક્રોસ કરી સર્વે નં. ૬૦૩ ના ઉત્તર પશ્ચિમ ખૂણે આવી પશ્ચિમ શેઢે થઈ સર્વે નં. ૬૦૫ ના પશ્ચિમ શેઢે થઈ ભીડભંજન રોડે આવી સર્વે નં. ૬૦૬ ના દક્ષિણ શેઢેથી સર્વે નં. ૬૦૭ ના દક્ષિણ શેઢે થઈ પશ્ચિમ તરફ ચાલી પશ્ચિમ ખૂણે આવી ભીડભંજન રોડે રોડે ચાલી અમર ડાઈંગની સામેના ભાગે ભોજાધાર તરફ જતાં રસ્તે આવી ભેજાધાર જુના સબ સ્ટેશન પાસે આવી રોડે રોડે હનુમાન મંદિરના ઉત્તર તરફના ભાગે આવી, સર્વે નં. ૬૧૬ ના પૂર્વ શેઢે થઈ ઉત્તર તરફ ચાલી સર્વે નં. ૭૧૮ ના દક્ષિણ શેઢે આવી પશ્ચિમ તરફ ચાલતાં જેતપુર સ્ટેશન રોડ આવી. ત્યાંથી ઉત્તર તરફ ચાલતાં, પાંજરાપોળ મહાજન વાડી લઈ ઉત્તર તરફ અલી, અજય ડાઈંગના ખૂણે આવી, સારણ નદીનો પુલ ઓળંગી ચંદ્રમૌલેશ્વર મંદિર તરફ જતાં ઉત્તર તરફ જયસ્વાલ આઈસ ફેક્ટરી કુંભારનો ભઠ્ઠો, કાલિદાસ પારધીનું મકાન લઈ વડલી ચોક આવી ત્યાંથી રોડ ઓળંગી ખોખલા દરવાજા તરફ કોલસાની લાતી થઈ મંગળીયાશા પીરની દરગાહ લઈ પશ્ચિમે ચાલતાં, કોળી જ્ઞાતિની વાડી પાંજરાપોળનો ડેલો લઈ કલાલના મકાન લઈ પટેલ ચેમ્બર સુધીનો જમણા હાથ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબર થી ઘર નંબર
૧	૨	૩	૪
૯.	ખોડપરા જેતપુર સ્ટેશન રોડની પશ્ચિમ તરફનો શંકરની ડેરી-વાળો વિસ્તાર.	૮	૨/૮/૧ થી ૨/૮/૭૫
	ખોડપરા સુંદરભાઈ પારેખના ઘરની આજુબાજુનો વિસ્તાર, તથા ત્રણ તાક વાળી શેરી, ખોડપરા જીકરીયા મસ્જીદની આજુ-બાજુનો વિસ્તાર.	૯	૨/૯/૭૬ થી ૨/૯/૧૪૦
	ખોડપરા જીકરીયા મસ્જીદની પાછળનો વિસ્તાર, ધનરાજગીરી ગોંસાઈના ઘરની આજુબાજુનો વિસ્તાર તથા દરજીની જ્ઞાતિની વાડીનો વિસ્તાર.	૧૦	૨/૧૦/૧૪૧ થી ૨/૧૦/૨૧૦
	ખોડપરા, વડાલવાળાના ડેલાનો વિસ્તાર, ગોપાવાડી હનુમાન મંદિરની ઉત્તર તરફનો ખોડપરા વિસ્તાર.	૧૧	૨/૧૧/૨૧૧ થી ૨/૧૧/૨૭૯
	ખોડપરા ગોપાવાડી મેઈન રોડની ઉત્તર તરફનો વિસ્તાર.	૧૨	૨/૧૨/૨૮૦ થી ૨/૧૨/૩૨૪
	ખોડપરા વોંકળી કાંઠાનો ગોપાવાડી સુધીનો કોકણ પટ્ટીનો વિસ્તાર	૧૩	૨/૧૩/૩૨૫ થી ૨/૧૩/૩૮૨
	રમાવાડી વિસ્તાર રામ વિજય સોમીલ વાળો વિસ્તાર, રામજી રાજા, ભગવાન રાજાના મકાન તથા જીવનદિપ મકાન સુધીનો વિસ્તાર.	૧૪	૩/૧૪/૧ થી ૩/૧૪/૮૩
	કોલેજ સામે બચુભાઈ ડેરીવાળાના પ્લોટવાળો વિસ્તાર.	૧૫	૩/૧૫/૮૪ થી ૩/૧૫/૧૭૧
	રમાવાડી પાછળ વોંકળી કાંઠાનો વિસ્તાર તથા સોમનાથ મંદિરની ઉત્તર તરફનો દેસાઈ વાડી વિસ્તાર.	૧૬	૩/૧૬/૧૭૨ થી ૩/૧૬/૨૫૭
	ખાવાવાળાપરા હવેલી શેરીવાળો વિસ્તાર.	૧૭	૩/૧૭/૨૫૮ થી ૩/૧૭/૩૩૮
	કન્યાશાળા રોડ જીપ્લોટ, સુંદરલાલ વકીલના ઘરની સામે ખોડીયાર માતાજીના મંદિરની આજુબાજુનો વિસ્તાર.	૪૨	૫/૪૨/૧ થી ૫/૪૨/૭૫
	હુદડ શેરીવાળો તથા ભીમજીયાણી ભોજનાલય તથા બોખલા દરવાજા તથા વલી જુમાવાળી શેરીનો વિસ્તાર.	૮૮	૯/૮૮/૧ થી ૯/૮૮/૬૪
	બોખલા દરવાજા, હનુમાનજી મંદિર, પંડયા સ્કુલ, નવી શાક માર્કેટ, શીવાભાઈ સેવજીભાઈ ના ડેલાથી ડો. ગોરડાના દવા-ખાના સુધીનો વિસ્તાર.	૮૯	૯/૮૯/૬૫ થી ૯/૮૯/૧૩૬

હદનું વર્ણન

સેન્ટ્રલ બેંક જેકો લાઈટવાળાના મકાનના ઉત્તર ખૂણેથી કમરીબાઈ હાઈસ્કુલવાળી શેરીમાં પશ્ચિમ તરફ ચાલતાં ઈચ્છાનગર ગોંસાઈ-બાવાજીવાળી શેરીમાં આવી દક્ષિણ તરફ ચાલી ખોડપરા મેઈન રોડ ઉપર આવી શંકરની ડેરી વાળો વિસ્તાર લઈ પશ્ચિમ તરફ ચાલતાં પ્રકાશ નિવાસે આવી ત્યાંથી દક્ષિણ તરફ શેરીમાં ચાલી માત્રા વડીયાભાઈના મકાનના ખૂણે આવી ત્યાંથી પશ્ચિમ તરફ દેવયાની એપાર્ટમેન્ટ તરફ ચાલી જુનાગઢ રોડે આવી, લક્કડભાઈના કારખાનાના ખૂણે આવી ત્યાંથી જુનાગઢ રોડે દક્ષિણ તરફ ચાલી માણેકચંદ દોશીના મકાનના ખૂણે આવી ત્યાંથી પુર્વ તરફ ચાલતાં પ્રભુદાસ મીસ્ત્રીના ખૂણે આવી ત્યાંથી સોમનાથ મંદિરના ખૂણે આવી રોડ ઓળંગી સવજીભાઈ જેઠાભાઈ વઘાસીયાના મકાને આવી, ત્યાંથી હવેલીવાળી શેરી તરફ ચાલી ઝીણા બોખા રોડે આવી, ત્યાંથી ઉત્તર તરફ ખોડપરા રોડ તરફ જતાં રસ્તે આવી ત્યાંથી બર્માવાળા પ્રાણભાઈના મકાનની પશ્ચિમે આવી પુલ ઓળંગી વોંકળીએ વોંકળી કિસ્મત ડાઈંગે આવી, વોંકળી વોંકળી જંગા કાળાના પુલ પાસેના સંડાસના બ્લોક પાસે આવી ત્યાંથી જમનાદાસભાઈ વેકરીયાના મકાન લઈ પૂર્વ તરફ ગલીમાં ચાલી હકા બાપુની પશ્ચિમ ભાગે ચાલી રોડે આવી ભાણા બાપા રોડના મકાનના ખૂણે રોડ ઓળંગી પૂર્વ તરફ નવી શાક માર્કેટ વાળો વિસ્તાર લઈ પુર્વ તરફ ચાલતાં બોખલા દરવાજા હનુમાનના મંદિરે આવી ત્યાંથી ઉત્તર તરફ બોખલા દરવાજા

INDEX

નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબર થી ઘર નંબર
૧	૨	૩	૪

રોડ ઉપરથી હુસેની ચોકમાં આવી, પશ્ચિમ તરફના ભાગે ચાલી ગુલઝાર બાગ વાળી શેરીના ઉત્તર તરફ ચાલતાં ગુલઝારી બાગ પાસે આવી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલી ગફારભાઈ લખરાણીવાળી શેરીમાં આવી રાજહંસ કેમીકલ્સવાળાના મકાને આવી મતવા શેરીના ખુણે આવી પશ્ચિમ તરફ ડૉ. રાઠ્રાવતનું દવાખાનું તથા છોરડાના દવાખાને આવી જેતપુર સ્ટેશન રોડ ઉપર આવી દક્ષિણ તરફ આવી અયુબ મહાલ લઈ જેતપુર સ્ટેશન રોડ ઓળંગી સેન્ટ્રલ બેંક જેકોલાઈટના ખૂણા સુધીનો અંદર આવતો તમામ વિસ્તાર.

૧૦.	બાવાવાળાપરા સાકરીયા શેરીની ઉત્તર તરફનો સોમનાથ મંદિરની પાછળનો પશ્ચિમ તરફનો વિસ્તાર.	૧૮	૩/૧૮/૩૩૯ થી ૩/૧૮/૪૦૫
	કોલેજ સામે દેસાઈવાડી ભરતભાઈ પારેખના પ્લોટ સોમનાથ મંદિરની દક્ષિણ તરફનો દેસાઈવાડી વિસ્તાર બાવાવાળા પરા મલકાનના ચોરાવાળો વિસ્તાર.	૧૯	૩/૧૯/૪૦૬ થી ૩/૧૯/૪૯૪
	બાવાવાળા પરા શંભુભાઈ ભાદાના ઘરવાળો બાવાવાળા પરા વિસ્તાર જુની દેસાઈવાડી વિસ્તાર.	૨૦	૩/૨૦/૪૯૫ થી ૩/૨૦/૫૭૩
	જુની દેસાઈ વાડીવાળો વિસ્તાર જિલુભાઈ ટાંકના ઘર સુધીનો વિસ્તાર.	૨૧	૩/૨૧/૫૭૪ થી ૩/૨૧/૬૭૪
	કોલેજના સામે જુનાગઢ રોડની પૂર્વ તરફનો દેસાઈવાડી વિસ્તાર.	૨૨	૩/૨૨/૬૭૫ થી ૩/૨૨/૭૯૧
	કૈલાસ એપાર્ટમેન્ટ વેકરીયા મંદિર રાજેશ્વરી સોસાયટી વિસ્તાર.	૨૩	૩/૨૩/૭૯૨ થી ૩/૨૩/૮૯૪
	રાજેશ્વરી સોસાયટી નવી દેસાઈવાડી કોટડીયાની વાડીનો પશ્ચિમ તરફનો વિસ્તાર ભાગ.	૨૪	૩/૨૪/૮૯૫ થી ૩/૨૪/૯૭૦
	કોટડીયા વાડીનો વિસ્તાર ગાયત્રી મંદિરની આજુબાજુનો વિસ્તાર.	૨૫	૩/૨૫/૯૭૧ થી ૩/૨૫/૧૦૯૧
	ગેલેક્સી એપાર્ટમેન્ટ પશ્ચિમે ભાનુભાઈ ઝીણાભાઈ દેસાઈવાળા પ્લોટનો જુનાગઢ રોડ સુધીનો વિસ્તાર.	૨૬	૩/૨૬/૧૦૯૨ થી ૩/૨૬/૧૧૭૦
	શાંતિનગર કેનાલ સુધીનો વિસ્તાર.	૨૭	૩/૨૭/૧૧૭૧ થી ૩/૨૭/૧૨૭૭
	જનતાનગર રામાપીરની મંદિરની આજુબાજુનો વિસ્તાર.	૩૮	૪/૩૮/૭૩૮ થી ૪/૩૮/૮૧૭
	કેનાલ કાંઠાનો ખાડાવાળો વિસ્તાર કેનાલ રોડની ઉત્તર તરફનો રામાપીરના મંદિર સુધીનો વિસ્તાર.	૩૯	૪/૩૯/૮૧૮ થી ૪/૩૯/૮૯૯
	ડોબરીયા વાડી વિસ્તાર.	૧૩૦	૦/૧૩૦/૧ થી ૦/૧૩૦/૧૧૧

હદનું વર્ણન

જુનાગઢ રોડ કોલેજ સામે અમૃતલાલ માણેકચંદ દોશીના મકાનના ખૂણેથી પૂર્વ તરફ ચાલી પ્રભુદાસ મીસ્ત્રીના મકાનના સામે ખૂણે હીરાભાઈ કાબાભાઈ શેખડાના મકાન આવી પૂર્વ તરફ ચાલી સોમનાથ મંદિરના ખૂણે આવી ત્યાંથી દક્ષિણ તરફ સોમનાથ મંદિર લઈ દક્ષિણ ખૂણે આવી રોડ ઓળંગી આંબલીયાના મકાન લઈ પૂર્વ તરફ ચાલતાં હવેલી શેરી લઈ હવેલીના ખૂણે આવી, કાંતીભાઈ રસોયાના મકાન આવી ત્યાંથી દક્ષિણે ઝીણા બોખાના કુવા તરફ ચાલતાં અમલકાનના ચોરા તરફ ચાલતાં ચોરો લઈ શંભુભાઈ ભાદાભાઈના મકાનના ખુણે આવી રોડ ઓળંગી રામાણીનો ડેલો, કોટડીયા વાડી થઈ પટેલ જ્ઞાતિની વાડીના દક્ષિણ ખૂણે આવી કોટડીયા વાડીના દક્ષિણ સેઢે ચાલતાં રે. સ. નં. ૧૦ના દક્ષિણ શેઢે ચાલી ફોગાભાઈ આયરના મકાનના ખૂણે આવી, વોંકળી ઓળંગી જનતા નગર રોડે ચાલી રામા-

નવીન વોર્ડ નંબર	લતાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરથી ઘર નંબર
૧	૨	૩	૪
	પીરના મંદિરવાળા ચોકમાં આવી ત્યાંથી દક્ષિણે રે. સ. નં. ૪૬ના ઉત્તર શેઢે પૂર્વ તરફ ચાલતાં સ. નં. ૪૭ ડોબરીયાવાડીના ખૂણે આવી સર્વે નં. ૫૫ના પશ્ચિમ શેઢે થઈ સર્વે નં. ૫૪, ૫૭, ૫૨ના પૂર્વ શેઢે ચાલી સર્વે નં. ૫૧ના ખૂણે આવી, ત્યાંથી પૂર્વ તરફ ચાલતાં સર્વે નં. ૬૩ના ઉત્તર શેઢે ચાલી પૂર્વ શેઢે થઈ સર્વે નં. ૬૪, ૬૫ના પૂર્વ શેઢે થઈ રુપાવટી રોડે રોડ ચાલતાં રેલ્વે લાઈને આવી રેલ્વે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૧૨૬, ૧૨૭ના પૂર્વ શેઢે થઈ દક્ષિણ શેઢે થઈ સરવે નં. ૧૩૭ના દક્ષિણ શેઢે આવી પૂર્વ શેઢે ચાલતાં સર્વે નં. ૧૩૭ના દક્ષિણ શેઢે ચાલતાં, સર્વે નં. ૧૩૬ પૂર્વ શેઢે આવી ઉત્તર તરફ ચાલતાં સર્વે નં. ૧૩૮ના દક્ષિણ શેઢે ચાલી સર્વે નં. ૧૩૯, (૧૪૦) ના દક્ષિણ શેઢે ચાલતાં, સર્વે નં. ૧૪૨ના પૂર્વ શેઢે ચાલી દક્ષિણ તરફના શેઢે આવી પશ્ચિમ તરફ ચાલતાં સર્વે નં. ૧૪૪ના ઉત્તર શેઢે ચાલતાં સરવે નં. ૧૧૫, ૧૧૪ના ઉત્તર શેઢે થઈ સર્વે નં. ૯૦ના પૂર્વ શેઢે થઈ દક્ષિણ શેઢે થઈ પશ્ચિમ શેઢે થઈ જુનાગઢ રોડે આવી ઉત્તર તરફ રોડે રોડ ચાલતાં રેલ્વે લાઈન ક્રોસ કરી સર્વે નં. ૮૧, ૩૫ના પશ્ચિમ શેઢે થઈ રોડ ક્રોસ કરી સર્વે નં. ૩૩ના પૂર્વ શેઢે ચાલી સર્વ નંબર ૧૨ના પશ્ચિમ શેઢે થઈ સર્વે નં. ૧૩ના દક્ષિણ શેઢે થઈ કેનાલ ક્રોસ કરી પૂર્વ તરફ ચાલતાં બી. યુ. વેકરીયાના બંગલાના દક્ષિણ ભાગે ચાલી જગતરાય જેકાલાલના બંગલા ની દક્ષિણ બાજુ ચાલતાં માત્રી કૃપા સીમેન્ટ સેન્ટરના ખૂણે આવી, રોડ ઓળંગી, ડૉ. પી. સી. જોશીના બંગલે આવી, ત્યાંથી ઉત્તર તરફ ચાલી અમૃતલાલ માણેકચંદ દોશીના મકાન સુધીનો જમણા હાથનો તમામ વિસ્તાર.		
૧૧.	જીન પ્લોટ, જમનાદાસભાઈ વેકરીયાના તથા કાંતીભાઈ રાજગોરના ઘરવાળો હકાબાપુ ની શેરીનો પશ્ચિમ તરફનો ભાગ બાવાવાળાપરા જાગાકાળાના પુલની પૂર્વ તરફનો ટાકુડીપરા મેઈન રોડ સુધીનો વિસ્તાર.	૪૩	૫/૪૩/૭૬ થી ૫/૪૩/૧૪૩
	કન્યાશાળા, સીંધીશાળા, પંડ્યા સ્કૂલ, ટાકુડીપરા મેઈન રોડની પશ્ચિમ તરફ વૈભવ ગેસ્ટ હાઉસ, કોળીલાઈન તથા જીન પ્લોટની ચક્કીવાળો વિસ્તાર.	૪૪	૫/૪૪/૧૪૪ થી ૫/૪૪/૨૩૧
	જેતપુર સ્ટેશન રોડની દક્ષિણ તરફનો કોળી લાઈન વાળો વડલી ચોક સુધીનો બાપુની વાડીવાળો વિસ્તાર	૪૫	૫/૪૫/૨૩૨ થી ૫/૪૫/૨૯૭
	બાપુની વાડીવાળો હનુમાનમંદિરની પૂર્વ તરફનો જેતપુર સ્ટેશન રોડ તરફનો વિસ્તાર,	૪૬	૫/૪૬/૨૯૮ થી ૫/૪૬/૩૭૪
	બાવાવાળાપરા કિસ્મત ડાઈંગની આજુબાજુ તથા જાગા કાળાના પુલ સુધીનો વિસ્તાર	૨૯	૪/૨૯/૧ થી ૪/૨૯/૭૮
	બાવાવાળાપરા દેવજી કાનજી વડાલીયાના ઘરની આસપાસનો વિસ્તાર	૩૦	૪/૩૦/૭૯ થી ૪/૩૦/૧૪૭
	બાવાવાળાપરા વોંકળી કાંઠે જીન પ્લોટ ઉત્તર તરફનો તથા બાવાવાળા પરા મલકાનના ચોરાની સામે પૂર્વ તરફનો વિસ્તાર	૩૧	૪/૩૧/૧૪૮ થી ૪,૩૧,૨૧૨
	બાવાવાળાપરા જાગા કાળાના પુલની પશ્ચિમ તરફનો સ્કુલ તથા ટાકુડીપરા રોડ વિસ્તાર.	૩૨	૪/૩૨/૨૧૩ થી ૪/૩૨/૨૮૭
	બાવાવાળાપરા વલ્લભભાઈ સખરેલીયાની શેરીવાળો તથા ગૌશાળા બાલમંદિરવાળો વિસ્તાર, સરદાર રોડની દક્ષિણ તરફનો ચક્કીવાળો વિસ્તાર	૩૩	૪/૩૩/૨૮૮ થી ૪/૩૩/૩૫૫
	બાવાવાળાપરા, ડૉ. ગીરધરભાઈના દવાખાનાની દક્ષિણ તરફનો વડાલીયાવાળો વિસ્તાર.	૩૪	૪/૩૪/૩૫૬ થી ૪/૩૪/૪૧૧
	બાવાવાળાપરા પટેલ જ્ઞાતિની વાડી પૂર્વ તરફનો જનતાનગર તથા સોસાયટીવાળો વિસ્તાર	૩૫	૪/૩૫/૪૧૨ થી ૪/૩૫/૪૮૦
	બાવાવાળાપરા હાઉસીંગ બોર્ડ વિસ્તાર બાવાવાળાપરા	૩૬	૪/૩૬/૪૮૧ થી ૪/૩૬/૬૩૬
	હાઉસીંગ બોર્ડ સોસાયટી જનતાનગર મીલ રોડની દક્ષિણ તરફનો રામાપીરની મંદિર સુધીનો વિસ્તાર.	૩૭	૪/૩૭/૬૩૭ થી ૪/૩૭/૭૩૭

નવીન બોર્ડ નંબર	લતાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરથી ઘર નંબરર
૧	૨	૩	૪
	જનતાનગર મીલ રોડની ઉત્તર તરફનો વિસ્તાર તથા વોંકળીની ઉત્તર તરફનો પટેલ જ્ઞાતિની વાડીનો પાછળનો ભાગ	૪૧	૪/૪૧/૯૫૬/થી ૪/૪૧/૧૦૧૩
	જનતાનગર વિસ્તાર તથા અમરનગર રોડ વિસ્તાર	૪૨	૪/૪૦/૯૦૦ થી ૪/૪૦/૯૫૫

હદનું વર્ણન

કિસ્મત ડાઈંગ સામે વોકળીના પુલના ખુણે નળ સ્ટેન્ડ પાસેથી વોકળીની પૂર્વ તરફ ચાલતા જાગા કાળાના પુલ પાસે આવી ત્યાંથી ઉત્તર તરફ શેરીમાં ચાલતાં ભીખુભાઈ પંડયાના મકાન લઈ જમનાદાસભાઈ વેકરીયાના મકાનના ખૂણાની સામે આવી ત્યાંથી પૂર્વ તરફ ચાલી હકા બાપુની શેરીનો પશ્ચિમ તરફનો ભાગ લઈ ભીમજીભાઈ ભુત પરસોતમભાઈ શીલુના મકાનની પાછળ પશ્ચિમ તરફનો ભાગ લેતાં કન્યાશાળા વાળા રોડે આવી પૂર્વ તરફ ચાલતા શાસનાધિકારીની કચેરી કન્યાશાળા સીંધી શાળા, પંડયા સ્કુલ લઈ ટાકડીપરા મેઈન રોડ ઓળંગી વૈભવ ગેસ્ટ હાઉસ આવી ત્યાંથી કોળી લાઈન તરફ જેતપુર સ્ટેશન રોડે ચાલી કેશા કાનાના મકાન લઈ ત્યાંથી પૂર્વ તરફ કોળી લાઈન લેતાં શામજી વંશરામના મકાન લઈ નારણ ભૈરા, ટપુભાઈ નાનજીના મકાન લઈ કાળાભાઈ છગનભાઈની દુકાન લઈ રોડે રોડ વડલી ચોક આવી જેતપુર સ્ટેશન રોડે દક્ષિણ તરફ ચાલી આર. સી. પાનની દુકાનના ખુણે આવી પશ્ચિમ તરફ રોડેરોડ ચાલી ટાકુડીપરા મેઈન રોડે આવી રોડે રોડ દક્ષિણ તરફ ચાલી લક્ષ્મી પાન સેન્ટરના ખુણે આવી ત્યાંથી દક્ષિણ તરફ ટાકુડીપરા હનુમાનના મંદિરની સામે પુલે આવી ત્યાંથી જનતાનગર તરફ જતાં રોડ ઉપર આવી ભાડીયા કુવા વિસ્તાર લઈ હાઉસીંગ બોર્ડ લઈ હાઉસીંગ બોર્ડના ખુણે જેન્તીભાઈ ખાલોસીયાની દુકાન લઈ પશ્ચિમ તરફ જનતાનગર રોડે ચાલતાં કેરોસીનનો ડેપો લઈ અમરનગર રોડે આવી રોડ ઓળંગી રોડની દક્ષિણ તરફનો જય ગુરૂદેવની પાનની દુકાનવાળો વિસ્તાર લેતાં પશ્ચિમ તરફ ચાલતા હનુમાન મંદિરવાળા ચોકમાં આવી ઉત્તર તરફ ચાલતાં રોડ ઓળંગી ગોવિંદભાઈ મુળજીભાઈ ક્યાડાના મકાને આવી ત્યાંથી વોંકળીના ઉતરી ફોગાભાઈ આયરના મકાન લઈ વોંકળી એ પૂર્વ તરફ ચાલતાં ટપુભાઈ ઉકાભાઈ કોટડીયાની વાડીના દક્ષિણ શેઢે આવી ત્યાંથી પટેલ જ્ઞાતિની વાડીના પૂર્વ ખુણે આવી ઉત્તર તરફ રામાણીના ડેલાની સામેના ભાગે ભોદાભાઈ મોહનભાઈ પટોડીયાના મકાનના ખુણે આવી ભદુભાઈ ઉસદડીયાના મકાન થઈ રોડ ઓળંગી હરીભાઈ ખાચરીયાના મકાનના ખુણે થઈ ઉત્તર તરફ રસ્તે ચાલતા સીધા વોંકળીમાં આવી બર્માવાળા પ્રાણભાઈના મકાન લઈ વોકળીમાં પૂર્વ તરફ ચાલતાં સીધા કિસ્મત ડાઈંગના ખુણે આવી મોટર સ્ટેન્ડ સુધી આવરી લઈ પરત આવતાં જમણા હાથ તરફનો તમામ વિસ્તાર.

૧૨.	બાપુની વાડીવાળો ટાકુડીપરા વોંકળીની ઉત્તર તરફ સરદાર પટેલ જ્ઞાતિની વાડી તથા સોસાયટી વિસ્તાર.	૪૯	૫/૪૯/૫૭૧ થી ૫/૪૯/૬૫૪
	ટાકુડીપરા હનુમાન મંદિર સામેનો વિસ્તાર ખાંટપા તથા રવજીભાઈ પાંભરના મકાન સુધીનો વિસ્તાર	૫૦	૫/૫૦/૬૫૫ થી ૫/૫૦/૭૦૧
	ખાંટપા તથા ટાકુડીપરા શેરી નં. ૫/૬ પાંભી શેરીવાળો વિસ્તાર	૫૧	૫/૫૧/૭૦૨ થી. ૫/૫૧/૭૬૨
	ટાકુડીપરા શેરી નં. ૬ની પૂર્વ તરફનો શેર ૭ તથા શેરી નં. ૮ સુધી ગઢવીભાઈના ઘરની આજુ--બાજુનો વિસ્તાર.	૫૨	૫/૫૨/૭૬૩ થી ૫/૫૨/૮૧૫
	ટાકુડીપરા ચંદ્રમૌલેશ્વર રોડની દક્ષિણ તરફનો શેરી નં.૭ તથા ૧૧ વચ્ચેનો વિસ્તાર.	૫૩	૫/૫૩/૮૧૬ થી ૫/૫૩/૮૮૫
	ટાકુડીપરા શેરી ૧૧ અને ૧૨ વાળો ખાડા વિસ્તાર કુંભાર ભઠ્ઠાની પૂર્વ તરફનો વાઘરીવાસ વિસ્તાર.	૫૪.	૫/૫૪/૮૮૬ થી ૫/૫૪/૯૫૮

INDEX

નવીન વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર	ઘર નંબરથી ઘર નંબર
૧	૨	૩	૪
	રૂપાવટી રોડની પશ્ચિમ તરફનો ટાકુડી પરા તથા મોઢવાડી વાળો રામનાથ મંદિર સુધી હનુમાન મંદિરનો દક્ષિણ તરફ લાદી રોડની પૂર્વ તરફનો ખાંટપા વિસ્તાર	૫૫	૫/૫૫/૯૫૯ થી ૫/૫૫/૧૦૭૮
	ટાકુડીપરા હનુમાન મંદિરથી પશ્ચિમ તરફ રઘુભાઈ જીવરાજભાઈ તથા ભનુભાઈ પાંભરના ઘરની આજુ-બાજુનો વિસ્તાર.	૫૬	૫/૫૬/૧૦૭૯
	ટાકુડીપરા ધનાબાપા ભૂવાના મકાનની તથા જમાદાર મીલવાળા પ્લોટની જમીનનો વિસ્તાર.	૫૭	૫/૫૭/૧૧૨૯ થી ૫/૫૭/૧૧૮૯
	ટાકુડીપરા રઘુ જીવરાજના પ્લોટવાળો એવરેસ્ટ ડાઈંગની દક્ષિણ તરફનો વિસ્તાર.	૫૮	૫/૫૮/૧૧૯૦ થી ૫/૫૮/૧૨૫૬
	ટાકુડીપરા મીલ રોડની દક્ષિણ તરફ એવરેસ્ટ ડાઈંગની પાછળ તથા અમરનગર રોડની દક્ષિણ તરફનો જમાદારના પ્લોટ વિસ્તાર.	૫૯	૫/૫૯/૧૨૫૭ થી ૫/૫૯/૧૩૩૩
	બાપુનીવાડી ટાકુડીપરા મેઈન રોડ નો પૂર્વ તરફનો જેતપુર સ્ટેશન રોડ સુધીનો વિસ્તાર.	૪૭	૫/૪૭/૩૭૫ થી ૫/૪૭/૪૮૨
	બાપુની વાડી રાઘવભાઈની સોસાયટી તથા કિસાન સોપના કારખાના સુધીનો વિસ્તાર.	૪૮	૫/૪૮/૪૮૩ થી ૫/૪૮/૫૭૦
	ભોજાપરા શંકરના મંદીર તથા નિશાળ વાળો વિસ્તાર	૧૩૨	૦/૧૩૨/૧૧૦ થી ૦/૧૩૨/૨૧૪
	ભોજાધાર સગરપરા શંકરનું મંદીર તથા ખોડીયાર માતાજીના મંદીરવાળો વિસ્તાર.	૧૩૩	૦/૧૩૩/૨૧૫ થી ૦/૧૩૩/૩૧૫

હદનું વર્ણન

નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અનુસાર જામનગર જિલ્લાની ધ્રોળ નગર પંચાયતના વોર્ડોના સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના આમુખમાં જણાવેલ આદેશ કરવામાં આવેલ છે. તા.૨૧-૨-૯૫ના આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવ્યા મુજબના વોર્ડોની બેઠક માટે ધ્રોળ નગર પંચાયતની સામાન્ય ચૂંટણી ડિસેમ્બર-૯૫ માં યોજવામાં આવેલ છે. તા.૨૧-૨-૯૫ ના આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવેલ અનામત બેઠકો એક સામાન્ય ચૂંટણી થયા પછીની સામાન્ય ચૂંટણી માટે ઉપરોક્ત નિયમોના નિયમ-૭ અન્વયે વારાફરતી ફરતી રાખવાના આદેશ રાજ્ય ચૂંટણી પંચ તરફથી કરવાના રહે છે.

૨. ભારતના સંવિધાનના અનુચ્છેદ-૨૪૩ (ડ) તથા ૨૪૩ (વ) (ક) તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭ની પેટાકલમ(૨)ના ખંડ(૩)ના પેટા ખંડ-ખ તથા ઉક્ત નિયમોના નિયમ-૬ તથા ૭ થી મળેલ સત્તાની રૂઇએ જામનગર જિલ્લાની ધ્રોળ નગર પંચાયતના આમુખમાં જણાવેલ આદેશ અનુસાર સીમાંકન થયેલ વોર્ડોની બેઠકો માટે હવે પછી થનાર બીજી સામાન્ય ચૂંટણી માટે આ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠકો તથા અનામત બેઠકોની ફાળવણી કરવા રાજ્ય ચૂંટણી પંચ આદેશ કરે છે.

૩. આ આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં ફાળવણી કરેલ અનામત બેઠકો રાજ્ય ચૂંટણી પંચ તરફથી નક્કી કરેલ માપદંડને અનુલક્ષીને કરવામાં આવી છે. તે મુજબ કોઇ વોર્ડમાં અનુસૂચિત જાતિ અને અગર અનુસૂચિત આદિજાતિ કે પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થતી હોય તો અગ્રતાના ધોરણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકની ફાળવણી કર્યા બાદ પછાતવર્ગ માટે બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે.

આદેશથી,

ચો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

બીજી સામાન્ય ચૂંટણી માટે.

અનુસૂચિ નં.૨

જામનગર જિલ્લાની ધ્રોળ નગર પંચાયતની સામાન્ય ચૂંટણી માટે વોર્ડવાર સામાન્ય બિન અનામત તથા અનામત બેઠકોની ફાળવણી દર્શાવતી વિગત.

---

૧. નગર પંચાયતની કુલ વસ્તી : ૧૭,૦૯૮

૨. કુલ વોર્ડોની સંખ્યા : ૭

૩. (૧) વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૨૪૩૭

(૨) સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૨૬૮૦

(૩) સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨૧૯૪

INDEX

૪. કુલ બેઠકોની સંખ્યા : ૨૧
૫. કુલ બેઠકો પૈકી મહિલા બેઠકોની સંખ્યા : ૭
૬. અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ તે પૈકી ૧ બેઠક મહિલા માટે.
૭. અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : કોઇ નહીં.
૮. પછાતવર્ગો માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ તે પૈકી ૧ બેઠક મહિલા માટે.
૯. કુલ અનામત બેઠકો : ૯ (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગોની તથા તે જાતિની મહિલાઓ સાથેની)
૧૦. કુલ સામાન્ય બેઠકો : ૧૨ (અનામત બેઠકો સિવાયની)

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	બીજી સામાન્ય ચૂંટણી માટે બેઠકની ફાળવણી		
			પહેલી બેઠકની ફાળવણી મહિલા અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૬૫૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૨૨૨૪	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૨૩૯૨	પછાતવર્ગ	અનુ.જાતિ	સામાન્ય
૪	૪	૨૨૨૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૨૬૧૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૩૨૨	અનુ.જાતિ	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૬૨૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય

યો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 430

REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] MONDAY, JANUARY 15, 1996/ PAUSA 25, 1917.

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ,
બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન, ગાંધીનગર,
તારીખ : ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬.

આમુખ : (૧) રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક:સમડ/૧૭૧૧૬/૯૫/ભાણવડ, તા.૨૮-૨-૯૫.

વિષય : ભાણવડ નગર પંચાયત માટે અનામત બેઠકોની ફાળવણી તથા બેઠકો વારાફરતી ફરતી રાખવા બાબત.

આ દે શ

ક્રમાંક: રાચપ/સમડ/૧૭૧૧૬/ભાણવડ/.- રાજ્ય ચૂંટણી પંચ તરફથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭ની પેટા કલમ-૨ ના ખંડ-૩ના પેટા ખંડ-ખ તથા મ્યુનિસિપલ બરોનાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો-૧૯૯૪ અનુસાર જેનો હવે પછી

INDEX

નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અનુસાર જામનગર જિલ્લાની ભાણવડ નગર પંચાયતના વોર્ડોના સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના આમુખમાં જણાવેલ આદેશ કરવામાં આવેલ છે. તા.૨૮-૨-૯૫ના આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવ્યા મુજબના વોર્ડોની બેઠક માટે ભાણવડ નગર પંચાયતની સામાન્ય ચૂંટણી ડિસેમ્બર-૯૫ માં યોજવામાં આવેલ છે. તા.૨૮-૨-૯૫ ના આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવેલ અનામત બેઠકો એક સામાન્ય ચૂંટણી થયા પછીની સામાન્ય ચૂંટણી માટે ઉપરોકત નિયમોના નિયમ-૭ અન્વયે વારાફરતી ફરતી રાખવાના આદેશ રાજ્ય ચૂંટણી પંચ તરફથી કરવાના રહે છે.

૨. ભારતના સંવિધાનના અનુચ્છેદ-૨૪૩ (ડ) તથા ૨૪૩ (વ) (ક) તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭ની પેટાકલમ(૨)ના ખંડ(૩)ના પેટા ખંડ-ખ તથા ઉકત નિયમોના નિયમ-૬ તથા ૭ થી મળેલ સત્તાની રૂઇએ જામનગર જિલ્લાની ભાણવડ નગર પંચાયતના આમુખમાં જણાવેલ આદેશ અનુસાર સીમાંકન થયેલ વોર્ડોની બેઠકો માટે હવે પછી થનાર બીજી સામાન્ય ચૂંટણી માટે આ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠકો તથા અનામત બેઠકોની ફાળવણી કરવા રાજ્ય ચૂંટણી પંચ આદેશ કરે છે.

૩. આ આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં ફાળવણી કરેલ અનામત બેઠકો રાજ્ય ચૂંટણી પંચ તરફથી નક્કી કરેલ માપદંડને અનુલક્ષીને કરવામાં આવી છે. તે મુજબ કોઇ વોર્ડમાં અનુસૂચિત જાતિ અને અગર અનુસૂચિત આદિજાતિ કે પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થતી હોય તો અગ્રતાના ધોરણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકની ફાળવણી કર્યા બાદ પછાતવર્ગ માટે બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે.

આદેશથી,

યો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

બીજી સામાન્ય ચૂંટણી માટે.

અનુસૂચિ નં.૨

જામનગર જિલ્લાની ભાણવડ નગર પંચાયતની સામાન્ય ચૂંટણી માટે વોર્ડવાર સામાન્ય બિન અનામત તથા અનામત બેઠકોની ફાળવણી દર્શાવતી વિગત.

૧. નગરપાલિકાની કુલ વસ્તી : ૧૬૭૧૨ (એન.આઇ.સી. પ્રમાણે ૧૬૭૧૫ છે.)
૨. કુલ વોર્ડોની સંખ્યા : ૭
૩. (૧) વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૨૩૮૭
(૨) સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૨૬૨૬
(૩) સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨૧૫૦

૪. કુલ બેઠકોની સંખ્યા : ૨૧
૫. કુલ બેઠકો પૈકી મહિલા બેઠકોની સંખ્યા : ૭
૬. અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ તે પૈકી ૧ બેઠક મહિલા માટે.
૭. અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : કોઇ નહીં.
૮. પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ તે પૈકી ૧ બેઠક મહિલા માટે.
૯. કુલ અનામત બેઠકો : ૯ (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા તે જાતિની મહિલાઓ સાથેની)
૧૦ કુલ સામાન્ય બેઠકો : ૧૨ (અનામત બેઠકો સિવાયની)

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	બીજી સામાન્ય ચૂંટણી માટે બેઠકની ફાળવણી		
			પહેલી બેઠકની ફાળવણી મહિલા અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૧૬૧	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૨૨૨૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૨૫૦	અનુ.જાતિ	સામાન્ય	સામાન્ય
૪	૪	૨૭૦૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૨૬૮૫	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૨૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૪૨૮	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય

ચો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

Extra No. 431

REGISTERED NO. G/GNR/8.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL.XXXVII] MONDAY, JANUARY 15, 1996/ PAUSA 25, 1917.

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police. the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ,
બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન, ગાંધીનગર,
તારીખ : ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬.

આમુખ : (૧) રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક:સમક/૧૭૧૧૯/૯૫, તા.૨૮-૨-૯૫.

વિષય : જામજોધપુર નગર પંચાયત માટે અનામત બેઠકોની ફાળવણી તથા બેઠકો વારાફરતી ફરતી રાખવા બાબત.

આ દે શ

ક્રમાંક: રાચપ/સમક/૧૭૧૧૮/૯૫.- રાજ્ય ચૂંટણી પંચ તરફથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭ની પેટા કલમ-૨ ના ખંડ-૩ના પેટા ખંડ-ખ તથા મ્યુનિસિપલ બરોનાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો-૧૯૯૪ અનુસાર જેનો હવે પછી

INDEX

નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અનુસાર જામનગર જિલ્લાની જામજોધપુર નગર પંચાયતના વોર્ડોના સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના આમુખમાં જણાવેલ આદેશ કરવામાં આવેલ છે. તા.૨૮-૨-૯૫ના આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવ્યા મુજબના વોર્ડોની બેઠક માટે જામજોધપુર નગર પંચાયતની સામાન્ય ચૂંટણી ડિસેમ્બર-૧૯૯૫ માં યોજવામાં આવેલ છે. તા.૨૮-૨-૯૫ ના આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવેલ અનામત બેઠકો એક સામાન્ય ચૂંટણી થયા પછીની સામાન્ય ચૂંટણી માટે ઉપરોક્ત નિયમોના નિયમ-૭ અન્વયે વારાફરતી ફેરવી રાખવાના આદેશ રાજ્ય ચૂંટણી પંચ તરફથી કરવાના રહે છે.

૨. ભારતના સંવિધાનના અનુચ્છેદ-૨૪૩ (ડ) તથા ૨૪૩ (વ) (ઙ) તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭ની પેટાકલમ(૨)ના ખંડ(૩)ના પેટા ખંડ-ખ તથા ઉક્ત નિયમોના નિયમ-૬ તથા ૭ થી મળેલ સત્તાની રૂઇએ જામનગર જિલ્લાની જામજોધપુર નગર પંચાયતના આમુખમાં જણાવેલ આદેશ અનુસાર સીમાંકન થયેલ વોર્ડોની બેઠકો માટે હવે પછી થનાર બીજી સામાન્ય ચૂંટણી માટે આ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠકો તથા અનામત બેઠકોની ફાળવણી કરવા રાજ્ય ચૂંટણી પંચ આદેશ કરે છે.

૩. આ આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં ફાળવણી કરેલ અનામત બેઠકો રાજ્ય ચૂંટણી પંચ તરફથી નક્કી કરેલ માપદંડને અનુલક્ષીને કરવામાં આવી છે. તે મુજબ કોઇ વોર્ડમાં અનુસૂચિત જાતિ અને અગર અનુસૂચિત આદિજાતિ કે પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થતી હોય તો અગ્રતાના ધોરણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકની ફાળવણી કર્યા બાદ પછાતવર્ગ માટે બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે.

આદેશથી,

યો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

બીજી સામાન્ય ચૂંટણી માટે.

અનુસૂચિ નં.૨

જામનગર જિલ્લાની જામજોધપુર નગર પંચાયતની સામાન્ય ચૂંટણી માટે વોર્ડવાર સામાન્ય બિન અનામત તથા અનામત બેઠકોની ફાળવણી દર્શાવતી વિગત,

૧. નગર પંચાયતની કુલ વસ્તી : ૨૦૬૧૬
૨. કુલ વોર્ડોની સંખ્યા : ૭
૩. (૧) વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૨૯૪૫
(૨) સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૩૨૩૯
(૩) સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨૬૫૧

INDEX

૪. કુલ બેઠકોની સંખ્યા : ૨૧
૫. કુલ બેઠકો પૈકી મહિલા બેઠકોની સંખ્યા : ૭
૬. અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૧ તે પૈકી મહિલા માટે કોઇ નહી.
૭. અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : કોઇ નહી.
૮. પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ તે પૈકી ૧ બેઠક મહિલા માટે.
૯. કુલ અનામત બેઠકો : ૯ (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા તે જાતિની મહિલાઓ સાથેની)
૧૦. કુલ સામાન્ય બેઠકો : ૧૨ (અનામત બેઠકો સિવાયની)

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	બીજી સામાન્ય ચૂંટણી માટે બેઠકની ફાળવણી		
			પહેલી બેઠકની ફાળવણી મહિલા અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૭૫૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૩૧૧૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૯૩૪	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય
૪	૪	૨૯૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૦૭૮	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૬	૬	૩૦૯૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૬૮૯	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય

ચો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 432

REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] MONDAY, JANUARY 15, 1996/ PAUSA 25, 1917.

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ,
બ્લોક નંબર:૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન, ગાંધીનગર,
તારીખ : ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬.

આમુખ : (૧) રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક:સમક/૧૭૧૨૦/૯૫, તા.૨૮-૨-૯૫.

વિષય : નવાગામ-ઘેડ નગર પંચાયત માટે અનામત બેઠકોની ફાળવણી તથા બેઠકો વારાફરતી ફરતી રાખવા બાબત.

આ દે શ

ક્રમાંક: રાચપ/સમક/૧૭૧૨૦/૯૫.- રાજ્ય ચૂંટણી પંચ તરફથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭ની પેટા કલમ-૨ ના ખંડ-૩ના પેટા ખંડ-ખ તથા મ્યુનિસિપલબારોનાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો-૧૯૯૪ અનુસાર જેનો હવે પછી

INDEX

નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અનુસાર જામનગર જિલ્લાની નવાગામ-ઘેડ નગર પંચાયતનાવોર્ડોના સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના આમુખમાં જણાવેલ આદેશ કરવામાં આવેલ છે.તા.૨૮-૨-૯૫ના આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવ્યા મુજબના વોર્ડોની બેઠક માટે નવાગામ-ઘેડ નગર પંચાયતની સામાન્ય ચૂંટણી ડિસેમ્બર-૯૫ માં યોજવામાં આવેલ છે. તારીખ : ૨૮-૨-૯૫ ના આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવેલ અનામત બેઠકો એક સામાન્ય ચૂંટણી થયા પછીની સામાન્ય ચૂંટણી માટે ઉપરોક્ત નિયમોના નિયમ-૭ અન્વયે વારાફરતી ફરતી રાખવાના આદેશ રાજ્ય ચૂંટણી પંચ તરફથી કરવાના રહે છે.

૨. ભારતના સંવિધાનના અનુચ્છેદ-૨૪૩ (ડ) તથા ૨૪૩ (વ) (ક) તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭ની પેટાકલમ(૨)ના ખંડ(૩)ના પેટા ખંડ-ખ તથા ઉક્ત નિયમોના નિયમ-૬ તથા ૭ થી મળેલ સત્તાની રૂઇએ જામનગર જિલ્લાની નવાગામ-ઘેડ નગર પંચાયતના આમુખમાં જણાવેલ આદેશ અનુસાર સીમાંકન થયેલ વોર્ડોની બેઠકો માટે હવે પછી થનાર બીજી સામાન્ય ચૂંટણી માટે આ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠકો તથા અનામત બેઠકોની ફાળવણી કરવા રાજ્ય ચૂંટણી પંચ આદેશ કરે છે.

૩. આ આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં ફાળવણી કરેલ અનામત બેઠકો રાજ્ય ચૂંટણી પંચ તરફથી નક્કી કરેલ માપદંડને અનુલક્ષીને કરવામાં આવી છે, તે મુજબ કોઇ વોર્ડમાં અનુસૂચિત જાતિ અને અગર અનુસૂચિત આદિજાતિ કે પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થતી હોય તો અગ્રતાના ધોરણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકની ફાળવણી કર્યા બાદ પછાતવર્ગ માટે બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે.

આદેશથી,

યો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

બીજી સામાન્ય ચૂંટણી માટે.

અનુસૂચિ નં.૨

જામનગર જિલ્લાની નવાગામ-ઘેડ નગર પંચાયતની સામાન્ય ચૂંટણી માટે વોર્ડવાર સામાન્ય બિન અનામત તથા અનામત બેઠકોની ફાળવણી દર્શાવતી વિગત.

---

૧. નગર પંચાયતની કુલ વસ્તી : ૧૭૯૯૭

૨. કુલ વોર્ડોની સંખ્યા : ૭

૩. (૧) વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૨૫૭૧

(૨) સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ : ૨૮૨૮

(૩) સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨૩૧૪

INDEX

૪. કુલ બેઠકોની સંખ્યા : ૨૧
૫. કુલ બેઠકો પૈકી મહિલા બેઠકોની સંખ્યા : ૭
૬. અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૧ તે પૈકી - બેઠક મહિલા માટે.
૭. અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : કોઇ નહીં.
૮. પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ તે પૈકી ૧ બેઠક મહિલા માટે.
૯. કુલ અનામત બેઠકો : ૯ (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા તે જાતિની મહિલાઓ સાથેની)
૧૦. કુલ સામાન્ય બેઠકો : ૧૨ (અનામત બેઠકો સિવાયની)

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	બીજી સામાન્ય ચૂંટણી માટે બેઠકની ફાળવણી		
			પહેલી બેઠકની ફાળવણી મહિલા અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૪૫૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૨૪૯૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૮૬૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૨૪૭૩	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૨૪૭૭	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૫૫૭	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય
૭	૭	૨૬૭૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય

યો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 433 REGISTERED NO. [illegible]

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] MONDAY, JANUARY 15, 1996/ PAUSA 25, 1917.

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ,
બ્લોક નંબર.૯, છઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન, ગાંધીનગર,
તારીખ : ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬.

આમુખ : (૧) રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક:સમક/૧૭૧૨૧/૯૫.

વિષય : સલાયા નગર પંચાયત માટે અનામત બેઠકોની ફાળવણી તથા બેઠકો વારાફરતી ફરતી રાખવા બાબત.

આ દે શ

ક્રમાંક: રાચપ/સમક/૧૭૧૨૧/૯૫.- રાજ્ય ચૂંટણી પંચ તરફથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭ની પેટા કલમ-૨ ના ખંડ-૩ના પેટા ખંડ-ખ તથા મ્યુનિસિપલબરોનાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો-૧૯૯૪ અનુસાર જેનો હવે પછી

નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે અનુસાર જામનગર જિલ્લાની સલાયા નગર પંચાયતના વોર્ડોના સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના આમુખમાં જણાવેલ આદેશ કરવામાં આવેલ છે. તા.૨૮-૨-૯૫ના આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવ્યા મુજબના વોર્ડોની બેઠક માટે સલાયા નગર પંચાયતની સામાન્ય ચૂંટણી ડિસેમ્બર-૯૫ માં યોજવામાં આવેલ છે. તા.૨૮-૨-૯૫ ના આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવેલ અનામત બેઠકો એક સામાન્ય ચૂંટણી થયા પછીની સામાન્ય ચૂંટણી માટે ઉપરોક્ત નિયમોના નિયમ-૭ અન્વયે વારાફરતી ફરતી રાખવાનાં આદેશ રાજ્ય ચૂંટણી પંચ તરફથી કરવાના રહે છે.

૨. ભારતના સંવિધાનના અનુચ્છેદ-૨૪૩ (ડ) તથા ૨૪૩ (ધ) (ક) તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭ની પેટાકલમ(૨)ના ખંડ(૩)ના પેટા ખંડ-ખ તથા ઉક્ત નિયમોના નિયમ-૬, તથા ૭ થી મળેલ સત્તાની રૂઇએ જામનગર જિલ્લાની સલાયા નગર પંચાયતના આમુખમાં જણાવેલ આદેશ અનુસાર સીમાંકન થયેલ વોર્ડોની બેઠકો માટે હવે પછી થનાર બીજી સામાન્ય ચૂંટણી માટે આ સાથેની અનુસૂચિ નં.૨ માં જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠકો તથા અનામત બેઠકોની ફાળવણી કરવા રાજ્ય ચૂંટણી પંચ આદેશ કરે છે.

૩. આ આદેશ સાથેની અનુસૂચિ નં.૨ માં ફાળવણી કરેલ અનામત બેઠકો રાજ્ય ચૂંટણી પંચ તરફથી નક્કી કરેલ માપદંડને અનુલક્ષીને કરવામાં આવી છે. તે મુજબ કોઇ વોર્ડમાં અનુસૂચિત જાતિ અને અગર અનુસૂચિત આદિજાતિ કે પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થતી હોય તો અગ્રતાના ધોરણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકની ફાળવણી કર્યા બાદ પછાતવર્ગ માટે બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે.

આદેશથી,

યો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

બીજી સામાન્ય ચૂંટણી માટે.

અનુસૂચિ નં.૨

જામનગર જિલ્લાની સલાયા નગર પંચાયતની સામાન્ય ચૂંટણી માટે વોર્ડવાર સામાન્ય બિન અનામત તથા અનામત બેઠકોની ફાળવણી દર્શાવતી વિગત.

૧. નગર પંચાયતની કુલ વસ્તી : ૧૯૩૬૨
૨. કુલ વોર્ડોની સંખ્યા : ૭
૩. (૧) વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૨૭૬૬
(૨) સરેરાશ વસ્તી ૧૦ ટકા વધુ મુજબ : ૩૦૪૨
(૩) સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ મુજબ : ૨૪૯૦

INDEX

૪. કુલ બેઠકોની સંખ્યા : ૨૧
૫. કુલ બેઠકો પૈકી મહિલા બેઠકોની સંખ્યા : ૭
૬. અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : - તે પૈકી - બેઠક મહિલા માટે.
૭. અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : - તે પૈકી - બેઠક મહિલા માટે.
૮. પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૨ તે પૈકી ૧ બેઠક મહિલા માટે.
૯. કુલ અનામત બેઠકો : ૮ (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા તે જાતિની મહિલાઓ સાથેની)
૧૦. કુલ સામાન્ય બેઠકો : ૧૩ (અનામત બેઠકો સિવાયની)

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	બીજી સામાન્ય ચૂંટણી માટે બેઠકની ફાળવણી		
			પહેલી બેઠકની ફાળવણી મહિલા અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૮૫૨	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૨૫૧૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૯૦૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૦૪૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૨૮૭૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૫૦૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૬૭૧	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય

યો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 434

REGISTERED NO. G/GNR/8

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] MONDAY, JANUARY 15, 1996/ PAUSA 25, 1917.

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ,
બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન, ગાંધીનગર,
તારીખ : ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬.

આમુખ : (૧) રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક:જમક/૧૧૯૪/૭૨-૯૫૦,
તા.૮-૩-૧૯૯૫.

વિષય : જામનગર મહાનગરપાલિકા માટે અનામત બેઠકોની, ફાળવણી તથા બેઠકો બારાફરતી ફરતી રાખવા બાબત.

આ દે શ

ક્રમાંક:રાચપ/જમક/જામ/૧૧૯૪/૯૫,- રાજ્ય ચૂંટણી પંચ તરફથી મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯નાં કલમ-૫ નીં પેટા કલમ-3 ના ખંડ (3) ના પેટા ખંડ-(ખ) તથા મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતમાં નિયમો ૧૯૯૪ અનુસાર જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે

INDEX

તે અનુસાર જામનગર જિલ્લાની જામનગર મહાનગરપાલિકાના વોર્ડોના સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના આમુખમાં જણાવેલ આદેશ કરવામાં આવેલ છે. તા.૮-૩-૯૫ ના આદેશ સાથેની અનુસુચિ નં.૨ માં જણાવ્યા મુજબનાં વોર્ડોની બેઠક માટે જામનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી જુન-૧૯૯૫ માં યોજવામાં આવેલ છે. તા.૮-૩-૯૫ ના આદેશ સાથેની અનુસુચિ નં.૨ માં જણાવેલ અનામત બેઠકો એક સામાન્ય ચૂંટણી થયા પછીની સામાન્ય ચૂંટણી માટે ઉપરોકત નિયમોના નિયમ-૭ અન્વયે વારાફરતી ફરતી રાખવાનાં આદેશ રાજ્ય ચૂંટણી પંચ તરફથી કરવાનાં રહે છે.

૨. ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩(ડ) તથા ૨૪૩(વ) (ક) તથા મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ ની કલમ-૫ ની પેટા કલમ-૩ ના ખંડ (૩) ના પેટા ખંડ-ક તથા ઉકત નિયમોના નિયમ-૬ તથા ૭ થી મળેલ સત્તાની રુઇએ જામનગર જિલ્લાની જામનગર મહાનગરપાલિકાના આમુખમાં જણાવેલ આદેશ અનુસાર સીમાંકન થયેલ વોર્ડોની બેઠકો માટે હવે પછી થનાર બીજી સામાન્ય ચૂંટણી માટે આ સાથેની અનુસુચિ નં.૨ માં જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠકો તથા અનામત બેઠકોની ફાળવણી કરવા રાજ્ય ચૂંટણી પંચ આદેશ કરે છે.

૩. આ આદેશ સાથેની અનુસુચિ નં.૨ માં ફાળવણી કરેલ અનામત બેઠકો રાજ્ય ચૂંટણી પંચ તરફથી નકકી કરેલ માપદંડને અનુલક્ષીને કરવામાં આવી છે. તે મુજબ કોઇ વોર્ડમાં અનુસુચિત જાતિ અને અગર અનુસુચિત આદિજાતિ કે પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થતી હોય તો અગ્રતાના ધોરણે અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિ માટે બેઠકની ફાળવણી કર્યા બાદ પછાતવર્ગ માટે બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે.

આદેશથી,

ઓ.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

બીજી સામાન્ય ચૂંટણી માટે.

અનુસુચિ નં.૨

જામનગર જિલ્લાનીજામનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે વોર્ડવાર સામાન્ય બિન અનામત તથા અનામત બેઠકોની ફાળવણી દર્શાવતી વિગત.

---

૧. નગરપાલિકાની કુલ વસ્તી : ૩,૧૧,૨૪૧
૨. કુલ વોર્ડોની સંખ્યા : ૭
૩. (૧) વોર્ડ દીઠ સરેરાશ વસ્તી : ૧૮,૩૦૮
(૨) સરેરાશ વસ્તી ૧૦ ટકા વધુ મુજબ : ૨૦,૧૩૮
(૩) સરેરાશ વસ્તી ૧૦ ટકા ઘટ્ટ મુજબ : ૧૬,૪૭૮

INDEX

૪. કુલ બેઠકોની સંખ્યા : ૫૧
૫. કુલ બેઠકો પૈકી મહિલા બેઠકોની સંખ્યા : ૧૭
૬. અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ૪ તે પૈકી ૧ બેઠક મહિલા માટે.
૭. અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા : ..તે પૈકી .. બેઠક મહિલા માટે.
૮. પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૫ તે પૈકી ૨ બેઠક મહિલા માટે.
૯. કુલ અનામત બેઠકો : ૨૩ (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા તે જાતિની મહિલાઓ સાથેની)
૧૦. કુલ સામાન્ય બેઠકો : ૨૮ (અનામત બેઠકો સિવાયની)

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	બીજી સામાન્ય ચૂંટણી માટે બેઠકની ફાળવણી		
			પહેલી બેઠકની ફાળવણી મહિલા અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૧૬૯૨૪	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૧૭૩૬૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૧૮૫૮૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૧૯૯૭૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૧૯૯૯૩	પછાતવર્ગ	અનુ.જાતિ	સામાન્ય
૬	૬	૧૭૪૫૭	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૧૬૯૭૪	અનુ.જાતિ	સામાન્ય	સામાન્ય
૮	૮	૧૭૨૩૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૧૬૮૨૩	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય
૧૦	૧૦	૧૬૭૨૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૧	૧૧	૧૭૫૨૬	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૨	૧૨	૨૬૭૯૦	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય
૧૩	૧૩	૧૭૫૪૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૪	૧૪	૧૯૦૨૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૫	૧૫	૧૭૫૧૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૬	૧૬	૨૦૬૦૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૭	૧૭	૨૦૧૭૩	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય

વો.જે.દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 435

REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] TUESDAY, JANUARY 16, 1996/PAUSA 26, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

અંજાર નગરપાલિકાના ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ-૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારોના નામોની જાહેરાત

અંજાર નગરપાલિકા પેટા ચૂંટણી, ૧૯૯૫.

ક્રમાંક : અંનપા/પે.ચૂં./પરિણામ વોર્ડ/૪/૯૬.

(૧) અંજાર નગરપાલિકાના નીચે જણાવેલ વોર્ડની પેટા ચૂંટણી તા. ૧૨/૧/૧૯૯૬નાં રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરિણામ ઉપરોક્ત નિયમોના નિયમ-૬૧ અન્વયે નમૂના નં. ૨૧ મુજબ તૈયાર કરી નિયમ-૬૩ અન્વયે જાહેર કરવામાં આવેલ છે.

(૨) ઉપરોક્ત નિયમોના નિયમ ૬૩ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નિયમ ૬૮ અન્વયે નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારને અંજાર નગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સીલર તરીકે જાહેર કરી તેઓના નામ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ક્રમ	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલ ઉમેદવારનું નામ	ચૂંટાયેલ ઉમેદવારનું સરનામું	પક્ષ સાથે જોડાણ
૧	૨	૩	૪	૫	૬
૧	૪	૩—સામાન્ય	ભરત પ્રાણલાલભાઈ શાહ	મોટા ફળીયું, જૈન નાતની પાસે, અંજાર	ભારતીય જનતા પક્ષ

સ્થળ : અંજાર

તારીખ : ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૬

સહી (અવાચ્ય),
ચૂંટણી અધિકારી,
અંજાર નગરપાલિકા અને
નાયબ જીલ્લા વિકાસ અધિકારી,
(મહેસૂલ) જીલ્લા પંચાયત,
ભૂજ (કચ્છ).

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 436 REGISTERED NO. G/GNR/

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] TUESDAY, JANUARY 16, 1996/PAUSA 26, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

વાપી નગરપાલિકાના ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ-૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારોના નામોની જાહેરાત.

વાપી નગરપાલિકા પેટા ચૂંટણી, ૧૯૯૫

ક્રમાંક : ચૂંટણી/ ન.પા. વાપી/૯૬.

(૧) વાપી નગરપાલિકા નીચે જણાવેલ વોર્ડની પેટા ચૂંટણી તા. ૧૨-૧-૯૬ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરિણામ ઉપરોક્ત નિયમોના નિયમ ૬૧ અન્વયે નમૂના નં. ૨૧ મુજબ તૈયાર કરી નિયમ ૬૩ અન્વયે જાહેર કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત નિયમોના નિયમ ૬૩, મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નિયમ-૬૮ અન્વયે નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવાર ને વાપી નગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સિલર તરીકે જાહેર કરી તેઓના નામો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

અ. નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલ ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામું	
૧.	૨.	૩.	૪.	૫.	૬.
૧	૮	અનુ. આદિજાતિ	શ્રીમતી હંસાબેન કાંતિલાલ પટેલ	કુંભારવાડ વાપી	ભારતીય જનતાપક્ષ

(સહી) અવાચ્ય,
ચૂંટણી અધિકારી,
વાપી નગરપાલિકા અને ચીટનીશ ટુ કલેક્ટર, વલસાડ.

સ્થળ : વાપી.
તા. ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૬.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 437

REGISTERED NO. G/GNR/3

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] TUESDAY, JANUARY 16, 1996/PAUSA 26, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

વઢવાણ નગરપાલીકાના ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગરપાલીકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ના નિયમ–૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારના નામની જાહેરાત.

વઢવાણ નગરપાલીકા પેટા ચૂંટણી ૧૯૯૫

ક્રમાંક : વઢવાણ નગરપાલીકા પેટા ચૂંટણી ૧૯૯૫.

(૧) વઢવાણ નગરપાલીકાના નીચે જણાવેલ વોર્ડની પેટા ચૂંટણી તા. ૧૨/૧/૯૬ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરીણામ ઉપરોકત નિયમોના નિયમ–૬૧ અન્વયે નમૂના નં. ૨૧ મુજબ તૈયાર કરી નિયમ–૬૩ અન્વયે જાહેર કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત નિયમોના નિયમ–૬૩, મુજબ જાહેર કરેલ પરીણાંમ મુજબ નિયમ–૬૮ અન્વયે નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારોને વઢવાણ નગરપાલિકાના ચૂંટાયેલ કાઉન્સીલર તરીકે જાહેર કરી તેઓનું નામ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

અ. નં.	વોર્ડ નં.	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલ ઉમેદવારનું નામ		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામું	
૧	૨	૩	૪	૫	૬
૧	૯	સામાન્ય	વજેસંગભાઈ બનેસંગભાઈ રાઠોડ	ખારવાની પોળ, મુળીવાસ, મુ. વઢવાણ.	...

સ્થળ : વઢવાણ

તારીખ : ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૬

(સહી) અવાચ્ય,
ચૂંટણી અધિકારી,
વઢવાણ નગરપાલીકા વોર્ડનં.૯
અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી
(મહેસૂલ), જિલ્લાપંચાયત, સુરેન્દ્રનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

IV-C-Extra-437-1

INDEX

Extra No. 438 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] WEDNESDAY, JANUARY 17, 1996/PAUSA 27, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

છઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન, ગાંધીનગર, ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૬.

આદેશ

ક્રમાંક : રાચપ-ચટણ-મતય-ગ્રા. પં.--૯૬,

૧. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૭, ૧૮, ૨૦ (૧) અન્વયે ગુજરાત રાજ્યની ગ્રામ પંચાયતોની વોર્ડવાર તૈયાર કરેલ મતદાર યાદીઓ રાખવા અને તેની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કલમ ૨૦ (૨) તથા ૨૦ (૭) અન્વયે રાજ્ય ચૂંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને કરવાની રહે છે.

૨. રાજ્ય ચૂંટણી પંચના નીચેના આદેશ/પરિપત્ર ક્રમાંક તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૩ થી નિયત કરેલ નમુનાઓ તથા રાજ્ય ચૂંટણી પંચ તરફથી નિયત કરેલ નમુનાઓ અનુસાર ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદાર યાદીઓ ગુજરાત વિધાનસભાની નીચેની આખરી પ્રસિધ્ધ થયેલ મતદાર યાદીઓ ઉપરથી નિર્દિષ્ટ અધિકારી તાલુકા વ મામલતદારશ્રીઓએ તૈયાર કરવાની રહે છે.

(૧) ૧. આદેશ ક્રમાંક :રાચપ-ચટણ-પચત-મતય-જીતાપં.--૯૫, તા. ૩૦--૩--૯૫.

૨. આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-મતય-જીતાપં--૯૫, તા. ૬--૪--૯૫.

૩. પરિપત્ર ક્રમાંક : રાચપ-ચટણ-પચત-મતય-જીતાપં--૯૫, તા. ૫--૪--૯૫.

૪. આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-મતય-૯૫, તા. ૨૪--૭--૯૫.

(૨) ૧. વિધાનસભા મતદાર વિભાગની મૂળ મતદાર યાદી ૧૯૯૫.

૨. પુરવણી મતદાર યાદી ૧૯૯૫.

૩. પુરવણી મતદાર યાદી ૧૯૯૬.

INDEX

૩. ગુજમત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૦ (૨) તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૩ થી મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી પંચ રાજ્યનો તમામ જિલ્લાઓની નીચેની તારીખોએ મુદત પુરી થાય છે તેવી તેમજ ગ્રામ પંચાયતોનું વિભાજન થતા નવી રચાયેલ ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદાર યાદીઓ નિર્દિષ્ટ અધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓએ તૈયાર કરવાનું અને તૈયાર કરેલ વોર્ડવાર મતદાર યાદીઓની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કરવા માટે નીચે પ્રમાણે કાર્યક્રમ નક્કી કરે છે.

૧. તા. ૧-૩-૯૬ થી તા. ૩૧-૧૨-૯૬ સુધી પુરી થતી મુદતવાળી ગ્રામ પંચાયતો.

૨. તા. ૩૧-૧-૯૬ સુધીમાં ગ્રામ પંચાયતોનું વિભાજન થતાં નવી રચાયેલ ગ્રામ પંચાયતો તેમજ નવીન રચાનારં ગ્રામ પંચાયતો

		કાર્યક્રમ
૧.	તા. ૧-૧-૯૬ ની સ્થિતિ એ તૈયાર થયેલ વિધાનસભાની મતદાર યાદી ઉપરથી વોર્ડવાર મતદાર યાદીઓ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવાની સમય મર્યાદા	૨૫ દિવસ
૨.	હસ્તલીખીત વોર્ડવાર મતદાર યાદીની પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખ	૧૨-૨-૯૬
૩.	નિયમ-૩ (ક) તથા ૩ (ખ) અન્વયે દાવા અરજીઓ/વાંધા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ.	૨૦-૨-૯૬
૪.	રજુ થયેલ દાવા અરજીઓ/વાંધાની ચકાસણી તથા દાવા/વાંધા પરત્વે નિયમ-૩ (ગ) (૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ.	૨૮-૨-૯૬
૫.	વોર્ડવાર પુરવણી હસ્તલીખીત મતદાર યાદી તૈયાર કરવાની તારીખ :	૨-૩-૯૬
૬.	વોર્ડવાર હસ્તલીખીત મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિની તારીખ.	૬-૩-૯૬

૪. રાજ્ય ચૂંટણી પંચના પેરા-૨માં જણાવેલ આદેશો તથા પરિપત્રોમાં આપેલ સુચના અનુસાર અને ૧૯૯૬ની સાલની મતદાર યાદીઓ તૈયાર કરવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

(૧) વોર્ડવાર મતદાર યાદીના મથાળામાં ૧૯૯૫ ને બદલે ૧૯૯૬ એ મુજબ દર્શાવવાનું રહેશે.

(૨) વિધાનસભાની ૧૯૯૫ની મુળ મતદાર યાદીમાં ૧૯૯૫ ની તથા ૧૯૯૬ ની સાલની પુરવણી મતદાર યાદી મુજબ સૌપ્રથમ સુધારા વધારા કરવાના રહેશે.

(૩) કમી મતદારોના નામો કમી કરવાના રહેશે.

(૪) સુધારા યાદી મુજબ જે તે નામો તેમજ અન્યે વિગતોમાં સુધારા કરવાના રહેશે.

(૫) પુરવણી મતદાર યાદી મુજબના નવીન મતદારોનાં નામો જે તે ઘર/ કુટુંબના મતદારોના નામો સાથે રાખી મતદારો જે તે અનુક્રમ નંબરો પછી દાખલ કરવા નામો અંતર્ગત કરવાનાં રહેશે.

(૬) આ મતદાર યાદીઓ તા. ૧-૧-૯૬ના રોજની સ્થિતિએ તૈયાર કરવાની છે જેથી ૧૯૯૫ની સાલની મુળ તથા પુરવણી મતદાર યાદીમાં જણાવેલ ઉંમરમાં એક વર્ષ ઉમેરીને ઉંમર દર્શાવવાની રહેશે. જ્યારે ૧૯૯૬ ની સાલની પુરવણી મતદારયાદીમાં જણાવેલ ઉંમરમાં કોઈ ફેરફાર કર્યા સિવાય મતદાર યાદીમાં દર્શાવેલ ઉંમર દર્શાવવાની રહેશે.

(૭) પ્રાથમિક પ્રસિધ્ધિ બાદ પુરવણી યાદી તૈયાર કરવામાં આવે તેમાં પણ યાદીના મથાળામાં ૧૯૯૫ને બદલે ૧૯૯૬ એ મુજબ દર્શાવવાનું રહેશે.

(૮) નમુના નં. ૨ મુજબ મતદાર યાદી તૈયાર કરવા માટે કોલમ નં. ૬માં તા. ૧-૧-૯૫ના રોજની ઉંમરને બદલે તારીખ ૧-૧-૯૬ના રોજની ઉંમર " એ મુજબ મુળ મતદાર મતદાર યાદી તથા પુરવણી મતદાર યાદીમાં દર્શાવવાનું રહેશે.

૫. ઉપર પ્રમાણે વિધાનસભાની મુળ મતદાર યાદીમાં નવીન નામો જે તે સ્થળે દાખલ કરી, કમી મતદારોના નામો કમી કરી સુધારા યાદી મુજબ સુધારા કર્યા બાદ વોર્ડવાર નક્કી કરેલ વિસ્તારના મતદારોની ખાત્રી કરી વોર્ડવાર મતદારયાદીની હસ્ત લીખીત મતદાર યાદી તૈયાર કરાવવાની રહેશે.

INDEX

૬. ગ્રામ પંચાયતોની વોર્ડવાર હસ્ત લીખીત મતદાર યાદીઓ ઉપરથી જરૂરીયાત મુજબ ટાઈપ/સાઈકલોસ્ટાઈલ/ઝેરોક્ષ કઢાવી ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી સમયે ઉપયોગમાં લેવાનું ચૂંટણીપંચ નકકી કરે છે.

૭. રાજ્ય ચૂંટણી પંચના પેરા-૨માં જણાવેલ તા. ૨૪-૭-૯૫ના આદેશ અનુસાર ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદાર યાદીઓ તૈયાર કરાવવામાં આવે તેની ૧૦૦ ટકા ચકાસણી કરાવવાની વ્યવસ્થા જિલ્લા ચૂંટણી અધિકારીઓએ કરાવવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે. આ ચકાસણી માટે અધિકારીઓ/કર્મચારીઓ વચ્ચે ગ્રામ પંચાયતોની ફાળવણી જીલ્લા ચૂંટણી અધિકારીએ કરવાની રહેશે. તે માટે મહેસૂલ ખાતાના સર્કલ ઈન્સ્પેકટર, પંચાયતના સર્કલ ઈન્સ્પેકટર કે તેની ઉપરની કક્ષાના કર્મચારીઓ/અધિકારીઓને ગ્રામ પંચાયતોની ફાળવણી કરી ચકાસણી કરાવવાની રહેશે. તેઓએ તલાટી-કમ-મંત્રીએ તૈયાર કરેલી યાદીની દરેક વોર્ડની ૧૦ ટકા નોંધની ચકાસણી કરવાની રહેશે. મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ વોર્ડવાર ૫ ટકા નોંધની ચકાસણી કરવાની રહેશે. મતદાર નોંધણી અધિકારીઓએ તે માટે તાલુકા કક્ષાના ઉપર જણાવેલા કર્મચારીઓ વચ્ચે ગ્રામ પંચાયતોની વહેંચણી કરવાની રહેશે. જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી/મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારી વચ્ચે તાલુકાની ગ્રામ પંચાયતોની વહેંચણી કરશે. અને તે મુજબ ચકાસણી કરેલ હોય તેની વિગતો સંબંધકર્તા અધિકારીઓ પાસેથી મેળવવાની રહેશે જેની જાણ રાજ્ય ચૂંટણી પંચને કરવાની રહેશે.

૮. પેરા-૩ મુજબ ગ્રામ પંચાયતોની વોર્ડવાર આખરી પ્રસિધ્ધિ થયેલ મતદાર યાદીઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૦(૬) અનુસાર આદેશ ક્રમાંક :રાચપ-ચટણ-પચત-મતય-૯૫ તા. ૩-૫-૯૫ મુજબ ગ્રામ પંચાયતની સામાન્ય/પેટા ચૂંટણી માટે ઉમેદવારીપત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ પહેલાંની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકાશે. નામ સુધારી શકાશે અને નામો કમી કરી શકાશે.

આ આદેશ અનુસાર વોર્ડવાર મતદાર યાદીઓ તૈયાર કરી કાર્યક્રમ અનુસાર પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કરવા તથા આદેશ અનુસાર અમલ કરવા માટે જીલ્લાના નિર્દિષ્ટ અધિકારી વ મામલતદારશ્રીઓને સૂચનાઓ આપવા તેમજ તેઓને આ આદેશની નકલો જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મોકલવાની રહેશે.

આદેશથી,

પો. જે. દીક્ષિત,

સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

Extra No. 439

REGISTERED NO. G/GNR

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vlo. XXXVII THURSDAY, JANUARY 18, 1996/PAUSA 28, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates, and the Election Commission, Election Tribunals, Returning Officers, and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ

બ્લોક નં. ૯, છઠ્ઠો માળ

સરદાર પટેલ ભવન

ગાંધીનગર, ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૬.

આદેશ

(૧) ક્રમાંક : રાચપ-ચટણ-ન.પા.-મતય-૯૬.— ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૯ની પેટા-કલમ (૨) ૨(ક) તથા (૩) અનુસાર નગરપાલિકા/નગરપંચાયતોની વૉર્ડવાર/વિભાગવાર મતદાર યાદીઓ રાજ્ય ચુંટણી પંચે કલમ ૬(૪) અનુસાર તૈયાર કરાવવાની રહે છે.

(૨) રાજ્ય ચુંટણી પંચના નીચેના આદેશો તથા પરિપત્રોની સૂચનાઓ અનુસાર ૧૯૯૫ની ગુજરાત વિધાનસભાની મુળ મતદાર યાદી ૧૯૯૫ની પૂરવણી મતદાર યાદી અને ૧૯૯૬ની પૂરવણી મતદાર યાદી સહિત તા. ૨જી જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ આખરી પ્રસિધ્ધ થયેલ મતદાર યાદીઓ ઉપરથી મતદાર નોંધણી અધિકારી અને સંબંધ-કર્તા તાલુકા મામલતદારશ્રીઓએ નગરપાલિકાઓ/નગરપંચાયતોની વૉર્ડવાર વિભાગવાર મતદાર યાદીઓ તૈયાર કરવાની રહે છે.

૧. આદેશ નં. રાચપ-ચટણ-ન.પા.-પીડીઈ-૯૫, તા. ૨૭-૧-૯૫.
૨. આદેશ નં. રાચપ-ચટણ-ન.પા.-મતય-૯૫, તા. ૩૦-૬-૯૫.
૩. પરિપત્ર નં. રાચપ-ચટણ-ન.પા. -પીડીઈ ૯૫, તા. ૨૭-૧-૯૫,

(૩) રાજ્ય ચુંટણી પંચ તરફથી આ સાથેની અનુસુચિમાં જણાવેલ નગરપાલિકાઓ/નગરપંચાયતોના વૉર્ડોના સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના આખરી આદેશો બહાર પાડેલ છે. નગરપાલિકાઓ/નગરપંચાયતોના સીમાંકનના આદેશો મુજબના વૉર્ડોની વૉર્ડવાર તેમજ વિભાગવાર મતદાર યાદીઓ પેરા - ૨ માં જણાવેલ આદેશો તથા પરિપત્રોમાં આપેલ સુચના અનુસાર સને ૧૯૯૬ ની સાલની તૈયાર કરવાનું રાજ્ય ચુંટણી પંચ નક્કી કરે છે.

INDEX

૧. આ મતદારયાદીઓ તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ના રોજની સ્થિતિએ તૈયાર કરવાની છે જેથી ૧૯૯૫ની સાલની મૂળ તથા પુરવણી, મતદાર યાદીમાં જણાવેલ ઉંમરમાં એક વર્ષ ઉમેરીને ઉંમર દર્શાવવાની રહેશે. જ્યારે ૧૯૯૬ની સાલની પુરવણી યાદીમાં જણાવેલ ઉંમરમાં કોઈ ફેરફાર કર્યા સિવાય મતદાર યાદીમાં દર્શાવેલ ઉંમર દર્શાવવાની રહેશે.

૨. વોર્ડવાર વિભાગવાર મતદારયાદીના મથાળામાં ૧૯૯૫ને બદલે ૧૯૯૬ એ મુજબ દર્શાવવાનું રહેશે.

૩. વિધાનસભાની ૧૯૯૫ની મુળ મતદાર યાદીમાં ૧૯૯૫ની સાલની તથા ૧૯૯૬ની સાલની પુરવણી મતદાર યાદી મુજબ સૌ પ્રથમ સુધારા વધારા કરવાના રહેશે.

૪. ૧૯૯૫ તથા ૧૯૯૬ની સાલની પુરવણી મતદાર યાદી મુજબ નવીન મતદારોના નામો જે તે ઘર/કુટુંબના મતદારોના નામો સાથે રાખી મતદારો જે તે અનુક્રમ નંબરો પછી દાખલ કરવા નામો અંતર્ગત કરવાના રહેશે.

૫. કમી મતદારોના નામો કમી કરવાના રહેશે.

૬. સુધારા યાદી મુજબ જે તે નામો તેમજ અન્ય વિગતોમાં સુધારા કરવાના રહેશે.

૭. પ્રાથમિક પ્રસિધ્ધિ બાદ પુરવણી યાદી તૈયાર કરવામાં આવે તેમાં પણ યાદીના મથાળામાં ૧૯૯૫ને બદલે ૧૯૯૬ એ મુજબ દર્શાવવાનું રહેશે.

૮. નમુના નં. ૩ મુજબ મતદાર યાદી તૈયાર કરવા માટે કોલમ નં. ૬માં "તા. ૧-લી જાન્યુઆરી, ૧૯૯૫ના રોજની ઉંમર" ને બદલે "તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ના રોજની ઉંમર" એ મુજબ મૂળ મતદાર યાદી તથા પુરવણી મતદાર યાદીમાં દર્શાવવાનું રહેશે.

(૪) નગરપાલિકા/નગરપંચાયતોની વોર્ડવાર તથા વિભાગવાર મતદાર યાદીઓ મતદાર નોંધણી અધિકારીઓએ અને સંબંધકર્તા તાલુકા મામલતદારશ્રીઓએ તૈયાર કરવા અને ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમ ૧૯૯૪ નાં નિયમ-૪ના પેટા-નિયમ-૩ તથા ૪ અન્વયે મતદાર નોંધણી અધિકારીઓએ નગરપાલિકાઓ/ નગરપંચાયતોની વોર્ડવાર તૈયાર કરેલી મતદાર યાદીની પ્રાથમિક તેમજ આખરી પ્રસિધ્ધિ કરવા રાજ્ય ચુંટણી પંચ નીચે પ્રમાણે કાર્યક્રમ નક્કી કરવા આદેશ કરે છે. જે દિવસે પ્રાથમિક પ્રસિધ્ધિ કરે તે જ દિવસ તે મતલબની જાહેર સૂચના વર્તમાનપત્રોમાં આપવા તેમજ તેવી જ રીતે મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ જે દિવસે કરવામાં આવે તે જ દિવસે તે મતલબની જાહેર સૂચના વર્તમાનપત્રોમાં આપવા આદેશ કરે છે.

		કાર્યક્રમ.
(૧)	૧-૧-૯૬ ની સ્થિતિએ તૈયાર થયેલી વિધાનસભાની મતદાર યાદી ઉપરથી વોર્ડવાર વિભાગવાર તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવાની સમય મર્યાદા.	એક માસ
(૨)	હસ્તલિખિત મતદાર યાદીની પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખ.	તા. ૨૨-૨-૯૬
(૩)	નિયમ-૬ અન્વયે દાવા રજુ કરવા માટેની છેલ્લી તારીખ.	તા. ૪-૩-૯૬
(૪)	નિયમ-૬ અન્વયે રજૂ થયેલ દાવાની ચકાસણી તથા દાવા પરત્વે નિર્ણય કરવા માટેની આખરી તારીખ	તા. ૧૪-૩-૯૬
(૫)	વોર્ડવાર વિભાગવાર પુરવણી હસ્તલિખિત મતદાર યાદી તૈયાર કરાવવાની તારીખ.	તા. ૧૮-૩-૯૬
(૬)	નિયમ-૭ (૧) અન્વયે હસ્તલિખિત મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિની તારીખ.	તા. ૨૨-૩-૯૬

(૫) મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રીઓએ વિધાનસભાની મતદાર યાદી ઉપરથી તૈયાર કરેલ નગરપાલિકા/નગરપંચાયતની વોર્ડવાર અને વિભાગવાર મતદાર યાદીઓ સૌ પ્રથમ હસ્તલિખિત તૈયાર કરવાની છે. આ યાદીઓ છપાવવાની નથી પરંતુ હસ્તલિખિત યાદીની ત્રણથી ચાર પ્રતો તૈયાર કરવાની છે. હસ્તલિખિત યાદી ટાઈપ અગર ઝેરોક્ષ કરાવવાની નથી.

આ સુચના પેરા ૬માં જણાવેલી નગરપાલિકાની વોર્ડની પેટા ચુંટણી યોજવાની રહેતી હોઈ તે શહેરોની જે તે વોર્ડની મતદાર યાદીઓના હસ્તલિખિત પ્રતોની પ્રાથમિક પ્રસિધ્ધિ નહીં કરતા છપાયેલી મતદાર યાદીઓ જ પ્રાથમિક પ્રસિધ્ધિ માટે તૈયાર કરવાની રહેશે.

(૬) અનુસૂચિમાં જણાવેલ નગરપાલિકાઓ પૈકી નીચે જણાવેલ નગરપાલિકા સામેના વોર્ડની ખાલી પડેલ બેઠકની ટુંક સમયમાં મતદાર યાદીઓ તૈયાર થયા બાદ પેટા ચુંટણી યોજવાની હોવાથી આ નગરપાલિકાની સામે જણાવેલ વોર્ડની વિભાગવાર તૈયાર કરેલ મતદાર યાદી પ્રાથમિક પ્રસિધ્ધિ પહેલા છપાવવા તેમજ વાંધાસૂચનોને અનુલક્ષીને તૈયાર થયેલ પુરવણી મતદાર યાદી સાથેની આખરી પ્રસિધ્ધિ થાય તેની ૫૦-૫૦ પ્રતો પેટા ચુંટણી માટે છપાવવાનું રાજ્ય ચુંટણી પંચ નક્કી કરે છે. આ મતદારયાદી છપાવવાની કામગીરી પ્રાથમિક તેમજ આખરી પ્રસિધ્ધિ કરવાની નક્કી કરેલ તારીખ પહેલાં પૂર્ણ કરવાની રહેશે. અને તે માટે સંબંધકર્તા નગરપાલિકાના મતદાર નોંધણી અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓએ નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

INDEX

અ.નં.	જિલ્લાનું નામ.	નગરપાલિકાનું નામ.	ખાલી પડેલ બેઠકની પેટાચુંટણી યોજવાની છે તે	
			વૉર્ડ નંબર	બેઠકનો પ્રકાર
૧	૨	૩	૪	૫
૧	ભાવનગર	મહુવા	૧૨	સામાન્ય
૨	ભરૂચ	જંબુસર	૭	પછાતવર્ગ
૩	કચ્છ	માંડવી	૪	સામાન્ય

(૭) અનુસૂચિમાં જણાવેલ નગરપાલિકા/નગરપંચાયતો પૈકી નીચે જણાવેલ નગરપાલિકા/ નગરપંચાયતોની સામાન્ય ચુંટણી યોજવાની હોવાથી વૉર્ડવાર/વિભાગવાર મતદાર યાદીઓ પ્રાથમિક તેમજ પ્રસિધ્ધિ પહેલાં આખરી પ્રસિધ્ધિ માટેની મતદાર યાદીઓ ઉપર પેરા ૩-૪ માં જણાવ્યા મુંજબ ૫૦-૫૦ પ્રતો છપાવવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે. મતદાર નોંધણી અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીએ નિયમાનુસાર કાર્યવાહી કરી વૉર્ડવાર વિભાગવાર મતદાર યાદીઓ છપાવવાની રહેશે. આ મતદાર યાદીઓ છપાવવાની કાર્યવાહી પૅરા ૪ માં જણાવેલ તારીખો પહેલાં કરવાની રહેશે.

અ.નં.	જિલ્લાનું નામ	નગરપાલિકાનું નામ.	અ. નં.	જિલ્લાનું નામ	નગરપંચાયતનું નામ.
૧	૨	૩	૪	૫	૬
૧	જુનાગઢ	માંગરોળ	૧	અમદાવાદ	વસ્ત્રાલ
૨	રાજકોટ	જેતપુર-નવાગઢ	૨	અમદાવાદ	રામોલ,
			૩	અમદાવાદ	સરખેજ-ઓકાફ

આ આદેશ અનુસાર વૉર્ડવાર વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરી કાર્યક્રમ અનુસાર પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કરવા તથા આદેશ અનુસાર અમલ કરવા માટે મતદાર નોંધણી અધિકારી તથા મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓને સુચનાઓ આપવા તેમજ તેઓને આ આદેશની નકલો જિલ્લા મ્યુનિસિપલ ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મોકલવાની રહેશે.

આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચુંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ.

રાજ્ય ચુંટણી પંચ તરફથી રાજ્યની નગરપાલિકા/નગર પંચાયતોનાં સીમાંકનના આખરી આદેશો કરેલ છે જેની વૉર્ડવાર/વિભાગવાર મતદાર યાદીઓ તૈયાર કરવાની છે તે નગરપાલિકા/નગર પંચાયતોની યાદી.

અ.નં.	જીલ્લાનું નામ.	નગરપાલિકાના નામ.
૧	૨	૩
(૧)	કચ્છ	(૧) માડવી (૨) ભુજ (૩) ગાંધીધામ
(૨)	સુરેન્દ્રનગર	(૧) લીંબડી (૨) ધ્રાંગધ્રા.
(૩)	રાજકોટ	(૧) મોરબી (૨) વાંકાનેર (૩) ગોંડલ (૪) જેતપુર-નવાગઢ
(૪)	જામનગર	(૧) જામખંભાળીયા.
(૫)	જુનાગઢ	(૧) માંગરોળ (૨) પોરબંદર (૩) કેશોદ (૪) વેરાવળ-પાટણ (૫) જુનાગઢ.
(૬)	અમરેલી	(૧) અમરેલી (૨) બગસરા.

INDEX

૧	૨	૩
(૭)	ભાવનગર	(૧) મહુવા (૨) પાલીતાણા (૩) સાવરકુંડલા (૪) બોટાદ.
(૮)	અમદાવાદ	(૧) ધોળકા (૨) દહેગામ (૩) વિરમગામ
(૯)	મહેસાણા	(૧) કલોલ (૨) કડી (૩) મહેસાણા (૪) વિસનગર (૫) ઉંઝા (૬) સિધ્ધપુર (૭) પાટણ.
(૧૦)	બનાસકાંઠા	(૧) પાલનપુર (૨) ડીસા.
(૧૧)	સાબરકાંઠા	(૧) હિંમતનગર (૨) મોડાસા.
(૧૨)	પંચમહાલ	(૧) ગોધરા (૨) દાહોદ.
(૧૩)	ખેડા	(૧) કપડવંજ (૨) બોરસદ (૩) પેટલાદ (૪) ખંભાત (૫) આણંદ (૬) નડીયાદ (૭) ઉમરેઠ.
(૧૪)	વડોદરા	(૧) ડભોઈ (૨) પાદરા.
(૧૫)	ભરૂચ	(૧) જંબુસર (૨) ભરૂચ (૩) અંક્લેશ્વર (૪) રાજપીપળા.
(૧૬)	સુરત.	(૧) વ્યારા (૨) બારડોલી.
(૧૭)	વલસાડ.	(૧) નવસારી.

અ.નં.	જીલ્લાનું નામ.	નગર પંચાયતનું નામ.
(૧)	અમદાવાદ	(૧) વસ્ત્રાલ (૨) રામોલ (૩) સરખેજ-ઓકાફ.

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચુંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 440

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JANUARY 18, 1996/PAUSA 28, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ચાંદખેડા નગરપાલિકાના ચૂંટણી અધિકારી દ્વારા

ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ના નિયમ-૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારોના નામની જાહેરાતમાં સુધારો

સુધારા જાહેરાત

ચાંદખેડા નગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સીલરોના નામો તા. ૧૦/૧/૯૬ની જાહેરાતથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેમાં નીચે મૂજબ વાંચવા આ સુધારો કરવામાં આવે છે.

(૧) અ. નં. ૧૧ સામે કોલમ નં. ૬ માં "ભારતીય જનતા પક્ષ" એ મુજબ વાંચવું.

(૨) અ. નં. ૨૦ સામે કોલમ નં. ૪માં કરણસિંગ જગુભા જાડેજાને બદલે "કરણસિંગ જાગુભા જાડેજા" વાંચવું.

(૩) અ. નં. ૨૫ સામે કોલમ નં. ૫માં બી-૫/૭૭૫ ઓ. એન. જી. સી. કોલોની, ચાંદખેડાને બદલે "બી-૫/૭૦૫ ઓ. એન. જી. સી. કોલોની ચાંદખેડા" વાંચવું.

(સહી.) અવાચ્ય,
ચૂંટણી અધિકારી,
ચાંદખેડા નગરપાલિકા અને
નિવાસી નાયબ કલેક્ટર, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 441

REGISTERED NO. G/GNR/

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JANUARY 18, 1996/ PAUSA 28, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૬.

સરખેજ— ઓકાફ નગર પંચાયતની ચૂંટણી માટે સરખેજ-ઓકાફ નગરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી, અંગેના આખરી આદેશ......

ક્રમાંક : સનક/૨૮૧૪૭/સરખેજ-ઓકાફ/૯૬.— રાજ્ય ચૂંટણી પંચના તા. ૧૪-૧૨-૯૫ના જાહેરનામા ક્રમાંક : સમક/સરખેજ-ઓકાફ-૯૪ અન્વયે સરખેજ-ઓકાફ નગર પંચાયતની ચૂંટણી માટે નગરના વોર્ડોનું સીમાંકન તથા-અનામત બેઠકોની ફાળવણી અંગેના આદેશ જારી કરવામાં આવે છે. આ આદેશોનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેની સામે કોઈપણ વ્યકિતને જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫માં રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાનો હતા.

(૨) સરખેજ-ઓકાફ નગર પંચાયતની ચૂંટણી માટેના સરખેજ-ઓકાફ નગરના વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના આદેશ અન્વયે જુદી જુદી વ્યકિતઓ તથા રાજકીયપક્ષો તરફથી સુચનો કરવામાં આવ્યા છે.

(૩) આ ઉપરાંત ૧૯૫૧નો લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજ્ય ચૂંટણી પંચે કરેલા છે.

(૪) રાજ્ય ચૂંટણી પંચને મળેલ સૂચનાનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શને અંતે તે પરામર્શમાં થયેલ સુચનોના પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી અત્રેના તા. ૧૪-૧૨-૯૫ના મુસદ્દારૂપ આદેશ આખરી કરવા અંગે પંચે ઠરાવ્યું છે.

(૫) આથી રાજ્ય ચૂંટણી પંચ ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ક, ૨૪૩-વ.ક. તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ નાં રાજ્ય સરકારે ગુજરાત નગરપાલિકા (સુધારો) અધિનિયમ-૧૯૯૩ની કલમ-૭, પેટા-કલમ ૨, ખંડ-૩, પેટા ખંડ-ખ તથા ગુજરાત નગરપાલિકા (શહેરના વોર્ડોના સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ હેઠળની રૂએ સરખેજ- ઓકાફ નગરના વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે. અને આ સાથે જોડેલ અનુસૂચિ નં. ૨માં દર્શાવ્યા પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,
પો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ-ગાંધીનગર.

અનુસૂચિ નં. ૧

સરખેજ ઓકાફનગર પંચાયત, જિલ્લા અમદાવાદની વોર્ડવાર લત્તાવાર વિસ્તાર, ઘર નંબરની વિગત તથા હદનું વર્ણન દર્શાવતું પત્રક.

વોર્ડ નં. ૧:

વિસ્તાર:--પ્રિમીયર પસાભાઈનો વાડો ઈન્દીરાનગર, જનપથ પાછળના છાપરા, સાણંદરોડ ચોકડી, મિલન રેસ્ટોરંટ પાસે, યાકુબભાઈની ચાલી, શાંતીપુરા રોડ, મહારાજની હોટલ, બજાણીયાપરુ, પાંચા તળાવ, ધોળાકુવા, ઓ.એન.જી.સી. શારદા સો મીલ, એસ. કે. ટાઈલ્સ, શંકરપુરા, બાવળારોડ થાંભલાનું કારખાનું, ગોપાલ હોટલ પાછળ, બેદર તળાવ પરનાં છાપરાં, ઘેલજીપુરા, કૈલાસ તલાવડી પરના છાપરાં, સન્યાસ આશ્રમ, સપના પાસે વાડા વિસ્તાર, હાઈસ્કુલ પાછળ વાડા વિસ્તાર, ભવાની એસ્ટેટ, માઈકો પાસે, મેનકા પાછળ પુનીત કેમીકલ્સ.

ઘર નંબરની વિગત :

બ્લોક નંબર	ઘર નંબર
ઓકાફ ૪	૧ થી ૭૬
,, ૫	૧ થી ૧૦૩
,, ૬	૧ થી ૧૧૨
,, ૧૦	૧ થી ૭૭

હદનું વર્ણન :

સરખેજ સાણંદરોડ ત્રણ રસ્તાથી શરૂ કરી ઓકાફના સર્વે નં. ૩૯ થી પશ્ચિમ તરફ મકરબાની સરહદે જાગૃતિ વિદ્યાલય આગળ થઈ એરોમેક્ષ ફ્લરના કારખાનાની ઉત્તરે હદે આગળ પશ્ચિમ તરફ ગાંધીનગર રોડ ક્રોસ કરી નાગદેવ મંદીર કણજાય તળાવ ઓકાફ સર્વે નં. ૯૬ની પૂર્વ હદેથી મકરબાની હદે ઉત્તર તરફ સર્વે નં. ૯૯ ની ઉત્તર હદથી દક્ષિણ તરફ મકરબાંની સીમાડે આગળ વધી સરખેજના સર્વે નં. ૫૨૩ના ખૂણેથી પશ્ચિમ સીમાડે મકરબાની હદમાં આવેલ સમૃધ્ધ ડેરીની દક્ષિણ હદે સેડે રોડે આગળ વધી ઘેલજીપુરા થઈ પશ્ચિમ દિશા તરફ આગળ વધી મોજે શલા તથા મકરબાની સીમાડે સર્વે નં. ૪૭૧ થઈ દક્ષિણ તરફ શેલાના સીમાડે અડીને પૂર્વે સરહદે સર્વે નં. ૪૩૪ થઈ પૂર્વ તરફ આગળ વધી સર્વે નં. ૩૩૧ના પશ્ચિમ તરફના મોજે સનાથલના સીમાડે સીમાડે દક્ષિણ તરફ આગળ વધી સર્વે નં. ૧૦૪ની પૂર્વ તરફ ફતેહવાડીના સીમાડે સીમાડે ઉત્તર તરફ થઈ પૂર્વ તરફ આગળ વધી સરખેજ બાવળા નેશનલ હાઈવેથી સરખેજ ગામ તરફ ઉત્તર દીશાએ ગાંધીનગર રોડ ઉજાલા ચોકડી પાસે થઈ હોટલ ગોપાલને અડીને પૂર્વ તરફ શંકરપુરા થઈ રેલ્વે કવાટર્સ થઈ દક્ષિણ તરફ સરખેજ ગામ તરફના ધોળકા હાઈવેની પુર્વ તરફ માઈકો-ના દક્ષિણ ખુણેથી સપના પાછળના વાડા વિસ્તારની દક્ષિણ સરહદને અડીને પૂર્વ તરફ નીલકંઠનગર તથા કૈલાસનગરની ઉત્તર હદે અડીને મલકાણી તળાવની પાળની પશ્ચિમ સરહદે ઉત્તર તરફ ભવાની ટ્રેકટરના ઉત્તર તરફના ખુણાથી સાણંદ રોડ, ત્રણ રસ્તા તરફ,

વોર્ડ નં. ૨

વિસ્તાર : હબીબભાઈની ચાલી રાણા સોસાયટી, ગોલ્ડન રોડ, કપરકાબીનું કારખાનું, ટેકરાવાળો વાઘરીવાસ, ભરતનગર, મહંમદયાસીન સોસાયટી, મેઘા પારેખનો કુવો, તાજપીરનો ટેકરો, અંજુમનનગર, ભાઈજાનની ચાલી, સૈયદબાપુની ચાલી, ભાઈની હોટલ પાછળ, કૈલાસ નગરની સામે, નીલકંઠનગર, કૈલાસનગર.

ઘર નંબરની વિગત

બ્લોક નંબર	ઘર નંબર
ઓકાફ--૭	૧ થી ૯૪
,, --૮	૧ થી ૧૦૮
,, --૯	૧ થી ૧૬૭

હદનું વર્ણન

ઓકાફ સર્વે નં.--૩૮ ભાઈની હોટલ ઉત્તર તરફ મકરબાની સીમાડે સીમાડે દક્ષિણ હદે પૂર્વ તરફ ભાભાડામાં જવાના રસ્તે ઉત્તરે મકરબાના સીમાડો તથા પૂર્વ તરફ વ્યાસપુરના સીમાડે અડીને સરખેજના સર્વે નં. ૧૯ આગળ થઈ, દક્ષિણ પશ્ચિમ દીશાએ રામનાથ મહાદેવ તથા કોટેશ્વર મહાદેવના સર્વે નં. ૨ તથા સર્વે નં. ૭ની પશ્ચિમ હદથી આગળ વાઘરીવાસની પુર્વ હદે અડીને ઉત્તર તરફ ટેકરાવાળા વાઘરીવાસની દક્ષિણ હદે પશ્ચિમ તરફ ઓકાફના સર્વે નં. ૨૮ હબીબભાઈની ચાલીથી ગામતળની દક્ષિણ અડીને ગરનાળાથી દક્ષિણ દીશાએ એહમદમલવતની દુકાન આગળ લઈને મહંમદયાસીન સોસાયટી, મેઘા પારેખનો કુવો, ગામતળને અડીને ઉત્તર તરફ કૈલાસનગર તથા નીલકંઠનગરની દક્ષિણ સરહદને અડીને નીલકંઠનગરના પશ્ચિમ તરફના ખુણેથી પૂર્વ તરફ સપના ટોકીઝના વાડા દક્ષિણ હદે થઈને ઉત્તર તરફ મલકાણી તળાવણી પશ્ચિમ તરફની પાળે. ઉત્તર હદે સાણંદ ચોકડીની પૂર્વ તરફ શ્રી સર્વે નં. ૩૮ ભાઈની હોટલ સુધી.

વોર્ડ નં. ૩

વિસ્તાર : ઓકાફના ચોરા પાસેનો વિસ્તાર કુંભાર વાસ માળીવાસ ગોલવાડ ટીંબાવાસ, મકરબાનો વણકરવાસ, નાયક વાસ, વાઘરીવાસ સિપાઈવાસ, સિપાઈ મજીદ પાછળ, અલીભાઈની ચાલી, બાબુભાઈની ચાલી, આંબલીયોમાં, મહાદેવ જવાના રસ્તા, નાયક માઢ, અને રાવળવાસ,

ઘર નંબરની વિગત

બ્લોક નંબર	ઘર નંબર
સરખેજ--૯	૧ થી ૧૧૧
,, --૧૦	૧ થી ૧૨૩
,, --૧૧	૧ થી ૧૨૯
,, --૧૨	૧ થી ૧૧૭

INDEX

હદનું વર્ણન

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯ છઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૧૯૯૬.

વંચાણે લીધુ-- રાજય ચૂંટણી પંચના આદેશ નં. રાચપ/પચત/ચટણ/ચઅન/મહેસાણા/૯૫ તા. ૧૦--૪--૯૫

આદેશ

ક્રમાંક : રાચપ/પચત/ચટણ/ચઅન/તા.પં/કડી/૯૬.-- આમુખ--૧ માં જણાવેલ તા. ૧૦મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશથી મહેસાણા જીલ્લાની મહેસાણા જીલ્લા તથા તાલુકા પંચાયતના મતદાર વિભાગો માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની નિમુકિત કરવામાં આવેલ છે. તે અનુસાર સામાન્ય ચૂંટણીમાં નિયુકત કરેલ અધિકારીઓએ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે ફરજો બજાવેલ છે. હવે નીચે જણાવેલ તાલુકા પંચાયતના મતદાર વિભાગની પેટા ચૂંટણી યોજવાની હોવાથી કોલમ નં. ૪માં જણાવેલ અધિકારીઓની નિયુકિત ચૂંટણી અધિકારી તરીકે અને કોલમ નં. ૫ માં જણાવેલ અધિકારીની નિયુકિત મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે કરવા આદેશ કરવામાં આવે છે.

અ. નં.	તાલુકા પંચાયતનું નામ	તાલુકા મતદાર નંબર	પંચાયત વિભાગ નામ	નિયુકત કરેલ ચૂંટણી અધિકારીનો હોદ્દો	નિયુકત કરેલ મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો.
૧	૨		૩	૪	૫
(૧)	તા. પં. કડી	૯	ધુમાસણ	મામલતદારશ્રી, કડી	નાયબ મામલતદારશ્રી (પુરવઠા) મામલતદાર કચેરી કડી જી. મહેસાણા

આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 794

REGISTERED NO. G/GNR

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, DECEMBER 5, 1996/AGRAHAYANA 14, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, છઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન, ગાંધીનગર, ૫મી ડીસેમ્બર, ૧૯૯૬.

વંચાણે લીધુ.-- (૧) રાજ્ય ચૂંટણી પંચના આદેશ નં. રાચપ-પચત-ચટણ-ચઅન-પંચમહાલ-૯૫ તા. ૧૮-૪-૯૫

આદેશ

નં. રાચપ/પચત/ચટણ/ચઅન/પંચમહાલ/૯૬.-- આમુખ-૧માં જણાવેલ તા. ૧૮મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશથી પંચમહાલ જીલ્લાની પંચમહાલ જીલ્લા તથા તાલુકા પંચાયતોના મતદાર વિભાગો માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુક્તિ કરવામાં આવેલ છે. તે અનુસાર સામાન્ય ચૂંટણીમાં નિયુક્ત કરેલ અધિકારીઓએ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે ફરજો બજાવેલ છે. હવે નીચે જણાવેલ તાલુકા પંચાયતના મતદાર વિભાગની પેટા ચૂંટણી યોજવાની હોવાથી કોલમ નં. ૪માં જણાવેલ અધિકારીઓની નિયુક્તિ ચૂંટણી અધિકારી તરીકે અને કોલમ નં. ૫માં જણાવેલ અધિકારીની નિયુક્તિ મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે કરવા આદેશ કરવામાં આવે છે.

અ. નં.	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર	નામ	નિયુક્ત કરેલ ચૂંટણી અધિકારીનો હોદ્દો	નિયુક્ત કરેલ મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો
૧	૨	૩		૪	૫
(૧)	તા. પં. ગોધરા	૧૯	મોરવા (હ)	મામલતદારશ્રી, ગોધરા	નાયબ મામલતદાર (મહેસૂલ) મામલતદાર કચેરી ગોધરા
(૨)	"	૩૦	સારંગપુર	—સદર—	—સદર—

આદેશથી

એ. જે. દીક્ષિત,
સચિવ.
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ. ગાંધીનગર

INDEX

Extra No. 795

REGISTERED NO. G/GNR/12

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] FRIDAY, DECEMBER 6, 1996/ AGRAHAYANA 15, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

કલેકટર કચેરી, મહેસાણા તા. ૨જી ડીસેમ્બર, ૧૯૯૬.

નં. એમયુએન/વશી/૧/૪૭૧૦/૯૬.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની કલમ--૩૫(૧) હેઠળ મંજૂર થયેલ રાજીનામાંની પ્રસિધ્ધિ.

આથી જણાવવામાં આવે છે કે, મહેસાણા જિલ્લાની વડનગર નગરપાલિકાના પ્રમુખશ્રી ઠાકોર કપુરજી ચેહાંજીએ તા. ૧૬મી નવેમ્બર, ૧૯૯૬ ના રીપોર્ટથી સ્વૈચ્છિક રાજીનામું આપતાં તે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની કલમ--૩૫(૧) હેઠળની જોગવાઈઓ મુજબ તા. ૧૬મી નવેમ્બર, ૧૯૯૬ ના અમારા હુકમથી મંજૂર કરવામાં આવેલ છે.

એ કે. શર્મા
કલેકટર, મહેસાણા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No 796

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] SATURDAY, DECEMBER 7, 1996/ AGRAHAYANA 16, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજય ચૂંટણી પંચ

બ્લોક નં ૯, છઠ્ઠો માળ

સરદાર પટેલ ભવન

ગાંધીનગર, તા. ૩જી ડીસેમ્બર, ૧૯૯૬.

વંચાણે લીધું:—

(૧) આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/ન. પા/ચઅનં//૯૪, તા. ૧૮--૬--૯૪.

(૨) આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/ન. પા./ચઅન/૯૪, તા. ૧૨-૧૦-૯૪.

(૩) આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/ન. પા. ન. પં./ચઅન/૯૫, તા. ૨૧--૯--૯૫.

આદેશ

ક્રમાંક : રાચપ/ચટણ/ન. પા. / ન. પં./ચઅન/૯૬--૨.—રાજય ચૂંટણી પંચ તરફથી આમુખ ૧ થી ૩ માં જણાવેલ આદેશો અને તેમ થયેલ સુધારા આદેશોથી નગરપાલિકા/નગરપંચાયતોની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુકિત કરવામાં આવેલ છે.

તા. ૧૮--૬--૯૪ તથા ૧૨-૧૦-૯૪ તથા ૨૧-૯-૯૫ના આદેશો સાથેની અનુસૂચિના કોલમ નં. ૩ માં જણાવેલ નીચેની નગરપાલિકા નગરપંચાયત માટેના કોલમ નં. ૪ તથા ૫ માં જલાવેલ નિયુકત કરેલ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીઓને બદલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૯૩ ની કલમ ૬(૪) અને ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ના નિયમ--૪(૧) સાથે વાંચતાં ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (વ)-(ક) અન્વયે મળેલ સત્તાની રુઇએ રાજયચૂંટણી પંચ કોલમ--૩ માં જણાવેલ નગરપાલિકા/નગરપંચાયતની તેની સામે જણાવેલ સામાન્ય તથા પેટા ચૂંટણી માટે કોલમ નં. ૪ માં જણાવેલ અધિકારીઓને ચૂંટણી અધિકારી તરીકે તથા કોલમ નં. ૫ માં જણાવેલ અધિકારીને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિયુકત કરવા આદેશ કરે છે.

આ આદેશ ફક્ત કોલમ નં. ૩ માં જણાવેલ નગરપાલિકા/નગર પંચાયતની સામાન્ય અને પેટા ચૂંટણી પૂરતો જ અમલમાં રહેશે.

અ. નં.	જીલ્લાનુ નામ	નગર પાલિકા/ નગર પંચાયતનું નામ	સા.પેટા ચૂંટણી યોજવાની છે તેની વિગત		નિયુક્ત કરેલ ચૂંટણી અધિકારીનો હોદ્દો	નિયુક્ત કરેલ મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો.
			ચૂંટણીનો પ્રકાર	વોર્ડ નંબર		
૧	૨		૩	૪	૪	૫
૧.	કચ્છ	માંડવી	સામાન્ય	તમામ વોર્ડ	નાયબ કલેક્ટર, ભૂજ	મામલતદાર, માંડવી.
૨.	ભરુચ	અંકલેશ્વર	પેટા	વો.નં. ૪	નાયબ કલેક્ટર, ભરુચ.	મામલતદાર, અંકલેશ્વર
૩.	ભરુચ	રાજપીપળા	,,	વો. નં. ૨	નાયબ કલેક્ટર, રાજપીપળા	મામલતદાર, નાંદોદ
૪.	મહેસાણા	સિધ્ધપુર	,,	વો. નં. ૬	નાયબ કલેક્ટર, પાટણ	મામલતદાર, સિધ્ધપુર.
૫.	મહેસાણા	પાટણ	,,	વો. નં. ૧	નાયબ કલેક્ટર, પાટણ	મામલતદાર, પાટણ
૬.	ખેડા	આણંદ	,,	વો. નં. ૩	નાયબ કલેક્ટર, આણંદ	મામલતદાર, આણંદ (શહેર)
૭.	ખેડા	ડાકોર ન. પં.	,,	વો. નં. ૬	નાયબ કલેક્ટર, આણંદ	મામલતદાર, ઠાસરા.
૮.	સાબરકાંઠા	ઈડર ન. પં.	,,	૧	નાયબ કલેક્ટર, હિંમતનગર	મામલતદાર, ઈડર.
૯.	પંચમહાલ	કલોલ ન. પં.	સામાન્ય	તમામ	નાયબ કલેક્ટર, ગોધરા	મામલતદાર, કાલોલ.
૧૦.	અમરેલી	કોડીનાર ન. પા.	,,	,,	નાયબ કલેક્ટર, રાજુલા	મામલતદાર, કોડીનાર
૧૧.	રાજકોટ	રૈયા ન. પા.	,,	,,	નાયબ કલેક્ટર, રાજકોટ	મામલતદાર, રાજકોટ (ગ્રામ્ય)
૧૨.	રાજકોટ	મવડી ન. પં.	,,	,,	નાયબ કલેક્ટર, શહેરી જમીન ટોચ મર્યાદા, રાજકોટ.	મામલતદાર, શહેરી જમીન ટોચ મર્યાદા, રાજકોટ.
૧૩.	રાજકોટ	નાનામવા ન. પં.	,,	,,	સુપર એન્ડ ન્યુમરી આસી. કલેક્ટર, રાજકોટ.	મામલતદાર, રાજકોટ (શહેર)

આદેશથી,

પો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 797

REGISTERED NO.G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] SATURDAY, DECEMBER 7, 1996/AGRAHAYANA 16, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I- I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, છઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગર, છઠ્ઠી ડીસેમ્બર, ૧૯૯૬.

વંચાણે લીધુ.-- રાજય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ-પચત-ચટણ-ચઅન-વલસાડ-૯૫ તા. ૨૫--૪--૯૫.

આદેશ

નં. રાચપ/પચત/ચટણ/ચઅન/વલસાડ/૯૬.-- આમુખ--૧માં જણાવેલ તા. ૨૫મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશથી વલસાડ જીલ્લાની વલસાડ જીલ્લા તથા તાલુકા પંચાયતોના મતદાર વિભાગો માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુકિત કરવામાં આવેલ છે. જેમાં ૫--બીગીરી--૧ તાલુકા પંચાયત ગણદેવી મતદાર ખંડ માટે ચૂંટણી અધિકારી તરીકે તાલુકા વિકાસ અધિકારીશ્રી (મીન દબાણ) જી. પં. વલસાડ અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નાયબ ચીટનીસ શ્રી મહેસુલ શાખા જીલ્લા પંચાયત, વલસાડ કચેરી, વલસાડની નિમણૂંક કરવામાં આવેલ છે. જેના બદલે ૫-બીગરી-- તાલુકા પંચાયત ગણદેવી મતદાર મંડળની પેટા ચૂંટણી માટે કોલમ નં. ૪માં જણાવેલ અધિકારીની નિયુકિત ચૂંટણી અધિકારી તરીકે અને કોલમ નં. ૫માં જણાવેલ અધિકારીની નિયુકિત મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે કરવા આદેશ કરવામાં આવે છે.

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	તાલુકા મતદાર નંબર	પંચાયત વિભાગ નામ	નિયુકત કરેલ ચૂંટણી અધિકારીનો હોદ્દો	નિયુકત કરેલ મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો
૧	૨		૩	૪	૫
(૧)	ગણદેવી	૫	બીગરી--૧	મામલતદારશ્રી, ગણદેવી	નાયબ મામલતદારશ્રી (મહેસૂલ) મામલતદાર કચેરી ગણદેવી.

આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

IV-C-Ex. 797-1

INDEX

Extra No. 798 REGISTERED NO. G/GNR/3

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] SATURDAY, DECEMBER 7, 1996/AGRAHAYANA 16, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯ છઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ડીસેમ્બર, ૧૯૯૬.

વંચાણે લીધું.-- રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક :રાચપ/પચત/ચટણ/ચઅન/ભરૂચ/૯૫ તા. ૧૫--૪--૯૫.

આદેશ

નં. રાચપ/પચત/ચટણ/ચઅન/ભરૂચ/૯૬.-- આમુખ-૧માં જણાવેલ તા. ૧૫મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશથી ભરૂચ જીલ્લાની ભરૂચ જીલ્લા તથા તાલુકા પંચાયતોના મતદાર વિભાગો માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુક્તિ કરવામાં આવેલ છે. જેમાં ૧૦--કરમાડ તાલુકા પંચાયત ભરૂચ મતદાર મંડળ માટે ચૂંટણી અધિકારી તરીકે તાલુકા વિકાસ અધિકારીશ્રી ભરૂચ અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નાયબ ચીટનીશશ્રી તાલુકા પંચાયત ભરૂચ તથા વિસ્તરણ અધિકારી શ્રી (પંચાયત) તાલુકા પંચાયત કચેરી ભરૂચની નિમણૂંક કરવામાં આવેલ છે. જેના બદલે ૧૦--કરમાડ તાલુકા પંચાયત ભરૂચ મતદાર મંડળની પેટા ચૂંટણી માટે કોલમ નં. ૪માં જણાવેલ અધિકારીની નિયુક્તિ ચૂંટણી અધિકારી તરીકે અને કોલમ નં. ૫માં જણાવેલ અધિકારીની નિયુક્તિ મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે કરવા આદેશ કરવામાં આવે છે.

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	તાલુકા મતદાર નંબર	પંચાયત વિભાગ નામ	નિયુક્ત કરેલ ચૂંટણી અધિકારીનો હોદ્દો	નિયુક્ત કરેલ મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો
૧	૨	૩		૪	૫
૧.	ભરૂચ	૧૦	કરમાડ	મામલતદારશ્રી ભરૂચ	નાયબ મામલતદાર (મહેસુલ) મામલતદાર કચેરી, ભરૂચ.

આદેશથી,

પો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

IV-C-Ex.-798-1

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

Extra-799 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] SATURDAY, DECEMBER 7, 1996/AGRAHAYANA 16, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, છઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગર, છઠ્ઠી, ડીસેમ્બર, ૧૯૯૬.

વંચાણે લીધું.– રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક:રાચપ/ચટણ/ચઅન/વડોદરા/૯૫, તા. ૨૭-૪-૯૫.

આદેશ

નં. રાચપ/પચત/ચટણ/ચઅન/વડોદરા/૯૬.- આમુખ-૧માં જણાવેલ તા. ૨૭મી એપ્રિલ, ૧૯૯૫ના આદેશથી વડોદરા જીલ્લાની વડોદરા જીલ્લા તથા તાલુકા પંચાયતોના મતદાર વિભાગો માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુકિત કરવામાં આવેલ છે. જેમાં ૧૫ મુવાલ તાલુકા પંચાયત પાદરા મતદાર મંડળ માટે ચૂંટણી અધિકારી તરીકે તાલુકા વિકાસ અધિકારી પાદરા અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે સર્કલ ઓફીસરશ્રી પાદરા તથા મદદનીશ તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત કચેરી પાદરાની નિમણૂંક કરવામાં આવેલ છે. જેના બદલે ૧૫ મુવાલ તાલુકા પંચાયત મતદાર મંડળની પેટા ચૂંટણી માટે કોલમ નં. ૪માં જણાવેલ અધિકારીની નિયુકિત અધિકારી તરીકે અને કોલમ નં. ૫માં જણાવેલ અધિકારીની નિયુકિત મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે કરવા આદેશ કરવામાં આવે છે.

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	તાલુકા મતદાર પંચાયત વિભાગ નંબર	નામ	નિયુક્ત કરેલ ચૂંટણી અધિકારીનો હોદ્દો	નિયુક્ત કરેલ મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો
૧	૨		૩	૪	૫
૧.	પાદરા	૧૫	મુવાલ	મામલતદારશ્રી પાદરા	નાયબ મામલતદારશ્રી (મહેસૂલ) મામલતદાર કચેરી, પાદરા.

આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 800 REGISTERED NO. G/GNR/3

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] SATURDAY, DECEMBER 7, 1996/AGRAHAYANA 16, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય,
બ્લોક નં. ૯, છઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર, છઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૬.

વંચાણે લીધું : રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક: રાચપ/ચટણ/પચત/ચઅન/વલસાડ/૯૬--તા. ૨૫--૪--૯૫,

આ દે શ

નં. રાચપ/પચત/ચટણ/ચઅન/વલસાડ/૯૬.—આમુખ--૧માં જણાવેલ તા. ૨૫--૪--૧૯૯૫ના આદેશથી વલસાડ જિલ્લાની વલસાડ જિલ્લા તથા તાલુકા પંચાયતોના મતદાર વિભાગો માટે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુકિત કરવામાં આવેલ છે. જેમાં ૩૦--તિસ્કરીતલાટ તાલુકા પંચાયત ધરમપુર મતદાર મંડળ માટે ચૂંટણી અધિકારી તરીકે અધિક. તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધરમપુર અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે વિસ્તરણ અધિકારીશ્રી (ઉદ્યોગ) તાલુકા પંચાયત ધરમપુરની નિમણૂંક કરવામાં આવેલ છે. જેના બદલે ૩૦--તિસ્કરીતલાટ તાલુકા પંચાયત ધરમપુર મતદાર મંડળની પેટા ચૂંટણી માટે કોલમ નં. ૪માં જણાવેલ અધિકારીની નિયુકિત ચૂંટણી અધિકારી તરીકે અને કોલમ નં. ૫માં જણાવેલ અધિકારીની નિયુકિત મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે કરવા આદેશ કરવામાં આવે છે.

અ.નં.	તાલુકા પંચાયતનું નામ.	તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર	નામ	નિયુકત કરેલી ચૂંટણી અધિકારીનો હોદ્દો.	નિયુકત કરેલ મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો.
૧	૨	૩		૪	૫
૧.	ધરમપુર.	૩૦	તિસ્કરીતલાટ	મામલતદારશ્રી, ધરમપુર.	નાયબ મામલતદાર (મહેસુલ) મામલતદાર કચેરી, ધરમપુર.

આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 801

REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] SATURDAY, DECEMBER 7, 1996 / AGRAHAYANA 16, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

નં. રાચપ/ચટણ/પચત/સચલ/૯૬

રાજ્ય ચૂંટણી પંચની કચેરી

નવા સચિવાલય, ગાંધીનગર, તા. ૪થી ડિસેમ્બર, ૧૯૯૬.

પરિપત્ર

વિષય :-<u>જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ</u> ચૂંટણી અધિકારી તરફથી કરેલ પૂર્વ તૈયારી તથા આયોજન કરવા તથા તેની ચકાસણી બાબત.

રાજ્યના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીઓને જણાવવામાં આવે છે કે,

(૧) રાજ્ય ચૂંટણી પંચ તરફથી રાજ્યની જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓ માટે ચૂંટણી માટેની સૂચનાઓનો પરિપત્ર સંગ્રહ ૧૯૯૫નાં મે માસમાં બહાર પાડેલ. ત્યારબાદ

પરિપત્રો/આદેશો/પત્રો દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીઓને તેમજ જિલ્લા/તાલુકા પંચાયતોના ચૂંટણી અધિકારીઓ તેમજ ગ્રામ પંચાયતોના ચૂંટણી અધિકારીઓને જે તે સમયે સૂચનાઓ આપવામાં આવેલ છે. જેમાં ચૂંટણી અધિકારીઓએ તબક્કાવાર કરવાની કાર્યવાહીની વિગતોનો સમાવેશ પણ થાય છે.

(૨) રાજ્ય ચૂંટણી પંચ તરફથી ચૂંટણી અધિકારીઓ તરફથી કરવામાં આવેલ તૈયારીની સમીક્ષા કરવા માટે જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ યોજવામાં આવેલ ત્યારે ચેકલિસ્ટ મોકલી તેમાં જણાવેલ મુદ્દાઓ મુજબ કરેલ તૈયારી/વ્યવસ્થાની મુદ્દાવાર વિગતો મેળવવા અને સમીક્ષા કરવા જિલ્લા કલેક્ટરશ્રીઓને જણાવવામાં આવેલ છે.

૩(૧) રાજ્ય ચૂંટણી પંચ તરફથી ઉપર જણાવેલ અગાઉથી મોકલેલ ચેકલિસ્ટના મુદ્દાઓમાં જરૂરી ફેરફાર કરી તેને બદલે પુનઃ ચેકલિસ્ટ તૈયાર કરેલ છે જે આ સાથે સામેલ રાખેલ છે. જેને અનુસૂચિ નં. ૧ આપેલ છે. તો અગાઉ મોકલેલ ચેકલિસ્ટ રદ ગણવા અને આ સાથે સામેલ રાખેલ ચેકલિસ્ટ મુજબ જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાતી હોય ત્યારે ચૂંટણી અધિકારીઓ તરફથી કરવામાં આવેલ ચૂંટણીની તૈયારીની સમીક્ષા કરવાની રહેશે.

૩(૨) આ ઉપરાંત જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની સામાન્ય/પેટા ચૂંટણી સમયે ચૂંટણી અધિકારીઓએ ચૂંટણીની નોટીસ બહાર પાડવાની તારીખથી ચૂંટણી પૂરી થઈ ચૂંટાયેલા સભ્યોના નામોની જાહેરાત/પ્રસિદ્ધિ થાય ત્યાં સુધી પૂર્વ તૈયારીનું આયોજન તથા વ્યવસ્થા ગોઠવવા અંગેના તબક્કાવાર કાર્યવાહી કરવાના મુદ્દાઓની નોંધ આ સાથે સામેલ રાખેલ છે. જેને અનુસૂચિ નં. ૨ આપેલ છે. તેમાં જણાવેલ મુદ્દાઓ મુજબ જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાતી હોય ત્યારે ચૂંટણી અધિકારીઓ તરફથી કરવામાં આવેલ ચૂંટણીની તૈયારીની સમીક્ષા કરવાની રહેશે.

ઉપર પેરા ૩(૧) તથા ૩(૨) માં જણાવેલ ચેકલિસ્ટ તથા ચૂંટણીની પૂર્વ તૈયારીનું

INDEX

આયોજન તથા વ્યવસ્થા ગોઠવવા અંગેની તબક્કાવાર કાર્યવાહી કરવાના મુદ્દાઓ અનુસાર તેમાં જરૂરી ફેરફાર કરી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ રાજ્ય ચૂંટણી પંચના અધિકારી તરીકે જીલ્લાની ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજાતી હોય ત્યારે ચૂંટણી અધિકારીઓ તરફથી કરવામાં આવેલ તૈયારીની સમીક્ષા કરવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કીકરે છે.

૪) આ ઉપરાંત જીલ્લાની ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી યોજવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે ત્યારે રાજ્ય ચૂંટણી પંચના અધિકારી તરીકે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ આ સાથેના મુદ્દાઓ પ્રમાણે ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી માટે ની પૂર્વ તૈયારી તથા આયોજન કરવા અંગેના મુદ્દાઓ પ્રમાણે વ્યવસ્થા ગોઠવવાની રહેશે અને તે માટે સંબંધકર્તા ગ્રામ પંચાયતોના ચૂંટણી અધિકારીઓને પણ જરૂરી સૂચનાઓ આપી તેઓ પાસેથી જરૂરી વિગતો મેળવી પૂર્વ તૈયારી માટેની કરવામાં આવેલ વ્યવસ્થાની વિગતો મેળવવાની રહેશે. આ મુદ્દાઓને અનુસુચિ નં. ૩ આપેલ છે.

૫) ઉપર પેરા-૩ તથા ૪ માં જણાવ્યા પ્રમાણે ચેકલિસ્ટ તથા ચૂંટણીના આયોજન તથા પૂર્વતૈયારી માટેના મુદ્દાઓની નોંધ મુજબ જીલ્લા/તાલુકા પંચાયતોનાં મતદાર વિભાગોનાં ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારી તથા સંબંધકર્તા તાલુકા મામલતદાર/તાલુકા વિકાસઅધિકારીઓની સંયુક્ત બેઠક અવાર-નવાર બોલાવવા અને છેલ્લી બેઠક ચૂંટણીની તારીખના સાત દિવસ અગાઉ બોલાવવા અને બેઠકમાં કરવામાં આવેલ સમીક્ષાની મુદ્દાવાર કાર્યવાહી નોંધ રાજ્ય ચૂંટણી પંચને સંબંધકર્તા જીલ્લા કલેકટરશ્રીઓએ મોકલવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

૬) રાજ્ય ચૂંટણી પંચ તરફથી નક્કી કરવામાં આવેલ ચેકલિસ્ટ તથા ચૂંટણીની પૂર્વતૈયારી તથા આયોજન અંગેના મુદ્દાઓ અંગે ચૂંટણી અધિકારીઓ તરફથી કરેલ કાર્યવાહી/વ્યવસ્થાની વિગતો ચૂંટણી અધિકારીઓ પાસેથી અલગ-અલગ મેળવવા અને તેની નકલો જીલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગવાર રાજ્ય ચૂંટણી પંચને મોકલવા જીલ્લા કલેકટરશ્રીઓને ખાસ વિનંતી કરવામાં આવે છે. આ જ પ્રમાણે ગ્રામ પંચાયતોના વોર્ડવાર અને સરપંચની બેઠક માટે પણ અલગ-અલગ ચેકલિસ્ટના મુદ્દાઓ તથા ચુંટણીની પૂર્વ તૈયારી તથા આયોજન અંગેના મુદ્દાઓ અંગે ચુંટણી અધિકારીઓ તરફથી કરેલ કાર્યવાહી વ્યવસ્થાની વિગતો જીલ્લા કલેકટરશ્રીઓએ મેળવવાનું નક્કી કરવામાં આવે છે.

(સહી)

(પી. જે. દીક્ષિત)
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ નં. ૧

રાજયની જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચુંટણીની ચુંટણી અધિકારીઓ તરફથી કરેલ પૂર્વ તૈયારીની ચકાસણીનું ચેકલીસ્ટ.

---

૧. ડીસ્ટ્રીકટ ઈન્ફરમેટીકસ ઓફિસરને જરૂરી માહિતી આપી કોમ્પ્યુટરમાં ફીડ થઈ ગઈ ? જેવી કે જીલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગમાં સમાવિષ્ટ તમામ ગામોના પુરુષ, સ્ત્રી અને કુલ મતદારોના આંકડા, સર્વિસ મતદારોનાં પુરુષ, સ્ત્રી, કુલના આંકડા હરીફ ઉમેદવારોની યાદી નમુના નં.૭ મુજબના ફોર્મમાં બેઠકના પ્રકાર તથા ઉમેદવારોના નામ, સાથેની વિગતો ફીડ થઈ ?

હરીફ ઉમેદવારોની યાદી ચેકલીસ્ટ સાથે રાખવી.

જીલ્લા પંચાયતનું નામ :-

તાલુકા પંચાયતનું નામ :-

મતદાર વિભાગનાં નંબર તથા નામ :-

બેઠકનો પ્રકાર :-

મતદારોની સંખ્યા :-

	પુરુષ	સ્ત્રી	કુલ
સામાન્ય મતદારો			
સર્વિસ મતદારો			

૨.૧) જીલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોની સામાન્ય/પેટા ચુંટણી યોજવાની છે તેના તમામ મતદાન મથકો જોઈ લીધા ?

૨.૨) મતદાન મથકના સ્થળમાં કોઈ ફેરફાર ની જરૂર નથી તેની ખાત્રી કરી ?

૨.૩) જો ફેરફાર કરવા સરખો જણાય તો જે તે મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામોનાં મતદાન મથકોમાં ફેરફાર માટે ની દરખાસ્ત જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીને મોકલી રાજય ચુંટણી પંચની પૂર્વ મંજુરી મેળવવાની કાર્યવાહી કરવી જેની પ્રસિધ્ધિ ગુજરાત પંચાયત ચુંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ ૮(૨) અનુસાર સંબંધકર્તા કચેરી/સ્થળોએ કરવામાં આવી ?

૩. જીલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ તમામ ગામોના મતદાન મથકો માટે મતદાન ટુકડીની (પોલીંગ સ્ટાફની) નિમણૂંક થઈ ?

મતદાન મથકોની સંખ્યા	પ્રમુખ અધિકારી ની સંખ્યા	પોલીંગ અધિકારી ની સંખ્યા	પટાવાળાની સંખ્યા

૧. કેટલા પ્રમુખ અધિકારીશ્રી મતદાનમથકો પર ફરજ માટે નિયુકત કર્યા સંખ્યા જણાવો.

૨. રીઝર્વ સ્ટાફની નિમણૂંક કરી? સંખ્યા જણાવો.

૩. માર્ગદર્શક પ્રમુખ અધિકારીશ્રી કેટલા મતદાન મથકો માટે નિમ્યા? સંખ્યા જણાવો.

	૧.	૨.	૩.	૪.
૪. રૂટ ઓફિસરો નિમ્યા ? કેટલા.				
૫. ઝોનલ અધિકારીઓ/સેક્ટર મેજીસ્ટ્રેટ નિમ્યા ? કેટલા.				

૪.૧) વિધાનસભા/લોકસભા ચુંટણીમાં ઉપયોગમાં લેવાતી લોખંડની મતપેટીઓની જરુરીયાત મતદાન મથકોની સંખ્યાના પ્રમાણમાં નકકી કરી મતદાન મથકોની સંખ્યા દર્શાવવી.

૨) કેટલી મતપેટીઓની જરુરીયાત છે ? તેની સંખ્યા પૈકી

૧. મોટી સાઈઝની મતપેટીઓની સંખ્યા.

૨. નાની સાઈઝની મતપેટીઓની સંખ્યા.

૩. જરુરીયાત મુજબની તાલુકા કક્ષાએ મતપેટીઓની ઉપલબ્ધિ છે ?

૪. મતપેટીની ચકાસણી કરી, મતપેટીઓ સાફ કરાવી ? ઓઈલીંગ કરાવી.

	મતદાન મથકોની સંખ્યા	જરુરીયાત	ઉપલબ્ધી
૫. મતદાન સમયે ઉપયોગમાં લેવા માટે મતદાન મથકોએ આપવાની નીચેની સામગ્રી માટેની જરુરીયાત નકકી કરી તેની ઉપલબ્ધિની ખાતરી કરી			

૧) અવિલોપ્યશાહીની બોટલો.

૨) પેપરસીલ

૩) એરોક્રોસ માર્કના રબ્બરના સિકકાઓ

૪) મતદાન સમયે મતપેટી/પરબીડીયાને સીલ કરવા માટેના રાજય ચુંટણીપંચના પિત્તળના બ્રાસ સીલ.

૫) ચુંટણી અધિકારીના પિત્તળનાં બ્રાસ સીલ.

૬) રાજય ચુંટણી પંચે મતપત્રો પાછળ મારવાના નકકી કરેલ રબ્બરના વિશિષ્ટતાદર્શક સિકકાઓ.

૬. ઉમેદવારી પાછી ખેંચનારા ઉમેદવારોને ડીપોઝીટની રકમ રીફંડ આપી ?

૭. બીન હરીફ જાહેર થયેલા ઉમેદવારોને ડીપોઝીટની રકમ રીફંડ આપી ?

૮. મતદાન ટુકડી માટેની સામગ્રી મતદાન મથકવાર તૈયાર કરાવી ?

૯. જીલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ ગામોનાં તમામ મતદાન મથકો માટેની મતદારયાદીની પાંચ વર્કીંગ કોપી તૈયાર કરાવી ?

૧૦. ૧) ચુંટણી માટે નિયુકત કરેલ પોલીંગ
સ્ટાફને નિયુકિતના હુકમ પહોંચાડયા?
૨) મતદાન મથકના પ્રમુખ અધિકારીઓને
રાજય ચુંટણી પંચ તરફથી બહાર પાડેલ
જીલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતની ચુંટણી
માટે મતદાન મથકના પ્રમુખ અધિકારીઓ
માટેની પુસ્તિકા પુરી પાડી ?
૩) ચુંટણી માટે નિયુકત કરેલ પોલીંગ
સ્ટાફના કર્મચારીઓ/અધિકારીઓને
નિયુકિતના હુકમ સાથે ટપાલમતપત્ર
માટે ઠરેલ નમુના નં. ૧૩ ની અરજીનાં
ફોર્મો /નમુનાઓ તથા ચુંટણી ફરજ
પ્રમાણપત્ર માટે ઠરેલ નમુના નં.૧૪ ના
અરજીના ફોર્મો/નમુનાઓ આપ્યા ?

૧૧. પોલીંગ સ્ટાફને તાલીમ આપવા માટે
કેટલા તાલીમ વર્ગ યોજયા ?
૧. બીજા તાલીમ વર્ગમાં ચુંટણી ફરજ
પ્રમાણપત્ર માટેની નમુના નં.૧૪ના
ફોર્મમાં તથા ટપાલ મતપત્રમાંટે
ઠરેલ નમુના નં. ૧૩ના ફોર્મમાં
અરજી મેળવી ?
૨. પોલીસ કર્મચારી/અધિકારીઓને
પણ તેઓની ફરજ અંગે તાલીમ આપી
તેઓને પણ ચુંટણી ફરજ પ્રમાણપત્ર માટે
નમુના નં. ૧૪ ની અરજીના ફોર્મના
નમુના તથા ટપાલમતપત્ર માટે ઠરેલ
નમુના નં. ૧૩ની અરજી ના ફોર્મના
નમુના આપ્યા ?

૧૨.૧. ચુંટણી માટે નિયુકત કરેલ પોલીંગ
સ્ટાફના કર્મચારીઓ/અધિકારીઓ
તથા પોલીસ સ્ટાફના કર્મચારી/
અધિકારીઓ પૈકી કેટલા અધિકારી/
કર્મચારીઓ માટે નમુના નં.૧૫ મુજબ
ચુંટણી ફરજ પ્રમાણપત્ર તૈયાર કરાવ્યાં ?
સંબંધકર્તા કર્મચારીઓ/અધિકારીઓને
પ્રમાણપત્રો પહોંચાડયા ?
૨. ટપાલથી મત આપતા કર્મચારી/
અધિકારીઓને ટપાલ મતપત્રો
મોકલ્યા ? નમુના નં.૧૬, ૧૯ તથા
નમુના નં. ૧૭ તથા ૧૮ ના ફોર્મ તથા
પરબીડીયાં મોકલ્યા ?

INDEX

૧૩. ચુંટણી ફરજ પ્રમાણપત્રની તથા ટપાલ મતપત્રો મોકલેલ મતદારોના નામો સામે જીલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામો પૈકી જે તે ગામોની મતદારયાદીની વર્કીંગ કોપીમાં તે માટેની નોંધ રાખી ?

૧૪. ગુજરાત પંચાયત ચુંટણી નિયમો-૧૯૯૪ ના નિયમ-૨૫, ૨૬, ૨૮ તથા ૨૯ અનુસાર ટપાલ દ્વારા મત આપવા હકકદાર વ્યકિતઓને રાજય ચુંટણી પંચે નકકી કરેલ નમુના અનુસાર ટપાલ મતપત્રો (પોસ્ટલ બેલેટ પેપરો) તૈયાર કરાવી નમુના નં. ૧૬, ૧૯ ના ફોર્મો તથા નમુના નં. ૧૭ તથા ૧૮ અનુસાર કવરો સાથે ટપાલપત્રો મોકલવા કાર્યવાહી કરી.

૧) આવી કેટલી વ્યકિતઓને ટપાલ મતપત્રો કઈ તારીખે મોકલ્યા ?

૧૫. ખાનગી પ્રેસમાં/સરકારી પ્રેસમાં છપાવેલ જીલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગ વાર મતપત્રો મતદાન મથકવાર ધોરણ મુજબ જુદા કરી સ્ટ્રોંગરુમમાં મુકાવ્યા?

૧૬. મતદાનના આગલા દિવસે મતદાન મથકો એ પોલીંગ પાર્ટીને આપવાની સામગ્રી લેવા માટે પ્રમુખ અધિકારી/મદદનીશ પ્રમુખ અધિકારી/પટાવાળા તથા અન્ય કામગીરી માટે નિયુકત કરેલ અધિકારી/કર્મચારીઓને ડીસ્પેચીંગ સેન્ટર પર હાજર રહેવાનું સ્થળ તથા સમય જણાવ્યો. ?

૧૭. મતદાન ટુકડીને આપવાની સાધનસામગ્રી મતપત્રો વિગેરેની રવાનગી ડીલીવરી માટે કેટલા ટેબલ ગોઠવ્યા ? આ કામગીરી માટે ટેબલવાર આપવાની સાધનસામગ્રી તેમજ કર્મચારી/અધિકારી ઓની નિયુકિતનાં આદેશો કર્યા ? કઈ તારીખે આદેશો કર્યા ? આદેશો સંબંધકર્તાને પહોંચાડયા ?

૧૮. મતદાન ટુકડીની રવાનગી માટે પરિવહન ની એટલે કે વાહનોની વ્યવસ્થા કરી તેમજ કેટલા રુટ નકકી કર્યા રુટવાર વાહનની ફાળવણી/વાહન નકકી કરી તેની જાણ સંબંધકર્તા અધિકારીઓને તથા સંબંધકર્તા મતદાન મથકના પ્રમુખ અધિકારી તથા પોલીંગ સ્ટાફને કરી ?

INDEX

૧૯. પ્રમુખ અધિકારીશ્રી અને પહેલા મતદાન અધિકારીશ્રી તથા પટાવાળાએ મતદાનનાં આગલા દિવસે મતદાનમથક માટેની સામગ્રી લેવા નક્કી કરેલ સ્થળે હાજર રહેશે. જ્યારે બીજા પોલિંગ ઓફીસરો તથા પોલીસવાળા જે તે મતદાન મથકોએ મતદાનના આગલા દિવસે હાજર રહેશે તેવી સ્પષ્ટ સૂચનાઓ સંબંધકર્તાઓને આપી ?

૨૦ મતદાન મથકે ફરનીચર, લાઈટ,પાણીની વ્યવસ્થા કરી ?

૨૧. મતદાન મથકના સ્થળે મતદાન મથકનો વિસ્તાર દર્શાવતી નોટિસો તથા નમુના નં. ૭ મુજબની હરીફ ઉમેદવારોની યાદી તથા મતદાનનો સમય તથા મતદારે આપવાના મતની સંખ્યા દર્શાવતી નોટિસો તૈયાર કરાવી તેની પ્રસિધ્ધિ જીલ્લા/ તાલુકા પંચાયતના મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામોનાં જે તે મતદાન મથકોએ મતદાનના આગળના દિવસે કરવા પ્રમુખ અધિકારીઓને સૂચના આપી ?

૨૨. મતદાનના આગલા દિવસે તથા મતદાનનાં દિવસે રુટ ઈન્સ્પેકટર/ઝોનલ ઓફીસરની ફરજ અંગે તેઓને સમજુતી આપી ? તેઓએ કરેલ કામગીરીનો અહેવાલ નમુના નં. ૧૨ ૧૩, ૧૪ નાફોર્મમાં જે તે દિવસે સુપ્રત કરવા જણાવ્યું. ?

૧) તેઓ માત્ર ફર્યા ન કરે તેની ખાસ તકેદારી રાખવી.

૨૩. મતદાન ટુકડીને ચુકવવાની મહેનતાણાની રકમ ઉપાડવા તથા ચુકવવા માટે વ્યવસ્થા કરી ? રકમની ગણતરી કરી ?

૨૪. મતદાન પુરું થયા બાદ પ્રમુખ અધિકારીશ્રી નિશ્ચિત વાહન દ્વારા સીલબંધ મતપેટીઓ તથા અન્ય સામગ્રી સાથે જ જવાબદાર અધિકારીની સાથે જ પાછા ફરશે તેવી સુચના પ્રમુખ અધિકારીને આપી ?

૨૫. રીસીવીંગ સેન્ટર પર મતપેટી વૈધાનિક પરબીડીયાં તથા અન્ય સામગ્રી સ્વીકારવા વ્યવસ્થા કરી ? કેટલા ટેબલો ગોઠવ્યા ? આ કામગીરી માટે અધિકારી/કર્મચારીઓની નિયુક્તિ કરી ?

INDEX

૨૬. રાજય ચુંટણી પંચનું સીક્રેટ સીલ જે
પરબીડીયા પર જીલ્લા/તાલુકા પંચાયત
મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામોના
મતદાન મથકવાર લગાવવાના છે તેના
પર સીક્રેટ સીલ લગાવવા જવાબદારી
સોંપી ? આ કામગીરી માટે અધિકારી/
કર્મચારી/પટાવાળાની નિયુક્તિ કરી ?

૨૭. જીલ્લા/તાલુકા પંચાયતના મતદાન
વિભાગવાર તથા તેમાં સમાવિષ્ટ ગામોના
મતદાન મથકવાર મતદાનના આંકડા પુરુષ
સ્ત્રી, કુલ મતદાન મથકના પ્રમુખ અધિકારી
શ્રી પાસેથી તેની ચોકસાઈ કરી
મેળવવા જવાબદારી સોંપી ? આ માટે
અધિકારી/કર્મચારીની નિયુક્તિનાં
આદેશ કર્યા ?

૨૮. પ્રમુખ અધિકારીશ્રીએ સામાન્ય મતપત્રોનાં
તૈયાર કરેલા હિસાબોની ચકાસણી કરવા
જવાબદારી સોંપી ?

૨૯. સ્ટ્રોંગરુમમાં સીલબંધ મતપેટીઓ મતદાર વિભાગવાર
મતપત્રોના હિસાબના/મતપેટીના હિસાબના
પરબીડીયાં, મતદાનના આંકડા તથા ટકાવારી
જે તે મતદાન મથકની પેટી સાથે
સ્ટ્રોંગરુમમાં મુકવાની વ્યવસ્થા કરી ?

૩૦. ઉમેદવાર કે તેમના ચુંટણી એજન્ટ સ્ટ્રોંગરુમ
ને સીલ કરવા માંગતા હોય, તો તેમો
સીલ કરી શકે છે તેવી જાણ સંબંધકર્તા ઉમેદવાર/
ચુંટણી એજન્ટને કરી ?

૩૧. જીલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગો
ની મત ગણતરી માટે નક્કી કરેલ સ્થળ,
તારીખ અને સમય દર્શાવતી નમુના નં.૨૪
મુજબ ની લેખિત નોટિસ ઉમેદવાર અગર
તેમના ચુંટણી એજન્ટને આપવામાં આવી ?

૩૨. જીલ્લા/તાલુકા પંચાયતોના મતદાર
વિભાગમાં સમાવિષ્ટ ગામોના મતદાન
મથકોએ નિયુક્ત થનાર પોલીંગ એજન્ટ જે તે
ગામના રહીશ અને મતદાર હોય તેની જ
નિયુક્તિ પોલિંગ એજન્ટ તરીકે થઈ શકશે
તેવી સુચના સંબંધકર્તા મતદાર વિભાગનાં
ઉમેદવારો/ચુંટણી એજન્ટોને આપી, અને
તેની ચકાસણી કરવાની તકેદારી રાખવા
પ્રમુખ અધિકારીઓને જાણ કરી ?

INDEX

૨) મત ગણતરી સમયે જે તે મતદાર વિભાગની મત ગણતરી દરમ્યાન જે તે મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામો પૈકીનાં કોઈ ગામના રહીશ અને મતદાર હોય તેવી જ વ્યકિત મત ગણતરી એજન્ટ તરીકે નિયુકત થઈ શકશે તેવી સુચના સંબંધકર્તા જીલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોનાં ઉમેદવારો/ચુંટણી એજન્ટોને આપી અને તેની ચકાસણી કરવાની ચુંટણી અધિકારીએ તકેદારી રાખવી.

૩૩. તેવી જ રાજય ચુંટણી પંચે નકકી કર્યા પ્રમાણે મતદાનના આગળના દિવસે તથા મતદાનના દિવસે મતદાન પુરું થાય ત્યાં સુધીનાં સમય ગાળા દરમ્યાન વીડીયોગ્રાફી કરાવવાની વ્યવસ્થા ગોઠવી ?

૩૪. જીલ્લા/તાલુકા પંચાયતોનાં મતદાર વિભાગોમાં સમાવિષ્ટ ગામોનાં સંવેદનશીલ મતદાન મથકોએ તથા અન્ય મતદાન મથકોએ પુરતો પોલિસ બંદોબસ્ત ગોઠવવાની વ્યવસ્થા સ્થાનિક પોલિસ અધિકારીઓ સાથે પરામર્શ કરીને કરી ?

૩૫. મત ગણતરી માટે નકકી કરેલ સ્થળે તેમજ તેની આજુબાજુના વિસ્તારમાં સુલેહશાંતિ માટે મત ગણતરી શરુ થાય અને પુરી થાય ત્યાં સુધીના સમય માટે પુરતા પોલિસ બંદોબસ્તની વ્યવસ્થા વિભાગીય અગર સ્થાનિક પોલિસ અધિકારીઓ સાથે પરામર્શ કરીને કરી ?

૩૬. મતદાન પુરું થયા બાદ પરત આવેલ સીલબંધ મતપેટીઓ તથા અન્ય સામગ્રી સ્ટ્રોંગરુમમાં સીલ કરી મુકવવામાં આવેલ હોય તે સ્થળે ચોવીસ કલાક માટે પોલિસ ગાર્ડની, તથા લાઈટની સગવડ ન હોય તો લાઈટની વ્યવસ્થા ગોઠવી ?

૩૭. મતગણતરી એજન્ટની નિયુકિતની અરજી બે પ્રતોમાં નમુના નં. ૨૫ માં નિયુકત થનાર મત ગણતરી એજન્ટના પાસપોર્ટ સાઈઝના બે ફોટા સાથે રજુ કરવા સંબંધકર્તા જીલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગના ઉમેદવાર/ચુંટણી એજન્ટને લેખિતમાં જાણ કરી ?

૩૮. જીલ્લા/તાલુકા પંચાયતોની એકી સાથે ચુંટણી યોજાયેલ હોય તો....

1) જીલ્લા/તાલુકા પંચાયતોનાં મતદાર વિભાગોની મત ગણતરી જુદી જુદી કરવા માટે જે તે ચુંટણી અધિકારી ઓનો સંપર્ક સાધી જુદી જુદી વ્યવસ્થા ગોઠવવી.
2) આ માટે જુદા જુદા કેટલા ટેબલો ગોઠવવામાં આવેલ છે ?
3) જીલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગો/વિભાગની મત ગણતરી માટે કેટલા ટેબલો ગોઠવશો ?
4) જીલ્લાની તાલુકા પંચાયતોનાં કયા કયા મતદાર વિભાગોની મત ગણતરી એકી સાથે કરશો ? તે નકકી કર્યું ?
5) દરેક મતદાર વિભાગ માટે કેટલા ટેબલો ગોઠવવામાં આવેલ છે ?

૩૯. મત ગણતરી સ્ટાફની નિયુક્તિ કરી ? તેમજ મત ગણતરી સ્ટાફને તાલીમ આપી ?

૪૦. મત ગણતરી સંચાલનના ભાગરૂપે રૂમ અધિકારીશ્રી, સીલીંગ કરનાર અધિકારી શ્રી તરીકે ફરજ બજાવવાની જવાબદારી સોંપી ? તથા તેઓના મદદનીશ નકકી કર્યા ? આ બાબતમાં આદેશ કર્યા ?

૪૧. ગુજરાત પંચાયત ચુંટણી નિયમો-૧૯૯૪ નિયમ -૬૦ અનુસાર મત ગણતરી સમયે મતપત્રો માન્ય/અમાન્ય રાખવાનો નિર્ણય લેવા માટે રાજય ચુંટણી પંચે તૈયાર કરેલ પુસ્તિકાનો અભ્યાસ કર્યો અને તે પુસ્તિકા ની સમજુતી મત ગણતરી માટે નિયુકત સ્ટાફને તાલીમ વર્ગમાં આપી ?

૪૨. મત ગણતરી હોલપર જે તે મતદાર વિભાગની બેઠકના હરીફ ઉમેદવારોના વર્ગ સંબંધી કોઈ વિવાદ ઉપસ્થિત ન થાય તે માટે નીચેનું સાહિત્ય સાથે રાખવા વ્યવસ્થા કરી ?

1) મૂળ ઉમેદવારીપત્ર
2) ઉમેદવારીપત્ર સાથે રજુ થયેલ જાતિ અંગેના પ્રમાણપત્ર
3) ઉમેદવારીપત્ર રજુ કરતી વખતે ડીપોઝીટ ભર્યાની પહોંચની સ્થળપ્રત.

૪૩. મતગણતરી પુરી થયે પરિણામ જાહેર કરવા અંગે ચુંટણી અધિકારીશ્રીને સમજ સ્પષ્ટ છે.

૧) ગુજરાત પંચાયત ચુંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૫૮(૧૦) તથા ૬૦(૭) મુજબ આખરી પરિણામપત્રક તૈયાર કરવા નમુના નં.૨૭ ને બદલે ૨૭(ક) ના નમુનારુપ મુસદ્દા તૈયાર કરાવ્યા ?

૨) ગુજરાત પંચાયત ચુંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૬૩(૧) મુજબ ચુંટાયેલા સભ્યો જાહેર કરવા નમુના નં.૨૮(ક) ના નમુનારુપ મુસદ્દા તૈયાર કરાવ્યા ?

૩) ચુંટાયેલા જાહેર થયેલા ઉમેદવારોની નિયમ-૬૩ મુજબ નમુના નં.૨૮(ક) સંબંધિત સ્થળે કચેરીએ પ્રસિધ્ધ કરવાની નોંધ રાખી ?

૪૪. જીલ્લા/તાલુકાપંચાયતોનાં દરેક મતદાર વિભાગોની મત ગણતરીની કાર્યવાહી નોંધ માં મત ગણતરી શરુ કર્યાથી ચુંટણી પરિણામ જાહેર કરવા સુધીના સમય દરમ્યાન મત ગણતરી હોલમાં બનેલા તમામ બનાવોની વિગતો કાર્યવાહી નોંધમાં કરવાની રહેશે. બનેલ બનાવ, થયેલ શરુઆતનો સમય દર્શાવીને નોંધ કરવાની છે તે અંગે ચુંટણી અધિકારીશ્રી સ્પષ્ટ છે ?

૪૫. મત ગણતરીની કાર્યવાહી નોંધને સીલ્ડ કવરમાં સીલ કરવાની કામગીરીથી ચુંટણી અધિકારીશ્રી સ્પષ્ટ છે ? આવી કાર્યવાહી નોંધ દરેક મતદાર વિભાગ માટે અલગ અલગ તૈયાર કરવાની છે તેની નોંધ રાખી ?

૪૬. મત ગણતરીની કાર્યવાહી નોંધ પર ઉમેદવાર કે તેમના ચુંટણી એજન્ટ પણ સહી કરી શકે છે તેની જાણ કરી ?

૪૭. અન્ય અગત્યના મુદ્દાઓ :-

અનુસુચિ નં.૨

રાજ્યની જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી માટેની પૂર્વતૈયારીનું આયોજન તથા વ્યવસ્થા ગોઠવવા અંગેના તબક્કાવાર કાર્યવાહી કરવાના જરુરી અને મહત્વના મુદ્દાઓની વિગત

(૧)તા. - -૧૯૯ ના રોજ ચૂંટણી યોજવામાં આવનાર છે તે જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચૂંટણી અધિકારીઓ તરફથી તા. - -૧૯૯ ના રોજ જાહેર નોટીસ નમુના નં.૩ માં પૂરી વિગતો દર્શાવી બહાર પાડી તેની પ્રસિધ્ધિ કરવામાં આવે અને તેની નકલો રાજ્ય ચૂંટણી પંચને મોકલવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવું.

(૨)તા. - -૧૯૯ થી તા. - -૧૯૯ સુધી દરરોજ ભરાયેલા/રજુ થયેલ ઉમેદવારી પત્રોની જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગવાર અલગ અલગ વિગત દર્શાવતા પત્રકો નમુના નં.૪(ક)માં પૂરી વિગતો સાથે ચૂંટણી અધિકારી પાસેથી મેળવી રાજ્ય ચૂંટણી પંચને મોકલવા અને તેની નકલો ફેકસ ધ્વારા પણ મોકલવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવું.

(૩)ઉમેદવારીપત્રોની ચકાસણીને અંતે કયા કયા ઉમેદવારનાં કેટલા ઉમેદવારીપત્રો નામંજુર કરેલ છે તેની વિગત ચૂંટણી અધિકારીઓ પાસેથી મેળવી જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગવાર અલગ અલગ નિવેદન તા. - -૧૯૯ ના રોજ રાજ્ય ચૂંટણી પંચને મોકલવું તથા ફેકસ ધ્વારા પણ મોકલવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવું.

(૪)ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ માન્ય રહેલ ઉમેદવારીપત્રો ઉપરથી નમુના નં.૫ મુજબ માન્ય રીતે દરખાસ્ત કરેલા ઉમેદવારોની યાદી દરેક જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગવાર અલગ અલગ ચૂંટણી અધિકારીઓ પાસે તૈયાર કરાવવી અને તેની નકલો રાજ્ય ચૂંટણી પંચને તા. - -૧૯૯ ના રોજ નિવેદન સાથે મોકલવી તથા તેની નકલ ફેકસ ધ્વારા પણ મોકલવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવું ચકાસણી બાદ માન્ય રીતે નિર્દિષ્ટ ઉમેદવારોને પ્રતિક ફાળવવાની તારીખ તથા સમયની લેખિત જાણ કરવા ચૂંટણી અધિકારીને સૂચના આપવી.

(૫)ઉમેદવારી પાછી ખેંચવાની નક્કી કરેલ તારીખ અને સમય મર્યાદા અનુસાર એટલે કે તા: - -૧૯૯ ના રોજ કચેરી સમય દરમ્યાન તથા તા. - -૧૯૯ ના રોજ બપોરના ૩ વાગ્યા સુધી જે તે જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાંથી જે જે ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચેલ હોય તેનો દૈનિક અહેવાલ નમુના નં.૬(ક) મુજબ પત્રકરુપે દરેક જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગ માટે અલગ અલગ ચૂંટણી અધિકારીઓ પાસે તૈયાર કરાવવામાં આવે અને તેની નકલો તા. - -૧૯૯ તથા તા. - -૧૯૯ ના રોજ રાજ્ય ચૂંટણી પંચને નિવેદન સાથે મોકલવી તથા તેની નકલ ફેકસ ધ્વારા પણ મોકલવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવું.

(૬)ઉમેદવારી પાછી ખેંચવા નક્કી કરેલ તારીખ તથા સમય મર્યાદા અનુસાર નક્કી કરેલ સમય પુરો થયા પછી એટલે કે તા. - -૧૯૯ ના રોજ ૧૫-૦૦ કલાક પછી કચેરી સમય દરમ્યાન હરીફાઇમાં રહેલ હરીફ ઉમેદવારોને પ્રતિક ફાળવણી કરવા માટેની કાર્યવાહી કરવા અને રાજ્ય ચૂંટણી પંચ તરફથી નક્કી કરેલ પ્રતિકો જ હરીફ ઉમેદવારોને ફાળવવામાં આવે તેની ખાસ કાળજી રાખવા ચૂંટણી અધિકારીઓને જણાવવું. અને કયા ઉમેદવારને કયું પ્રતિક ફાળવેલ છે તેનું જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગવાર અલગ અલગ ઉમેદવારદીઠ ફાળવેલ પ્રતિકની વિગતનું પત્રક નીચેના નમુના પ્રમાણે ચૂંટણી અધિકારીશ્રી પાસેથી મેળવી ફેકસ તેમજ નિવેદન ધ્વારા રાજ્ય ચૂંટણી પંચને તા. - -૧૯૯ ના રોજ મોકલવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવું.

.................જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીમાં ઉમેદવારોને ફાળવેલ પ્રતિકની વિગત બતાવતું પત્રક :-

જિલ્લા/તાલુકા પંચાયતનું નામ	મતદાર વિભાગનો નંબર	મતદાર વિભાગનો નામ	બેઠકનો પ્રકાર	હરિફ ઉમેદવારનું નામ તથા સરનામું	હરિફ ઉમેદવારનો વર્ગ
૧	૨	૩	૪	૫	૬

કયા પક્ષના ઉમેદવાર છે તેની વિગત	હરિફ ઉમેદવારે ભરેલ ડીપોઝીટની રકમ	હરિફ ઉમેદવારે ઉમેદવારીપત્રમાં માગણી કરેલ પ્રતિકોનીવિગત	હરિફ ઉમેદવાર માટે રાજકીય પક્ષ તરફથી પક્ષના ઉમેદવાર તરીકે સ્વીકૃતિ આપેલ છે કે નહી તેની વિગત	ચૂંટણી અધિકારી તરફથી હરિફ ઉમેદવારને ફાળવેલ પ્રતિકની વિગત
૭	૮	૯	૧૦	૧૧

(૭)હરીફાઇમાં રહેલ ઉમેદવારોની યાદી નમુના નંબર.૭ અનુસાર જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગ માટે અલગ અલગ રાજ્ય ચૂંટણી પંચ તરફથી પરિપત્રક્રમાંક-રાચપ-ચટણ-પચત-હરફ-૯૫ તા:૨૧-૪-૧૯૯૫ થી આપેલ સુચનાઓ અનુસાર તૈયાર કરાવવા અને તેમાં જે તે ઉમેદવારને નિયમ ૧૧ અનુસાર પ્રતિક ફાળવણી કરવા અને હરીફ ઉમેદવારની યાદીના કોલમ નં.૪માં ઉમેદવારને ફાળવેલ પ્રતિકનું નામ જણાવવાનું ખાસ ધ્યાન રાખવા ચૂંટણી અધિકારીઓને સૂચના આપવામાં આવે છે તથા તા:૨૧-૪-૯૫ના પરિપત્ર અનુસાર હરીફ ઉમેદવારોના વર્ગ તથા પક્ષની વિગતનું પત્રક તૈયાર કરી પત્રક તથા હરિફ ઉમેદવારની યાદીની બે પ્રતો રાજ્ય ચૂંટણી પંચને નિવેદન સાથે મોકલવા તથા તેની નકલ ફેકસ ધ્વારા પણ મોકલવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવા જિલ્લા કલેકટરશ્રીઓને જણાવવામાં આવે છે.

(૮)હરીફ ઉમેદવારોની નમુના નં.૭ની યાદી સાથે ચૂંટણી અધિકારી અગર મદદનીશ ચૂંટણી અધિકારીને મતપત્રો છપાવવા માટે રાજ્ય ચુંટણી પંચે નકકી કરેલ સરકારી પ્રેસોમાં રુબરુમાં તા. - -૧૯૯ નારોજ સાંજે સાત વાગ્યા સુધીમાં અગર તા. - -૧૯૯ ના રોજ ૧૧-૦૦ કલાક પહેલા હાજર રહેવા અને સરકારી પ્રેસના મેનેજરશ્રીને મળી મતપત્રો છપાવવા માટેનું પ્રુફ ચૂંટણી અધિકારી તરફથી પોતે જાતે મંજુર કરવામાં આવે તેની ખાસ નોંધ રાખવાની સુચના સબંધકર્તા ચૂંટણી અધિકારીને આપવા જિલ્લા કલેકટરશ્રીઓને ખાસ વિનંતી કરવામાં આવે છે.સર્વોસ મતદારોના મતપત્રો સરકારી પ્રેસમાં છપાવવાના થતા હોય તો તે છપાવી તા. - -૧૯૯ ના રોજ ડીલીવરી મેળવી તા. - -૧૯૯ ના રોજ સબંધકર્તાઓને રવાના કરવા ચૂંટણી અધિકારીઓને સુચના આપવી.

(૯)(૧)હરીફ ઉમેદવારની યાદી અનુસાર મતપત્રો રાજ્ય ચુંટણી પંચે નકકી કરેલ સરકારી પ્રેસોમાં છપાવવાની કાર્યવાહી તુર્ત જ હાથ ધરવા માટે ચૂંટણી અધિકારીઓને જણાવવા જિલ્લા કલેકટરશ્રીઓને જણાવવામાં આવે છે.કયા સરકારી પ્રેસમાં મતપત્રોનું છાપકામ કરવાનું છે તેની વિગત રાજ્ય ચૂંટણી પંચ પાસેથી અગાઉથી મેળવી લેવાની ખાસ નોંધ રાખવાની છે.

INDEX

૯(૨) રાજ્ય ચૂંટણી પંચે નક્કી કરેલ સરકારી પ્રેસમાં મતપત્રો છપાય તેની ચકાસણી કરાવી મતપત્રોની ડીલીવરી પ્રેસમાંથી લેવા તથા પોલીસ બંદોબસ્ત સાથે મતપત્રો જે તે તાલુકા મામલતદાર કચેરી ખાતે લાવવાની અને તેને મતદાનની તારીખ સુધી સુરક્ષિત સ્થળે રાખવાની જિલ્લા કલેકટરશ્રીઓએ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. શક્ય હોય ત્યાં સુધી સરકારી પ્રેસમાં છપાયેલ મતપત્રો જિલ્લા/પેટા તિજોરીના સ્ટ્રોંગ રૂમમાં જ રાખવામાં આવે તે હિતાવહ છે આ બાબતે રાજ્ય ચુંટણી પંચના આદેશક્રમાંક-રાચપ-ચટણ-પચત-મપછ-૯૬ તા:૨૯-૧૦-૧૯૯૬ થી આપવામાં આવેલ સુચનાઓનું ખાસ ધ્યાન રાખવા ચૂંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ સૂચના આપવાની રહેશે.

(૧૦) મતદાન માટે મતદાન મથકોએ ઉપયોગમાં લેવાની રાજ્ય ચૂંટણી પંચે નક્કી કરેલ નીચે મુજબની સાધનસામગ્રી સમયસર મેળવી આ સાધન સામગ્રી ચૂંટણી અધિકારીઓ પાસે ઉપલબ્ધ ન હોય તો તેની ઉપલબ્ધી કરી ચૂંટણી અધિકારીઓને તાત્કાલિક પૂરી પાડવાની વ્યવસ્થા કલેકટર કચેરી તરફથી કરવાની રહેશે અને આ સાધનસામગ્રી ચૂંટણી અધિકારીઓ પોતાના હાથ ઉપર રાખે તેવી ચૂંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ સુચના આપવાની રહેશે આ અંગેની માહીતી નીચેના નમૂનામાં પત્રક રૂપે કલેકટર કચેરી તરફથી તૈયાર કરી પત્રકની નકલ રાજ્ય ચૂંટણી પંચને જિલ્લા કલેકટરશ્રીઓએ મોકલવાની રહેશે.

સામગ્રીની વિગત	જરુરિયાતનું પ્રમાણ	મતદાન મથકોની સંખ્યા	જરુરિયાત	ઉપલબ્ધી
(૧) અ) મતપેટીઓ મોટીસાઇઝ	દરેક મતદાન મથકે બે પ્રમાણે			
બ) મતપેટીઓ નાનીસાઇઝ	દરેક મતદાન મથકે એક પ્રમાણે			
(૨) અવિલોપ્ય શાહીની બોટલો	દરેક મતદાન મથકે બે પ્રમાણે			
(૩) પેપરસીલ	દરેક મતદાન મથકે ત્રણથી પાંચ પ્રમાણે			
(૪) એરોક્રોસમાર્કના રબ્બરના સિક્કાઓ	દરેક મતદાન મથકે ત્રણ પ્રમાણે			
(૫) મતદાન સમયે મતપેટી તથા પરબીડીયાઓ સીલ કરવા માટેના રાજ્યચૂંટણી પંચના સીલ	દરેક મતદાન મથકે એક પ્રમાણે			
(૬) ચૂંટણી અધિકારીના બ્રાસસીલ	દરેક ચૂંટણી અધિકારી માટે બે પ્રમાણે			
(૭) રાજ્ય ચુંટણી પંચે મતપત્રો પાછળ મારવાના નક્કી કરેલ રબ્બરના વિશિષ્ટતાદર્શક સિક્કાઓ	દરેક મતદાન મથકે એક પ્રમાણે			

(૧૧) મતદાન સમયે મતદારોની આંગળી ઉપર નિશાની કરવા માટે અવિલોપ્ય શાહીની બોટલોની જરુરિયાત પ્રમાણે વ્યવસ્થા કરેલ નહી હશે તો ચૂંટણી અધિકારીઓનો સંપર્ક સાધી અવિલોપ્ય શાહીની જરુરિયાત મુજબની બોટલો મંગાવવા/મેળવવાની કાર્યવાહી જિલ્લા કલેકટરશ્રીઓને જિલ્લા કક્ષાએ કરવાની રહેશે અને સબંધકર્તા ચૂંટણી અધિકારીઓને જરુરિયાત અનુસાર પહોંચાડવાની કલેકટર કચેરી તરફથી કાર્યવાહી કરવાની રહેશે આ શાહીની બોટલો નીચેની કંપની પાસેથી કંપનીને ૫૦ ટકા રકમ એડવાન્સમાં મોકલીને મંગાવવાની રહેશે. અને કંપની સાથે અંગ્રેજીમાં પત્રવ્યવહાર કલેકટર કચેરી તરફથી કરવાનો રહેશે.

માર્કેટીંગ મેનેજર

માયસોર પેઇન્ટસ એન્ડ વારનીશ લીમીટેડ

પેઇન્ટ હાઉસ પોસ્ટ બોક્ષ નં. ૮૨

તિલકનગર

માયસોર ૫૭૦૦૧૫

(૧૨)જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની સામાન્ય/પેટા ચૂંટણી માટે મતદાન સારુ પોલીંગ સ્ટાફની નિયુકતી કરવા, પોલીંગ સ્ટાફને તાલીમ આપવા માટે તાલીમવર્ગની તારીખ નક્કી કરવાની તાત્કાલિક વ્યવસ્થા ગોઠવવાની રહેશે અને તે અનુસાર તાલીમ આપવા ચૂંટણી અધિકારીને જણાવવાનું રહેશે.આ અંગેની ચૂંટણી અધિકારીઓ પાસેથી નીચેના નમુનામાં પત્રક પ્રમાણે માહીતી મેળવી પત્રકની નકલો રાજ્ય ચૂંટણી પંચને જિલ્લા કલેકટરશ્રીઓએ મોકલવાની રહેશે.

પત્રકનો નમુનો

...................જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી સમયે પોલીંગ સ્ટાફ તરીકે નિયુકત કરેલ કર્મચારી/અધિકારીઓની વિગત બતાવતું પત્રક :-

અ.નં.	જિલ્લા પંચાયત નું નામ	તાલુકા પંચાયત નું નામ	જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગની		કુલ મતદાન મથકોની સંખ્યા	રાખવામાં આવેલ પોલીંગ સ્ટાફની વિગત			રુટ સુપરવાઇઝર	ઝોનલ ઓફીસર
			નંબર	નામ		પ્રમુખ અધિકારી	પોલીંગ ઓફીસર	પટાવાળા		
૧	૨(૧)	૨(૨)	૩(૧)	૩(૨)	૪	૫	૬	૭	૮	૯

કુલ
અનામત રાખેલ સ્ટાફ
કુલ એકંદર સ્ટાફ

(૧૩)ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૨૫,૨૬,૨૭ અનુસાર જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચૂંટણી સમયે ટપાલ દ્વારા મત આપવા હકદાર વ્યકિતઓ, કાયદા હેઠળ નિવારક અટકાયત નીચે હોય તેવી વ્યકિતઓ તેમજ સર્વિસ વોટર્સ અને ચૂંટણી ફરજ માટે નિયુકત કરેલ અધિકારી/કર્મચારીઓને રાજ્ય ચૂંટણી પંચે નક્કી કરેલ નમુના અનુસાર ટપાલ મતપત્ર(પોસ્ટલ બેલેટ પેપરો) તૈયાર કરાવીને સમયસર મોકલવાના રહેશે અને ચૂંટણી ફરજ માટે નિયુકત કરેલ અધિકારી/કર્મચારીઓને ચૂંટણી ફરજ પ્રમાણપત્ર અગર પોસ્ટલ બેલેટ પેપર સમયસર નિયત નમુનામાં અરજીઓ મેળવીને પુરાં પાડવાની કાર્યવાહી કરવા ચૂંટણી અધિકારીઓને સુચના આપવા જિલ્લા કલેકટરશ્રીઓએ જણાવવાનું રહેશે.આ માટે સબંધકર્તા વ્યકિતઓને નમુના નં.૧૩,૧૪, ૧૫,૧૬,૧૭ના ફોર્મો તથા પરબીડીયાં તાત્કાલિક પુરાં પાડવાની વ્યવસ્થા ગોઠવવા ચૂંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ ખાસ સુચના આપવાની રહેશે.

(૧૪)મતદાન માટે પોલીંગ સ્ટાફને પુરી પાડવાની તમામ આવશ્યક સ્ટેશનરી,સાધનસામગ્રી,ફોર્મ પરબીડીયા વિગેરે તૈયાર રખાવવા અને મતદાનની તારીખ પહેલાં તેની ચકાસણી ચૂંટણી અધિકારી પાસે કરાવવી અને સાધનસામગ્રી ફોર્મ, પરબીડીયાં સ્ટેશનરી જરુરિયાત મુજબ પુરતા પ્રમાણમાં છે તેનો અહેવાલ તથા પ્રમાણપત્ર ચૂંટણી અધિકારીઓ પાસેથી જિલ્લા કલેકટરશ્રીઓએ મેળવવાનું રહેશે.

INDEX

(૧૫)પોલીંગ સ્ટાફને મતદાન મથકોએ પહોંચાડવા અને મતદાન પુરુ થએ સીલબંધ મતપેટીઓ સાથે પરત લાવવા માટે વાહનોની વ્યવસ્થા કરેલ નહી હશે તો, વાહનોની વ્યવસ્થા કરવાની તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવી અને તે માટે જરુર જણાએ સ્થાનિક સરકારી/અર્ધસરકારી કચેરીઓનાં તથા સંસ્થાઓનાં વાહનો સંપાદન કરવાની કાર્યવાહી કરવી અને સરકારી/અર્ધસરકારી કચેરીઓનાં/સંસ્થાઓના વાહનો ઉપલબ્ધ થાય તેમ ન હોય તો જ ખાનગી સંસ્થાઓના વાહનો સંપાદન કરવાની કાર્યવાહી હાથ ધરવા ચૂંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ સુચનાઓ આપવાની રહેશે.

(૧૬) મતદાનના આગલા દિવસે, મતદાન સ્ટાફની રવાનગી બાદ મતદાન મથકોએ મતદાન માટે થયેલ વ્યવસ્થાની ચકાસણી માટે તેમજ મતદાનના દિવસે મતદાન શરુ થયા બાદ મતદાનના આંકડા મેળવવા, મતદાન સ્ટાફને મહેનતાણું ચુકવવા, અને મતદાન પુરૂ થયેથી મતદાન સ્ટાફને સીલબંધ મતપેટી સાથે તાલુકા મથકે પરત લાવવાની કામગીરી માટે રૂટ ઇન્સ્પેકટર/ઝોનલ ઓફીસરની નિયુકતી કરવા અને તેઓ માટે વાહનની વ્યવસ્થા ગોઠવવાની કાર્યવાહી હાથ ધરવા ચૂંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ સુચનાઓ આપવી ચૂંટણી અધિકારી તરફથી આ બાબતમાં કરવામાં આવેલ હુકમોની નકલો રાજ્ય ચુંટણી પંચને મોકલવા ચૂંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ સુચના આપવાની રહેશે.

(૧૭)મતદાન પુરુ થયા બાદ મતદાન મથકોએથી આવેલ સીલબંધ પેટીઓ મતગણતરી માટે નકકી કરેલ સ્થળ/બિલ્ડીંગની નજીકમાં જ રાખવા અને તેની સુરક્ષિતતા માટે ૨૪ કલાક પોલીસ બંદોબસ્ત/ગાર્ડની વ્યવસ્થા ગોઠવવાની તથા ચોવીસ કલાક માટે લાઇટની વ્યવસ્થા કરવાની કાર્યવાહી હાથ ધરવા ચૂંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ સુચના આપવાની રહેશે.

(૧૮) જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગ/વિભાગોની મત ગણતરી માટેનું સ્થળ નકકી કરવા અને તેની જાણ ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૫૫ અનુસાર નિયત સમયમર્યાદામાં હરીફ ઉમેદવારોને અગર તેમનાં ચૂંટણી એજન્ટોને કરવા અને મતગણતરી માટે સ્ટાફની નિયુકતી કરવા અને તેની આગોતરી તૈયારી કરી રાખવા અને મતગણતરી માટે નિયુકત કરેલ સ્ટાફને તાલીમ આપવા માટે તાલીમવર્ગ રાખવાની વ્યવસ્થા કરવા અને તેની રાજ્ય ચૂંટણી પંચને જાણ કરવા માટે ચૂંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ સુચના આપવાની રહેશે.

આ અંગેની ચૂંટણી અધિકારીઓ પાસેથી નીચેના નમુનામાં પખવાડિક પ્રમાણે માહીતી મેળવી રાજ્ય ચુંટણી પંચને જિલ્લા કલેકટરશ્રીઓએ મોકલી આપવાની રહેશે.

પત્રકનો નમૂનો

...............જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય/પેટાચૂંટણી માટે નિયુકત કરેલ મતગણતરી સ્ટાફની વિગત બતાવતું પત્રક :-

અ.નં.	જિલ્લા પંચાયત નું નામ	તાલુકા પંચાયત નું નામ	જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગનો		મતગણતરી માટે નક્કી કરેલ સ્થળનું નામ	નક્કી કરેલ ટેબલો	નિયુકત કરેલ સ્ટાફની વિગત		
			નંબર	નામ			ગણતરી સુપરવાઇઝર	ગણતરી મદદનીશ	પટાવાળા
૧	૨(૧)	૨(૨)	૩(૧)	(૨)	૪	૫	૬(૧)	૬(૨)	૬(૩)

કુલ
અનામત સ્ટાફ તરીકે
કુલ એકંદર સ્ટાફ

અન્ય કામગીરી માટેના અધિકારી

કામગીરીનો પ્રકાર	અધિકારી/કર્મચારીઓની સંખ્યા	પટાવાળાની સંખ્યા
૭(૧)	૭(૨)	૭(૩)

કુલ
અનામત સ્ટાફ તરીકે
કુલ એકંદર સ્ટાફ

(૧૯) મતદાનની નક્કી કરેલ તારીખના આગલના દિવસે પોલીંગ સ્ટાફને મતદાન મથકોએ આપવાની સાધન સામગ્રી, મતપત્રો, મતપેટીઓ વિગેરેની વહેંચણી માટેની વ્યવસ્થા ગોઠવવા તેમજ મતદાન પુરુ થયા બાદ સીલબંધ મતપેટીઓ તથા અન્ય રેકર્ડ તથા સાધનસામગ્રી પરત મેળવવા અને તેને સુરક્ષિત રાખવા અને તે માટે જરુરી કર્મચારી/અધિકારીઓની નિયુકતી કરવા તથા તેઓએ કરવાની કામગીરીની ફાળવણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવા ચૂંટણી અધિકારીઓને સુચના આપવા તેમજ ચૂંટણી અધિકારીઓ તરફથી તેમજ આ બાબતમાં કરવામાં આવેલ હુકમોની નકલો રાજ્ય ચુંટણી પંચને મોકલવામાં આવે તેવી ચુંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ ખાસ સુચના આપવાની રહેશે.

(૨૦) જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગ/વિભાગોના મંજુર થયેલ મતદાન મથકો પૈકી સંવેદનશીલ તથા અતિ સંવેદનશીલ, મતદાન મથકોની વિગતો અગાઉથી એકત્રિત કરી જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગનાં આવાં મતદાન મથકોએ વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવા અને સંવેદનશીલ સિવાયના અન્ય તમામ મતદાન મથકોએ તેમજ મતગણતરી માટે નક્કી કરેલ સ્થળે તથા તેની આજુબાજુના વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવા માટે ચૂંટણી અધિકારી તથા જિલ્લાના તેમજ, વિભાગીય/સ્થાનિક પોલીસ અધિકારીઓ સાથે બેઠક રાખી તેની

સ્કીમ તૈયાર કરી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવે તેનું ખાસ ધ્યાન જિલ્લા કલેકટરશ્રીઓએ રાખવાનું રહેશે. જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગ/વિભાગોનાં મતદાન મથકોએ તથા મતગણતરી માટે નકકી કરેલ સ્થળોએ ગોઠવવામાં આવેલ પોલીસ બંદોબસ્તના સ્કીમની નકલ પોલીસ અધિકારીશ્રીઓ પાસેથી જિલ્લાના જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગવાર મેળવીને જિલ્લા કલેકટરશ્રીઓએ રાજ્ય ચુંટણી પંચને મોકલવાની રહેશે.

(૨૧)વિધાનસભા/લોકસભાની યોજાયેલ ચૂંટણીઓમાં રાજ્ય સરકાર તરફથી પોલીંગ/કાઉન્ટીંગ સ્ટાફને આપવા નકકી કરેલ મહેનતાણાના દરો મુજબ જિલ્લા/તાલુકા/ગ્રામપંચાયતોની સામાન્ય/પેટાચૂંટણી સમયે નિયુકત થયેલ પોલીંગ તથા કાઉન્ટીંગ સ્ટાફને ભથ્થા/મહેનતાણું ચુકવવા માટે રાજ્ય ચૂંટણી પંચે નકકી કરેલ છે આ બાબતમાં રાજ્ય ચૂંટણી પંચના પરિપત્રનંબર-રાચપ-ચટણ-૫૫ત-૯૬ તા.૨૪-૧૦-૧૯૯૬ નો બહાર પાડેલ છે તેમાં આપેલ સૂચનાઓ મુજબ પોલીંગ/કાઉન્ટીંગ સ્ટાફને ભથ્થા/મહેનતાણાની રકમો ચુકવવા માટે નાણાંની ઉપલબ્ધી કરવા અને નાણાંની સ્થળ ઉપર ચુકવણી કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા ચુંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ સુચનાઓ આપવાની રહેશે.

(૨૨)કોઇ મતદાર વિભાગની બેઠક ઉપર ઉમેદવાર બિનહરીફ ચૂંટાઇ આવે તો તેવા ઉમેદવારના પરિણામની જાહેરાત નિયમ ૨૨ અનુસાર ચૂંટણી અધિકારીએ નમુના નંબર.૧૨ અગર ૧૨(ક)માં કરવાની રહેશે અને તેની નકલો નિયમ ૨૨ અનુસાર જે તે કચેરીઓને પ્રસિધ્ધિ સારું મોકલવાની રહેશે અને તેની બે બે નકલો રાજ્ય ચુંટણી પંચને મોકલવાની નોંધ રાખવા ચુંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ સુચના આપવાની રહેશે.

(૨૩) જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગની હરીફાઇ થતાં ચુંટણી થયા બાદ ચુંટાયેલા ઉમેદવારોના પરિણામની જાહેરાત નિયમ ૬૩ અનુસાર નમુના નંબર.૨૮(ક)માં ચૂંટણી અધિકારીએ કરવાની રહેશે અને તેની નકલો નિયમ ૬૩ અનુસાર જે તે કચેરીઓને પ્રસિધ્ધિ સારું મોકલવાની રહેશે અને તેની બે બે નકલો રાજ્ય ચૂંટણી પંચને મોકલવાની નોંધ રાખવા ચૂંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ સુચના આપવાની રહેશે.

(૨૪)મતગણતરી માટેની જરુરી તૈયારી તથા વ્યવસ્થા રાજ્ય ચૂંટણી પંચ તરફથી બહાર પાડેલ પરિપત્ર અનુસાર કરવા માટે ચૂંટણી અધિકારીઓને જિલ્લા કલેકટરશ્રીઓએ જણાવવાનું રહેશે.

